Part - 10

## અધ્યાય - ૧૦

## અભિનય અને પાત્રવિધાન

પ્રકરણ (૧) નાયક-નાયિકા ભેદ

(૨) નાયક-નાયિકા વ્યવહાર

(૩) નાયક-નાયિકાનાં સહાયક તથા વિરોધી પાત્રો

(૪) ભૂમિકાવિધાન

(૫) નાટ્યાચાર્ય અને રંગશિલ્પીઓ

प्रકरण (१)

નાયક નાયિકા ભેદ

જેમાં નટ અથવા અભિનેતા ઉપર રામાદિ પાત્રોના રુપ, અવસ્થા, વ્યક્તિત્વ, વિગેરેનું આરોપણ કરવામાં આવે છે તે રુપક. રુપકમાં તે તે પાત્રના બાહ્ય દેખાવ, હાવભાવ વાગ્વ્યવહાર વર્તન તથા મનોવ્યાપારનું અનુકરણ કરીને અભિનય દ્વારા રંગમંચ ઉપર પ્રસ્તુતીકરણ કરવામાં આવે છે. નાટ્યકાર પોતાના નાટ્યની રચના એ પ્રમાણે કરે છે કે તેના આધારે નાટ્યપ્રયોક્તા અભિનેતાગણને, નટવૃંદને, નાટકના પાત્રોને અનુરુપ જે તે રુપ ધારણ કરાવી, તેમના દ્વારા વાચિક, આંગિક, સાત્વિક તથા આહાર્ય અભિનય કરાવી નાટ્યના મુખ્યાર્થને પ્રેક્ષકો સુધી લઇ જાય છે. નાટકમાં વર્ણિત જે ચરિત્રોના રુપ ધારણ કરી અથવા જેમની ભૂમિકા ગ્રહણ કરી અભિનેતાગણ અભિનય કરે છે તેને પાત્ર કહે છે. આમ અભિનય એ પાત્રવિશેષીકરણ વ્યાપારજ છે એમ નિ:શંકપણે કહી શકાય.

ભરતમુનિની પાત્રવિભાવના

નાટ્યમાં પાત્ર (નાયક-નાયિકા વિગેરે)નું મહત્વ અસાધારણ છે. તેને રજુ કરવાની કળા પણ અસાધારણ છે. આ મહત્વને ધ્યાનમાં રાખીને ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં 'સામાન્ય અભિનય' તેમજ 'પ્રકૃતિ વિચાર' અધ્યાય અંતર્ગત પાત્રવિધાનની વ્યાપક પરિકલ્પના કરી છે. આ વિધાન સમાનરુપે કલ્પનાશીલ કવિ (નાટ્યકાર) પ્રયોક્તા (નટ) તથા પ્રેક્ષક માટે ઉપયોગી છે. ભરતમુનિએ કરેલા પાત્રવિધાનના આધારે તેમની પાત્રવિભાવના આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.

(૧)

નાટકનાં મુખ્ય પાત્રો-નાયક અને નાયિકાની પસંદગી નાટકના ઇતિવૃત્ત અર્થાત્ કથાવસ્તુના મુખ્ય આશયના આધારે કરવામાં આવે છે. નાયક, એ જે 'પુરુષાર્થ' કરવા ચાહે છે તેને તે પૂર્ણપણે યોગ્ય હોવો જોઇએ તે અતિ આવશ્યક છે અને એટલેજ ભરતમુનિએ નાયકમાં કેટલાક સ્વભાવગત ગુણો તથા કેટલાક સાધિત ગુણો જરુરી હોવાનું માન્યુ છે

અને તેનો સામાજિક દરજ્જો પ્રસ્થાપિત કરી આપ્યો છે. તેજ પ્રમાણે નાયિકા પણ સામાજિક અને ધાર્મિક દ્રષ્ટિએ નાયકને યોગ્ય હોવી જોઇએ અને તેનામાં પણ કેટલાક સ્વભાવગત ગુણો હોવા જોઇએ એવું ભરતમુનિનું માનવું છે.

(૨)

શૃંગારરસના પ્રાધાન્યને કારણે નાયક અને નાયિકા વચ્ચેનો વ્યવહાર મુખ્ય વિષય બનતો હોય તેવા કથાનકમાં પ્રણય અને કામચેષ્ટાના આધારે નાયક-નાયિકાની વિશિષ્ટ શ્રેણી ઉદ્ભવે છે એવી ભરતમુનિની માન્યતા છે.

(૩)

નાટકના અન્ય પાત્રો મુખ્યત્વે બે શ્રેણીઓમાં વિભક્ત થાય છે. નાયક નાયિકાના સહાયક પાત્રો તથા પ્રતિ નાયક-નાયિકાના સહાયક પાત્રો. આ પાત્રોમાં ગુણો તેમના સામાજિક દરજ્જા અનુસાર તેમજ તેઓ જેના પક્ષે હોય - નાયક, નાયિકા અથવા પ્રતિનાયક-નાયિકા - તેના આધારે ભરતમુનિએ નક્કી કર્યાં છે.

(૪)

ભરતમુનિના પાત્રવિધાનમાં ખાસ કરીને નાયક-નાયિકામાં આદર્શકરણ વિશેષપણે જોવા મળે છે. પુરુષાર્થની વિભાવના તેમજ નાટ્ય દ્વારા ઉપદેશ આપવાની પ્રવૃત્તિને કારણે પાત્રો નિજી વ્યક્તિત્વથી સભર હોવા કરતાં કોઇ વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં હોય એવું વિશેષ જણાય છે. સુમનસ્ પ્રેક્ષકને હર્ષની પ્રાપ્તિ કરાવવા માટે, સામાન્ય પણે, પાત્રોને આદર્શ અને સર્વગુણસંપન્ન નિરુપવામાં આવે છે.

(૫)

પાત્રો સર્વગુણસંપન્ન અને આદર્શ હોવા છતાં પણ તેમનામાં યથાર્થતાના અંશો રહેલા હોય છે. ખાસ કરીને તેમના સામાજિક દરજ્જા અનુસાર થતા વિભાજનમાં, તેમના પરસ્પરના આંતરિક સંબંધમાં, સામાજિક દરજ્જા અનુસાર તેમનામાં અપેક્ષિત ગુણોમાં તેમના સાંસ્કૃતિક સ્તરમાં, તેમજ તેમનો સામાજિક દરજ્જો છતો કરતી તેમની વાણીમાં યથાર્થતાના દર્શન થાય છે. પાત્રો દ્વારા થતા પરસ્પર સંબોધનો તેમજ પાત્રોના વિશિષ્ટ નામો સાંપ્રત સામાજિક અવસ્થા ઇંગિત કરે છે. ભરતમુનિના સંબોધનવિધાન તથા નામકરણ

વિધાનમાં 'સમકાલીન વાસ્તવવાદ'ની છાંટ જોવા મળે છે. ભરતમુનિની પાત્રવિભાવનામાં નાટ્યાત્મકતાના તત્વો વિશેષપણે જોવા મળે છે. પાત્રો એ પુરુષાર્થ અને તેમની સિદ્ધિના સાધનરૂપ હોવાથી તેમના ઉપર એ પુરુષાર્થને યોગ્ય એવા ગુણોનું આરોપણ કરવામાં આવે છે અને તેથી એ પાત્રોમાં માનવપ્રકૃતિસહજ અણધાર્યા પલટા માટે બહું ઓછો અવકાશ રહે છે. તેથી એવાં પાત્રો બીબાંઢાળ બનવાનો સંભવ નકારી ન શકાય. કાલિદાસ, ભાસ, ભવભૂતિ જેવા પ્રતિભાસંપન્ન નાટ્યકારોએ પાત્રોમાં માનવસહજ ઉદાત્તગુણો તેમજ નબળાઇઓ સમતોલપણે આરોપી તેમને બીબાંઢાળ બનતાં અટકાવ્યા છે.

ભરતમુનિની પાત્રવિભાવના સંદર્ભમાં અવલોકયા પછી ભરતમુનિના પાત્રવિધાનને આ પ્રમાણે તપાસી શકાય.

## નાયક

નાટ્યમાં આવતા અનેક પુરુષપાત્રોમાં મુખ્ય નાયક કોને ગણવો તેની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે -

> વ્યસની પ્રાપ્ય દુ:ખો વા યુજ્યતે અભ્યુદયેન ચ: ।
> તથા પુરુષ બાહુલ્યે પ્રધાનો નાયક: સ્મૃત: ॥
> યત્રાનેકસ્ય ભવતો વ્યસનાભ્યુદયો પુન: ।
> પ્રકૃષ્ટો યસ્ય તૌ સ્યાતાં સ ભવેત્ તત્ર નાયક: ॥

(અધ્યાય ૩૪ / શ્લોક ૨૩-૨૪)

અનેક પુરુષપાત્રોમાં જે પાત્ર વ્યસનગ્રસ્ત હોય અને અંતે અભ્યુદય પામે તેને નાયક સમજવો જોઇએ. (મનમોહન ઘોષ) પાત્રોમાં પ્રધાન નાયક તેજ હોય છે જે નાટ્યના બધા પાત્રોના વ્યસન અને અભ્યુદયની સરખામણીમાં સર્વાધિક વ્યસન અને અભ્યુદય પ્રાપ્ત કરે છે. (સુરેન્દ્રનાથ દીક્ષિત) ઘણાં પુરુષોનો જે અગ્રણી તે નાયક કહેવાય છે. તેમાં પણ જે નાયક વિપત્તિ અને અભ્યુદય બંને દશાઓમાં સુખનો અનુભવ કરે અને બંને અવસ્થાઓમાં શ્રેષ્ઠ રહે તે નાયક કહેવાય છે. (સીતારામ ચતુર્વેદી) જેના વ્યસન અને અભ્યુદય પ્રાધાન્ય ધરાવતાં હોય તેને મુખ્ય નાયક સમજવો જોઇએ. (મનમોહન ઘોષ) 'નાટકલક્ષણરત્નકોષ' અનુસાર

નાયક એને કહે છે જે બીજ, બિન્દુ, વિગેરેથી યુક્ત નાટકને પૂર્ણતા તરફ લઈ જઈ ફલોન્મુખ કરે. કારણ કે તેજ નાટકના ઉદ્દેશ્ય અથવા ફળને સમાપ્તિ પર્યન્ત લઈ જાય છે તથા ધર્મ, અર્થ અથવા કામની ઉપલબ્ધિઓનો અધિકારી અથવા ભોક્તા હોય છે. તેનેજ બીજાના ઉપકારાર્થે ઉદ્યમ કરવાથી ધર્મપ્રાપ્તિ, ઈષ્ટ પ્રિયતમાની ઉપલબ્ધિ થવાને કારણે કામપ્રાપ્તિ તથા બહુ મુલ્ય વસ્તુઓનો લાભ થવાથી અર્થપ્રાપ્તિ થાય છે. કહેવાનું તાત્પર્ય એ કે જે નાટકના મુળ ઉદ્દેશ્યથી અતિ નિકટના શાખો બધાં કાર્યો સિદ્ધ કરે અથવા પૂર્ણ કરે તેને નાયક સમજવો જોઈએ. (ના.લ. રત્નકોશ શ્લોક ૩૮ પછીનો ગદ્યખંડ) અથવા નાટકના ફળનો એક માત્ર ઉપભોગ કરનારું પાત્ર નાયક કહેવાય છે. (શ્લોક ૨૫૬)

નાટ્યદર્પણ અનુસાર રૂપકના પ્રધાન ફળને પ્રાપ્ત કરનાર વ્યસન રહિત પાત્ર મુખ્ય નાયક કહેવાય છે. (સુત્ર ૨૩૯) વ્યસનનો અર્થ વિષયાદિત અથવા પ્રાણહાનિરૂપ વિપત્તિ થાય છે.

## નાયક ભેદ

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના ૩૪ માં અધ્યાય 'પ્રકૃતિવિચાર' અંતર્ગત સ્ત્રી તથા પુરુષ પાત્રોની ત્રિવિધ પ્રકૃતિ નિરૂપી છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ તથા (૩) અધમ ઉત્તમ મધ્યમ તથા અધમ પુરુષ પાત્રોનાં જે લક્ષણો નિરુપ્યા છે તે નાયકને લાગુ પાડવાથી નાયકના પ્રકૃતિના આધારે ભેદ તથા લક્ષણ આ પ્રમાણે નિરૂપી શકાય.

### (અ) પ્રકૃતિના આધારે નાયક-ભેદ

પ્રકૃતિના આધારે નાયકના ત્રણ ભેદ પાડી શકાય (૧) ઉત્તમ નાયક (૨) મધ્યમ નાયક તથા (૩) અધમ નાયક.

ઉત્તમ પુરુષ પાત્રની પ્રકૃતિ અનુસાર નાયકના ગુણો/લક્ષણો આ પ્રમાણે નિરૂપી શકાય. ઉત્તમ નાયક જિતેન્દ્રિય, જ્ઞાનવાન, વિવિધ શિલ્પોમાં વિચક્ષણ, દાક્ષિણ્યથી યુક્ત, ભોગદક્ષ, દીનોને સાંત્વના આપનાર, વિવિધ શાસ્ત્રોમાં પારંગત, ગાંભીર્ય, ઔદાર્ય, ધૈર્ય તથા

તથા ત્યાગના ગુણોથી યુક્ત હોય છે.'' (અધ્યાય ૩૪ શ્લોક ૩ અને ૪) નાટ્યદર્પણ અનુસાર ઉત્તમ નાયક વિનમ્ર, ત્યાગી, દક્ષ, પ્રિયભાષી, વાતચીત કરવામાં કુશળ, બુદ્ધિ, ઉત્સાહ માનથી યુક્ત, શસ્ત્રાર્થનો રક્ષક હોય છે. (સૂત્ર ૨૩૩)

મધ્યમ પ્રકૃતિના પુરુષ પાત્રનાં લક્ષણ અનુસાર મધ્યમ પ્રકૃતિનો નાયક લોકોપચારમાં ચતુર, શિલ્પ અને શાસ્ત્રમાં વિશારદ, વિજ્ઞાનયુક્ત અર્થાત્ માણસ જોઇને વ્યવહાર કરનાર તેમજ મધુરતાથી યુક્ત હોય છે. (અધ્યાય ૩૪ શ્લોક ૫) નાટ્યદર્પણ અનુસાર મધ્યમ નાયક ન તો બહુ ઉત્કૃષ્ટ અને બહુ અપકૃષ્ટ હોય છે. (સૂત્ર ૨૩૪)

અધમ પ્રકૃતિના પુરુષ પાત્રનાં લક્ષણ અનુસાર અધમ પ્રકૃતિનો નાયક આકરાં વેણ બોલનાર, દુ:શીલ, કુસત્વ, અલ્પબુદ્ધિયુક્ત, ક્રોધી, હિંસક, મિત્રઘાતી, અનેક કૌશલથી પ્રાણ હરનાર, નિંદાખોર, ઘમંડી, ઉદ્દંડ, કૃતઘ્ન, આળસુ, નારી પરત્વે ચંચળ, કલહપ્રિય, પાપકર્મા, પરદ્રવ્ય હરનાર તથા બીજાનું અપમાન કરનાર હોય છે. (અધ્યાય ૩૪ શ્લોક ૬ થી ૮) નાટ્યદર્પણ અનુસાર નીચ પ્રકૃતિનો નાયક પાપી, નિંદાખોર, આળસુ, કૃતઘ્ની, હીનસત્વ, સ્ત્રી-લોલુપ, ક્રૂર અને જડ હોય છે. (સૂત્ર ૨૩૫)

(બ) શીલ પર આધારિત નાયકભેદ

શીલાશ્રિત નાયકના ચાર ભેદ ભરતમુનિએ નિરૂપ્યા છે. (૧) ધીરોદ્ધત (૨) ધીરલલિત (૩) ધીરોદાત્ત તથા (૪) ધીર પ્રશાન્ત (અધ્યાય ૩૪ શ્લોક ૧૮) વિવિધ પ્રકારના નાયક પોતાના શીલ અને પ્રકૃતિના આધારે ઉદાત્ત, લલિત, પ્રશાન્ત તથા ઉદ્ધત હોય છે. પણ આ બધા 'ધીર' અવશ્ય હોય છે. ચાર પ્રકારના નાયકોની સામાન્ય ગરિમા 'ધીરતા'જ હોય છે. ભરતમુનિએ ચાર પ્રકારના નાયકો માટે તેમની સામાજિક સ્થિતિ તથા સ્વભાવ વિગેરેના આધારે નિર્ધારિત કર્યું છે કે રાજા ધીર લલિત, દેવ ધીરોદ્ધત, સેનાપતિ અને અમાત્ય ધીરોદાત્ત તથા બ્રાહ્મણ અને વણિક ધીર પ્રશાન્ત હોય છે. (અધ્યાય ૩૪ શ્લોક ૧૯-૨૦) આ ચારેય પણ એકબીજાની સરખામણીમાં ઉદાત્ત, લલિત, શાન્ત અને ઉદ્ધત હોય છે. અહીં, નૃપમાં ઉદાત્તતાનો અને દિવ્ય નાયકમાં

લાલિત્યનો અભાવ કુલિત થતો નથી. વર્ગ વિશેષના નાયકના જીવનની પ્રધાન સંપત્તિ ધ્યાનમાં રાખી આ સામાન્ય નિર્દેશ રજુ કરવામાં આવ્યો છે. વસ્તુત: બધા નાયકો માટે સામાન્ય ગુણ સંપત્તિ તો ધીરતામાજ રહેલી હોય છે. કોઇ પણ નાયક, લલિત, ઉદાત્ત, અને પ્રશાન્ત વિગેરે ગુણોમાંથી કોઇ એક ગુણ ધરાવતો હોય છે પણ પ્રત્યેક નાયક 'ધીર' હોવો અત્યંત જરુરી છે. આ ધીરતાજ પાત્રને નાયક-પદની મર્યાદાથી વિભુષિત કરે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. નાટ્યદર્પણકાર પણ 'ધીર'ને તમામ નાયકો માટેનું વિશેષણ માને છે.

પછીના આચાર્યોએ ઉપરોક્ત ચાર નાયકોના લક્ષણો આ પ્રમાણે નિરુપ્યા છે.

(૧) ધીરલલિત

'દશરુપક' અનુસાર ધીરલલિત નાયક નિશ્ચિંત હોય છે. કલામાં તેની આસક્તિ રહે છે. તે સુખી તથા મૃદુ સ્વભાવવાળો હોય છે. (૨/૩) ધનિકની ટીકા પ્રમાણે ધીર લલિત નાયક રાજ્યનો સમગ્ર ભાર યોગ્ય મંત્રીને સોંપી ચિન્તારહિત રહે છે. કોઇ પ્રકારની ચિન્તા વિગેરે ન રહેવાથી ગીત વિગેરે કળાઓ તથા ભોગવિલાસમાં રચ્યોપચ્યો રહે છે. તેનામાં શૃંગારની પ્રધાનતા રહે છે. તે કોમળ સ્વભાવ તથા ઉત્તમ પરાક્રમવાળો હોય છે. એટલેજ તે મૃદુ અથવા મધુર સ્વભાવવાળો કહેવાય છે. 'રત્નાવલી'નાટિકાનો નાયક ઉદયન ધીરલલિત નાયક છે.

'નાટ્યદર્પણ' અનુસાર ધીર લલિત નાયક શૃંગારપ્રિય, ગીતવાદ્ય વિગેરે કળાઓનો પ્રેમી, રાજ્યભાર મંત્રીને સોંપી નિશ્ચિંત થઇ જનારો, સુખી તથા કોમળ સ્વભાવવાળો હોય છે. (સૂત્ર ૭)

'સાહિત્યદર્પણ' અનુસાર નિશ્ચિંત, અતિ કોમળ-સ્વભાવ, સદા નૃત્ય ગીતાદિમાં પ્રસક્ત નાયક ધીરલલિત કહેવાય છે. (૩/૩૪)

'ભાવપ્રકાશન' અનુસાર ધીરલલિત એ નાયક છે જે સર્વથી રાજભોગોમાં અનિશ્ચિન્ત રહે છે. યૌવનના ઉપભોગથી સુશોભિત હોય છે, વિલાસી, ભોગોમાં રસ લેનારો તથા રતિપ્રિય હોય છે.

'રસાર્ણવ સુધાકર' અનુસાર ધીરલલિત નાયક નિશ્ચિન્ત, અને વનિતાવશ હોય છે.

(૨) ધીરપ્રશાન્ત

'દશરૂપક' અનુસાર ધીરશાન્ત નાયક સામાન્ય ગુણોથી યુક્ત હોય છે. તેના પાત્ર દ્વિજ વિગેરે (બ્રાહ્મણ, મંત્રી, વૈશ્ય) હોય છે. (૨/૪) ધનિકની ટીકા અનુસાર નેતાના વિનિત વિગેરે સાધારણ ગુણ ધીરશાન્ત નાયકમાં જોવા મળે છે. પ્રકરણનો નાયક ધીરશાન્ત હોય છે. એટલેજ બ્રાહ્મણ આદિમાં ધીરલલિત નાયકના નિશ્ચિન્તતા વિગેરે ગુણો રહેવાની સંભાવના હોવા છતાં તેમને ધીરશાન્તજ માનવામાં આવે છે, ધીરલલિત નહિ. માલતીમાધવ અને મૃચ્છકટિક વિગેરે પ્રકરણના નાયક માધવ તથા ચારુદત્ત ધીરશાન્તજ માનવા જોઈએ.

'નાટ્યદર્પણ' અનુસાર ધીરપ્રશાન્ત નાયક સર્વથા અહંકાર રહિત, દયાળુ, વિનયશીલ અને નીતિવાન હોય છે. (સુત્ર ૭) વણિક તથા વિપ્ર ધીરપ્રશાન્ત સ્વભાવવાળા હોય છે. (સુત્ર-૬)

'સાહિત્યદર્પણ' અનુસાર ત્યાગી, કૃતી વિગેરે નાયકગત સામાન્ય ગુણ ધરાવનાર બ્રાહ્મણ આદિ ધીરપ્રશાન્ત કહેવાય છે. (૩/૩૪)

'ભાવપ્રકાશન' અનુસાર ધીરપ્રશાન્ત નાયક એને કહે છે જે કળાઓમાં આસક્ત રહે છે, જે ક્ષમાશીલ, ક્યારેક ગંભીર ક્યારેક લલિત વિગેરે ગુણોથી યુક્ત હોય છે.

'રસાર્ણવ સુધાકર' અનુસાર ધીરપ્રશાન્ત નાયક સમપ્રકૃતિક, કલેશસહિષ્ણુ વિવેચક, લલિત વિગેરે ગુણોથી યુક્ત વિપ્ર, સચિવ અથવા વણિક હોય છે.

### (૩) ધીરોદાત્ત

'દશરૂપક' અનુસાર ધીરોદાત્ત નાયક મહાપરાક્રમશાળી, અત્યન્ત ગંભીર, ક્ષમાવાન, પોતાની પ્રશંસા જાતે નહિં કરનારો, સ્થિર, અવ્યક્ત-અહંકારવાળો, દૃઢવ્રતી હોય છે. ધનિકની ટીકા અનુસાર જેનું અંતઃકરણ શોક, ક્રોધ વિગેરેથી પરાજિત થતું નથી તેને મહાપરાક્રમશાળી (મહાસત્વ) કહે છે. જેના કાર્યો વિનય તથા નમ્રતા વડે યુક્ત હોય તેને અવ્યક્ત અહંકારવાળો કહે છે. દૃઢવ્રતીનો અર્થ એ કે જે કામ હાથમાં લે તેનો અંત લગી નિર્વાહ કરે છે. 'નાગાનંદ' નાટિકા'નો નાયક જીમૂતવાહન ધીરોદાત્ત છે. (૨/૪)

'નાટ્યદર્પણ' અનુસાર ધીરોદાત્ત નાયક અત્યંત ગંભીર, ન્યાયપ્રિય, શોક-ક્રોધ વિગેરેથી વશીભૂત ન થનારો (સત્વી) ક્ષમાશીલ અને સ્થિર હોય છે. (સૂત્ર-૭) સેનાપતિ તથા મંત્રી ધીરોદાત્ત સ્વભાવવાળા હોય છે. (સૂત્ર-૬)

'સાહિત્યદર્પણ' અનુસાર અવિકત્થન અર્થાત પોતાની પ્રશંસા ન કરનારો, ક્ષમાયુક્ત, અતિ ગંભીર સ્વભાવવાળો, મહાસત્વ અર્થાત હર્ષ શોકાદિથી પોતાનો સ્વભાવ ન બદલનારો, સ્થિર પ્રકૃતિનો, વિનયથી પ્રચ્છન્ન ગર્વ ધારણ કરનારો, દૃઢવ્રતી નાયક ધીરોદાત્ત કહેવાય છે. જેમ કે ભગવાન રામચંદ્ર અને મહારાજા યુધિષ્ઠિર વિગેરે. (૩/૩૨,

'ભાવપ્રકાશન' અનુસાર ધીરોદાત્ત નાયક મહાસત્વ, અત્યંત ગંભીર, ક્ષમાશીલ, અવિકત્થન, સ્થિર, નિગૂઢ અહંકારવાળો તથા દૃઢવ્રત હોય છે. (૪/૧૧૪)

'રસાર્ણવ સુધાકર' અનુસાર દયાવાન, અતિગંભીર, વિનીત, સત્વસારવાન્, દૃઢવ્રત, તિક્ષાવાન, આત્મશ્લાઘાપરાંગ્મુખ, નિગૂઢ અહંકારવાળો, ઉદાર હૃદયનો નાયક ધીરોદાત્ત કહેવાય છે.

### (૪) ધીરોદ્ધત

'દશરૂપક' અનુસાર જેમાં માત્સર્યની પ્રચુરતા રહે છે, માયા તથા છદ્મમાં જે રત રહે છે, જે અહંકારી, ચપળ, ક્રોધી તથા વિકત્થન હોયછે તે ધીરોદ્ધત નાયક

કહેવાય છે. ધનિકની ટીકા અનુસાર પરશુરામ તથા રાવણ ધીરોદ્ધત્ નાયકો છે. (૨/૫)

'નાટ્યદર્પણ' અનુસાર ધીરોદ્ધત્ નાયક અસ્થિર-ચિત્ત, ભયંકર, અભિમાની, કપટી, આત્મશ્લાઘી હોય છે. (સૂત્ર-૭) દેવતાઓ ધીરોદ્ધત્ હોય છે. રાજા ચારેય પ્રકારનો હોય છે. (સૂત્ર-૬)

'સાહિત્યદર્પણ' અનુસાર ધીરોદ્ધત્ નાયક માયાવી, ચપળ, ઘમંડી, શુર, આત્મશ્લાઘી હોય છે જેમ કે ભીમસેન. (૩/૩૩)

'ભાવપ્રકાશન' અનુસાર ધીરોદ્ધત્ નાયક વિકત્થન અર્થાત્ આત્મશ્લાઘી, ચંચળ ક્રોધી, માયા અને કપટથી યુક્ત, ઈર્ષ્યાળુ તથા અહંકારી હોય છે. (૪/૧૧૪)

'રસાર્ણવ સુધાકર' અનુસાર ધીરોદ્ધત નાયક માત્સર્યવાન, અહંકારી, માયાવી, ક્રોધી, ચંચળ, વિકત્થન હોય છે. ભાર્ગવ અર્થાત પરશુરામ ધીરોદ્ધત નાયક છે.

મોટા ભાગના આચાર્યોએ દેવોને ધીરોદ્ધત્ નાયક માન્યા છે. ધીરોદ્ધતના લક્ષણો અને દેવોનાં લક્ષણો વચ્ચે એક જાતની વિસંવાદિતા જોવા મળે છે.

ભવભૂતિ કૃત 'મહાવીરચરિત'ના નાયક રામચન્દ્ર ધીરોદાત્ત છે. 'માલતીમાધવ' પ્રકરણનો નાયક ધીર પ્રશાન્ત છે. ઉત્તરરામચરિતનો નાયક રામચન્દ્ર ધીરોદાત્ત છે.

ભાસકૃત 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' અને 'સ્વપ્નવાસવદત્તા'નો નાયક વત્સરાજ ઉદયન ધીરલલિત છે. 'પંચરાત્ર'નો નાયક દુર્યોધન ધીરોદાત્ત છે તો 'દૂતવાક્યમ્'નો નાયક દુર્યોધન ધીરોદ્ધત્ છે.

### (ક) કામતન્ત્રના આધારે નાયક-ભેદ

નાટ્યશાસ્ત્રના 'સામાન્ય અભિનય'ને લગતા અધ્યાય અંતર્ગત નાયક-નાયિકા વ્યવહારના સંદર્ભમાં, ભરતમુનિએ નાયિકાઓ દ્વારા નાયકોને તેમના આચારવ્યવહાર અનુરૂપ થતા સંબોધનો નિરૂપ્યા છે. જેમ કે સાચો પ્રેમ દર્શાવતા નાયકને પ્રિય, કાન્ત, વિનીત, નાથ, સ્વામી, જીવિત અને નન્દન કહી સંબોધવાનું તથા અનુચિત વ્યવહારને

કારણે ક્રોધિત નાયિકા દ્વારા અત્યંત રોષાવેશપૂર્ણ શબ્દો જેવા કે દુઃશીલ, દુરાચાર, શઠ, વામ, વિકત્થન, નિર્લજ્જ અને નિષ્ઠુર વડે સંબોધવાનું વિધાન છે. આ વિશે વિગતવાર ચર્ચા 'નાયક નાયિકા વ્યવહાર' પ્રકરણ અંતર્ગત કરવામાં આવી છે.

નાટ્યશાસ્ત્રના 'વૈશિક અધ્યાય' અંતર્ગત ભરતમુનિએ કામતંત્રના આધારે પુરુષોના પાંચ ભેદ નિરુપ્યા છે. તેનો આધાર લઇ નાયકના પાંચ ભેદ આ પ્રમાણે વર્ણવી શકાય.

(૧) ચતુર

'ચતુર'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે, 'જે (નાયક) સુખ અને દુઃખને સમાનરુપે સહન કરનારો હોય, સ્ત્રીના (નાયિકાના) પ્રણયજન્ય ક્રોધનું પ્રસાધન કરવામાં કુશળ હોય, મધુર વચન બોલનારો, રતિ ઉપચારમાં કુશળ હોય તો તે ચતુર (નાયક) સમજવો જોઇએ.'' (અધ્યાય ૨૫ / શ્લોક ૫૫ )

(૨) ઉત્તમ

ભરતમુનિના કથન અનુસાર જે (નાયક) સ્ત્રીને) (નાયિકાને) અપ્રિય લાગે એવું કશું ના કરે, જે ધીરપ્રકૃતિ તથા ઉદાત્ત ભાવોવાળો હોય, જે મિષ્ટભાષી, આત્મસન્માન રાખનારો તથા હૃદયના અજ્ઞાત ભાવોનો જ્ઞાતા હોય, જે મધુર આચરણ કરનારો, ત્યાગી, આસક્તિરહિત, 'કામ'ના વશમાં ન આવનાર તથા સ્ત્રી દ્વારા અપમાનિત થવાથી વિરક્ત થઇ જનારો હોય તેને ઉત્તમ (નાયક) સમજવો જોઇએ.

(અધ્યાય ૨૫ / શ્લોક ૫૬-૫૭)

(૩) મધ્યમ

'મધ્યમ'નું લક્ષણ ભરતમુનિ જણાવે છે કે જે (નાયક) તમામ અવસ્થાઓમાં સ્ત્રી (નાયિકા) પરત્વે મધ્યસ્થ ભાવ ગ્રહણ કરનારો હોય તથા જે સ્ત્રી (નાયિકા)ના દોષ જાણવાથી તેનાથી વિરક્ત થઇ જાય તેને મધ્યમ (નાયક) સમજવો જોઇએ. (અધ્યાય ૨૫/ શ્લોક ૫૮ ) એક અન્ય લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જે (નાયક) યોગ્ય સમયે

મર્યાદિ પુરસ્કાર આપતો હોય, અપમાનિત થવા છતાં વધારે ક્રોધ ન કરે પરંતુ દોષપૂર્ણ (વ્યલીક) કાર્ય જાણવાથી વિરક્ત થઇ જાય તેને મધ્યમ (નાયક) સમજવો જોઇએ.

(શ્લોક ૫૯)

(૪) અધમ

ભરતમુનિના કથન અનુસાર જે (નાયક) સ્ત્રીઓ (નાયિકાઓ) દ્વારાં વારંવાર અપમાનિત થવા છતાં નિર્લજ્જ થઇ તેની પાસે જતો હોય અને મિત્રની આગ્રહપૂર્વક ના કહેવા છતાં અન્યત્ર અનુરક્ત એવી સ્ત્રી (નાયિકા)ને વધારે પ્રેમ કરતો હોય અને એ સ્ત્રી (નાયિકા) પોતાના પરત્વે વિરક્તિ રાખે છે તેવું પ્રત્યક્ષપણે જાણવા છતાં એવી સ્ત્રી (નાયિકા) પરત્વે આસક્તિ રાખ્યા કરે તેને અધમ (નાયક) સમજવો જોઇએ.

(અધ્યાય ૨૫ / શ્લોક ૬૦-૬૧)

(૫) સંપ્રવૃત્તક

સંપ્રવૃત્તકનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે, જે (નાયક) સ્ત્રીના ભય અથવા ક્રોધની પરવા ન કરતો હોય, મુર્ખ પ્રકૃતિનો હોય, સ્ત્રીઓને પોતાના મોહક રુપ દ્વારા ફસાવનારો હોય અથવા નિર્લજ્જ થઇ સ્ત્રીઓ પરત્વેની આસક્તિ ન છોડનારો હોય, રતિપ્રહારમાં અક્કડ, શિથિલ મનવાળો હોય તેને 'સંપ્રવૃત્તક' (નાયક) સમજવો જોઇએ. (અધ્યાય ૨૫ / શ્લોક ૬૨-૬૩)

સ્ત્રી (નાયિકા)ના ઉપચાર અર્થ (સ્ત્રીસંપ્રયોગવિષયે) પુરુષોના લક્ષણોના આધારે પાડવામાં આવેલા ઉપરોક્ત નાયકભેદ તેમજ નાયિકા દ્વારા નાયકના વિવિધ સંબોધનોનો આશ્રય લઇ પછીના આચાર્યોએ શૃંગારી નાયકના ચાર ભેદ નિરુપ્યા છે જે આ પ્રમાણે છે. -

## શૃંગારી નાયકના ભેદ

નાયકો મોટે ભાગે દિવ્ય, નૃપ અથવા ક્ષત્રિયવંશના રહેતા. પ્રાચીન કાળમાં આવા સંભ્રાંત તેમજ કુલીન પરિવારોમાં 'બહુપત્નિ'નો રિવાજ પણ હતો. નાયક પોતાની પત્નિ ઉપરાંત અન્ય નારીઓ પરત્વે શૃંગારનો ભાવ રાખતો. તેમની કામપ્રવૃત્તિના આધારે શૃંગારી નાયકોની ચાર શ્રેણી નાટ્યાચાર્યોએ માની છે (૧) અનુકૂળ (૨) દક્ષિણ (૩) શ અને (૪) ધૃષ્ઠ.

### અનુકૂળ નાયક

'સાહિત્યદર્પણ' અનુસાર જે નાયક એકજ નાયિકામાં અનુરક્ત રહે તેને અનુકૂળ નાયક કહે છે. (૩/૩૭)

'દશરૂપક' અનુસાર કેવળ એકજ નાયિકામાં જે આસક્ત રહે તેને અનુકૂળ નાયક સમજવો જોઇએ. (૨/૭)

'રસાર્ણવ સુધાકર'માં પણ 'અનુકૂળસ્ત્વેકજાનિ' એવું વિધાન કરવામાં આવ્યું છે.

ભવભૂતિ કૃત 'ઉત્તરરામચરિત'ના નાયક શ્રી રામચન્દ્ર તથા 'માલતી માધવ'નો નાયક માધવ અનુકૂળ નાયક છે.

### દક્ષિણ નાયક

'સાહિત્યદર્પણ' અનુસાર અનેક પત્નિઓમાં સમાન અનુરાગ રાખનારા નાયકને દક્ષિણ નાયક કહે છે. (૩/૩૫)

'દશરૂપક' અનુસાર જે પહેલી અર્થાત જેઠી નાયિકાની સાથે સહૃદયતાપૂર્વક વ્યવહાર કરે તેને દક્ષિણ નાયક કહે છે.

'રસાર્ણવ સુધાકર'માં દક્ષિણ નાયકને 'નાયિકાસ્વપ્યનેકાસુ તુલ્યો' કહયો છે.

'માલવિકાગ્નિમિત્ર' નો નાયક અગ્નિમિત્ર તથા 'વિક્રમોર્વશીય'નો નાયક પુરુરવા દક્ષિણ નાયક છે.

<u>શઠ નાયક</u>

'સાહિત્યદર્પણ' અનુસાર એ નાયક શઠ કહેવાય છે જે અનુરક્ત તો કોઇ અન્યમાં હોય પણ પ્રકૃત નાયિકા પરત્વે બહારથી પ્રેમ બતાવે અને પ્રચ્છન્નરૂપે તેનું અપ્રિય કરે. (૩/૩૭

'દશરૂપક' અનુસાર જે ગુપ્તપણે બીજી નાયિકા સાથે પ્રેમવ્યવહાર કરે તેને શઠ નાયક કહે છે.

'રસાર્ણવ સુધાકર'માં શઠ નાયકને 'ગૂઢાપરાધકૃત' કહ્યો છે.

પ્રહસન અને ભાણ પ્રકારના રૂપકના નાયકો સામાન્ય રીતે શઠ હોય છે. માલવિકાગ્નિમિત્રમાં ઇરાવતી અગ્નિમિત્રને 'શઠ' કહે છે.

<u>ધૃષ્ટ નાયક</u>

'સાહિત્યદર્પણ' અનુસાર જે અપરાધ કરીને પણ નિઃશંક રહે, ઠપકો આપવા છતાં પણ લજ્જિત ન થાય, દોષ દેખાવા છતાં પણ - પોતાનો અપરાધ ખુલ્લો પડી જવા છતાં પણ જે મિથ્યાવચન બોલે તેને ધૃષ્ટ નાયક કહે છે. (૩/૩૬)

'દશરૂપક' અનુસાર જે નાયકના શરીરમાં અન્ય નાયિકા સાથે કરેલા સંભોગના ચિહ્નો - વિકાર - સ્પષ્ટપણે જણાતા હોય તેને ધૃષ્ટ નાયક કહે છે.

'રસાર્ણવ સુધાકર'માં ધૃષ્ટનાયકને 'વ્યક્ત અન્ય યુવતિ ભોગ લક્ષ્મા વિનિર્ભય:' કહ્યો છે.

માલવિકાગ્નિમિત્રનો નાયક અગ્નિમિત્ર ક્યારેક ધૃષ્ટ નાયકનાં લક્ષણો પ્રકટ કરે છે.

ઉપરોક્ત ચાર ભેદો એકજ નાયકની ઉત્તરોત્તર અવસ્થાઓ પણ સંભવી શકે છે. જ્યાં સુધી નાયક એક પત્નિમાં અનુરક્ત રહે ત્યાં સુધી 'અનુકુળ' પણ અન્ય નાયિકા સાથે પ્રેમસંબંધ બાંધે અને નવીન પ્રેમને છુપાવવાનો પ્રયત્ન કરે ત્યારે 'દક્ષિણ' નાયક બને છે. જ્યારે તે નવીન પ્રેમને સ્પષ્ટરુપે વ્યક્ત કરે ત્યારે શઠ અને કુટિલ અને નીચવૃત્તિવાળો બને ત્યારે ધૃષ્ઠ નાયક બને છે.

અનુકુળ તથા દક્ષિણ નાયકોના ભેદ માટે ભરતમુનિ કથિત પ્રિય, કાન્ત, નાથ તથા વિનીત સંબોધન પ્રકારો પાયારુપ બનેલા જણાય છે. કારણ કે પ્રિય વિપ્રિય કાર્ય કરતો નથી તેમજ અનુચિત ભાષણ પણ કરતો નથી. તેથી તે 'અનુકુળ'ની નજીક છે. નાથ, વિનીત, કાન્ત, વિગેરે 'દક્ષિણ'ની નજીક છે કારણ કે તેમાં જયેષ્ઠા પ્રેયસીના પ્રસાધનનો ભાવ સ્પષ્ટપણે રહેલો હોય છે. ભરતમુનિએ 'શઠ'ને મધુરભાષી પણ વ્યવહારથી નાયિકાનું અહિત કરનારો કહ્યો છે. તેને અનુસરી ભાવપ્રકાશનકારે તેને સામે મીઠું અને સત્ય બોલનારો પણ પાછળથી અપ્રિય બોલનારો તથા રહસ્ય ખુલ્લું કરનારો કહ્યો છે. આ લક્ષણ પછીના આચાર્યો દ્વારા કથિત 'શઠ નાયક'નો આધાર બન્યું છે. ભરતમુનિએ ધૃષ્ઠમાં વામ, વિકત્થન તથા નિર્લજ્જ સંબોધનોનો ભાવ નિરુપ્યો છે. તેને અનુસરી ભાવપ્રકાશનકારે અન્ય નાયિકા સાથે સંભોગ કરવાથી અપરાધી બનેલો હોવા છતાં શપથ લઈ પોતાને નિર્દોષ સાબિત કરવા મથનારા તથા અન્ય નાયિકા સાથેના સંભોગના ચિન્હો ધરાવનારાને ધૃષ્ઠ કહ્યો છે. આના આધારે પછીના આચાર્યોએ ધૃષ્ઠ નાયકની કલ્પના કરી છે. આમ શૃંગારી નાયકના ઉપરોક્ત ભેદો ઉપર ભરતમુનિનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે.

ભરતમુનિએ 'વૈશિક અધ્યાય' અંતર્ગત વૈશિક પુરુષના ચતુર, ઉત્તમ વિગેરે જે ભેદ નિરુપ્યા છે તેનો સ્પષ્ટ પ્રભાવ રસાર્ણવ સુધાકરમાં નિરુપવામાં આવેલા નાયકના અન્ય ભેદો (૧) પતિ (૨) ઉપપતિ અને (૩) વૈશિક ઉપર જોવા મળે છે. આ ભેદો તત્કાલીન સમાજવ્યવસ્થા ઈંગિત કરે છે.

<u>પતિ</u>

'રસાર્ણવ સુધાકર' અનુસાર વિધિવત્ પાણિગ્રહણ કરનારો નાયક પતિ કહેવાય

છે જે પત્ની સાથેના વ્યવહારમાં અનુકૂળ, દક્ષિણ, શઠ અથવા ધૃષ્ટ હોઇ શકે છે.

### ઉપપતિ

'રસાર્ણવસુધાકર' અનુસાર સમાજનો ડર રાખ્યા વિના વિવાહિત નાયક અન્ય સ્ત્રી સાથે વિવાહ કર્યા વિના લગ્ન બહારનો સંબંધ રાખે તે ઉપપતિ. આ પ્રકારનો નાયક શઠ પ્રકારનો શૃંગારી નાયક કહી શકાય.

### વૈશિક

'રસાર્ણવસુધાકર' અનુસાર વૈશિક વેશવિદ્યામાં કુશળ, અત્યંત રસિક, કલાપ્રેમી નાયક હોય છે.

ભરતમુનિએ વૈશિક અધ્યાય અંતર્ગત સ્વતંત્રપણે વૈશિકપુરુષનાં લક્ષણો નિરુપ્યા છે જેની ચર્ચા 'વૈશિક નાયક' અંતર્ગત કરવામાં આવી છે.

આમ નાયકોના પ્રકૃતિના આધારે, શીલના આધારે તથા કામતંત્રના આધારે વિવિધ ભેદો જોવા મળે છે. ભાવપ્રકાશનકારે તેમજ સાહિત્યદર્પણકારે ધીરોદાત્ત વિગેરે નાયકો અનુકૂળ, દક્ષિણ, શઠ કે ધૃષ્ટ હોઇ શકે તેમજ ઉત્તમ, મધ્યમ અને અધમ પ્રકૃતિના પણ હોઇ શકે તેમ જણાવી કુલ ૪૮ નાયકભેદોની કલ્પના કરી છે. 'રસાર્ણવસુધાકર'માં પતિને ધીરોદાત્ત, ધીરલલિત, ધીર પ્રશાન્ત, ધીરોદ્ધત કહી ધીરોદાત્ત, ધીરલલિતને પણ ધૃષ્ટ, ઉપપતિને ધીરલલિત, ધીરોદ્ધત તથા શઠ અને વૈશિકને ધીરોદ્ધત તેમજ જ્યેષ્ઠ, મધ્ય અને નીચ જણાવી કુલ ૧૬ પ્રકારના નાયકભેદ માનવામાં આવ્યા છે.

પછીના આચાર્યો દ્વારા પ્રચારમાં આવેલા વિવિધ નાયકભેદો ઉપર ભરતમુનિની વિચારણાનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે.

## નાયકનાં લક્ષણો

ભરતમુનિએ પુરુષપાત્રોની ત્રિવિધ પ્રકૃતિ (૧) ઉત્તમ (૨) મધ્યમ તથા (૩) અધમનાં જે લક્ષણો નિરુપ્યા છે તેનો આધાર લઇ પછીના આચાર્યોએ નાયકનાં લક્ષણો

આ પ્રમાણે વર્ણવ્યા છે.

'દશરૂપક' અનુસાર નાયક (નેતા) વિનીત, મધુર, ત્યાગી, દક્ષ, ક્ષિપ્રકારી અર્થાત ઝડપથી કાર્ય કરનાર, રક્તલોક અર્થાત્ લોકપ્રિય, શુચિ અર્થાત્ માનસિક પવિત્રતા ધરાવનાર, પ્રિયંવદ: અર્થાત્ મધુરભાષી, વાગ્મી અર્થાત્ યુક્તિપૂર્વક વાત કરનાર, રૂઢવંશ અર્થાત ઉચ્ચકુળનો, સ્થિર, યુવાન, બુદ્ધિમાન, પ્રજ્ઞાવાન, સ્મૃતિસંપન્ન, ઉત્સાહી, કલાવાન્, શાસ્ત્રચક્ષુ, સ્વમાની, શૂરવીર, દૃઢ, તેજસ્વી તથા ધાર્મિક હોવો જોઇએ. (૨/૧-૨)

'સાહિત્યદર્પણ' અનુસાર નાયક દાતા, કૃતજ્ઞ, પંડિત, કુલીન, લક્ષ્મીવાન લોકોનો પ્રેમપાત્ર, રૂપ-યૌવન અને ઉત્સાહથી યુક્ત, તેજસ્વી, ચતુર અને સુશીલ પુરુષ હોય છે. (૩/૩૦

પછીના આચાર્યોએ નાયકના બતાવેલા ઉપરોક્ત લક્ષણોમાં ભરતમુનિએ ઉત્તમ-મધ્યમ પુરુષોના જે ૧૮ લક્ષણો નિરૂપ્યા છે તેનો સમાવેશ થાય છે.

દશરૂપક અનુસાર નાયકના જે લક્ષણો છે તે સમસ્ત લક્ષણોથી યુક્ત નાયકને ભાવપ્રકાશનકારે જયેષ્ઠ, બે થી છ લક્ષણો ધરાવનારને મધ્યમ તથા ઘણાં બધા લક્ષણો નહીં ધરાવનારને અધમ નાયક કહ્યો છે. 'રસાર્ણવસુધાકર'માં પણ આ વિધાનનું અનુસરણ થયેલું છે.

## વૈશિક નાયક

ભરતમુનિના કથન અનુસાર વૈશિક શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ થાય છે - વેશોપચારની વિશેષતાઓનો જાણકાર. આચાર્ય અભિનવગુપ્તના કથન અનુસાર જે ઉપભોગ તથા પ્રણયની તમામ વિશેષતાઓથી પરિચિત હોય તથા પ્રકૃતિ અનુસાર સ્વભાવથીજ કામુક હોય તેને અથવા વેશ્યાગામી પુરુષ કે જે સર્વ કાર્યોના વિદગ્ધતાપૂર્ણ ઉપાયોથી પરિચીત હોય તેને પણ વૈશિક કહે છે.

## વૈશિક નાયકનું સ્વરૂપ

'સામાન્ય અભિનય' પછીના અધ્યાય 'વૈશિક ઉપચાર અધ્યાય'માં વૈશિક નાયકનું સ્વરૂપ નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે જે પુરુષ તમામ કળાઓમાં પારંગત હોય તેને

વૈશિષ પુરુષ કહે છે. વારાંગનાઓ સાથે કરવામાં આવતા ઉપચારોને પૂર્ણપણે જાણનાર પુરુષને વૈશિક પુરુષ કહેવામાં આવે છે. એ પુરુષ કે જેણે બધી કળાઓનો (વાત્સ્યાયન અનુસાર ૬૪ કળાઓ) અભ્યાસ કર્યો હોય, જે હસ્તકૌશલ તથા શિલ્પનો જ્ઞાતા હોય, તે ઉપરાંત સ્ત્રીઓના હૃદયને પોતાની તરફ આકર્ષવામાં પ્રવીણ હોય તેને 'વૈશિક પુરુષ' કહે છે. (અધ્યાય ૨૫ / શ્લોક ૧ થી ૩ )

## વૈશિક નાયકના ગુણ

વૈશિક નાયકના ગુણો વર્ણવતા ભરતમુનિ જણાવે છે કે વૈશિક પુરુષમાં પ્રાપ્ત ૩૩ ગુણોને ત્રણ વિભાગમાં વિભક્ત કરી શકાય (૧) શરીર સમુત્થિતા અર્થાત શરીરથી ઉત્પન્ન ગુણો (૨) આહાર્યા: અર્થાત વેષ દ્વારા ઉત્પન્ન અને (૩) સહજ અર્થાત સ્વાભાવિકરૂપે વિદ્યમાન. (અધ્યાય ૨૫ / શ્લોક ૩)

વૈશિક નાયકના ગુણો ભરતમુનિએ આ પ્રમાણે નિરુપ્યાં છે. (૧) શાસ્ત્રવિત્ અર્થાત શાસ્ત્રોનો જાણકાર (૨) શિલ્પસંપન્ન અર્થાત્ કળાઓમાં પારંગત (૩) રુપવાન (૪) પ્રિયદર્શન (૫) વિક્રાન્ત (૬) ધૃતિમાન (૭) વય, વેષ તથા કુળથી અન્વિત (૮) સુરભિ અર્થાત્ સુગંધિત દ્રવ્યોનો ચાહક, મધુર તથા ત્યાગી (૯) સહિષ્ણુ (૧૦) અવિકત્થન (૧૧) અશંકિત (૧૨) પ્રિયભાષી (૧૩) ચતુર (૧૪) સુભગ (૧૫) શુચિ (૧૬) કામોપચારકુશળ (૧૭) દક્ષિણ (૧૮) દેશકાળવિત્ (૧૯) અદીનવાક્ય (૨૦) પ્રિયવાક્વાગ્મી (૨૧) દક્ષ (૨૨) પ્રિયંવદ (૨૩) અલુબ્ધ (૨૪) સુખભોગી (૨૫) શ્રદ્ધાવાન (૨૬) દૃઢવ્રતી (૨૭) ગમ્ય નાયિકા પરત્વે અવિશ્વાસુ (૨૮) માની.

(પંચમ અધિકાર / શ્લોક ૧૦)

'રસાર્ણવસુધાકર'માં વૈશિક પુરુષનાં લક્ષણો આ પ્રમાણે વર્ણવવામાં આવ્યા છે.

(૧) રુપવાન (૨) શીલસંપન્ન (૩) શાસ્ત્રજ્ઞ (૪) પ્રિયદર્શન (૫) કુલીન (૬) મતિમાન (૭) શૂરવીર (૮) રમ્યવેષથી યુક્ત (૯) યુવાન (૧૦) અદીન (૧૧) સુરભિ (૧૨) ત્યાગી (૧૩) સહિષ્ણુ (૧૪) પ્રિયભાષણ (૧૫) શંકાવિહીન

(૧૬) માની (૧૭) દેશકાળવિભાગવિત્ (૧૮) દક્ષ (૧૯) ચતુર (૨૦) સૌભાગ્યશાળી (૨૧) વેશ્યાના ઉપભોગમાં રસ ધરાવનાર. ( અધ્યાય ૧ / શ્લોક ૮૬ થી ૮૮)

### વૈશિક નાયક ભેદ

ભરતમુનિએ 'વૈશિક ઉપચાર' અધ્યાય અંતર્ગત સ્ત્રીઉપચારાર્થ પુરુષોમાં પાંચ ભેદ વર્ણવ્યા છે. (૧) ચતુર (૨) ઉત્તમ (૩) મધ્યમ (૪) અધમ તથા (૫) સંપ્રવૃત્તક. તેને વૈશિકનાયક ભેદ પણ કહી શકાય.

ભાવપ્રકાશનકારે 'જેનાથી સર્વ કળાઓ વિશેષ થઇ જાય છે તે વૈશિક, એવો વ્યુત્પત્તિલભ્ય અર્થ આપી,, વેશ્યાઓને આનંદ પ્રદાન કરનાર પુરુષ તે વૈશિક એમ જણાવી તેના ત્રણ ભેદ માન્યા છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ તથા (૩) કનિષ્ઠ. (૫/૧૧)

### ઉત્તમ વૈશિક નાયક

ઉત્તમ વૈશિકનું લક્ષણ નિરુપતાં ભાવપ્રકાશનકાર જણાવે છે કે જે કામથી અવશ હોવા છતાં કામથી વશ જણાય, સ્વભાવથી અનાસક્ત હોવાં છતાં આસક્તવત્ ચેષ્ટાઓ કરતો હોય, ત્યાગી અને મધુર સ્વભાવવાળો હોય, સુખદુ:ખમાં સમાન, પવિત્ર, કામતંત્રમાં નિપુણ, ક્રોધ તથા અનુનય જ્ઞાતા હોય, સ્ત્રી દ્વારા અનાદર પામવાથી વિરક્ત થઇ જાય તથા ઉપચારોથી દૂર રહેતો હોય તેને વિદ્વાનો ઉત્તમ વૈશિક કહે છે. (૫/૧૨)

### મધ્યમ વૈશિક નાયક

'ભાવપ્રકાશન' અનુસાર જે નાયિકાના વ્યલિકમાત્ર જોવાથી ન તો ક્રોધ કરતો હોય અને ન તો અનુરક્ત થતો હોય, સમયે સમયે ભાવપૂર્વક વસ્ત્રાદિ આપતો હોય, પુન: નાયિકા જો દોષદૃષ્ટિથી જુએ તો પણ સર્વ અર્થમાં મધ્યસ્થતાથી ઉપચારકર્મો કરી વિરક્ત થઇ જાય તેવો પુરુષ મધ્યમ વૈશિક નાયક કહેવાય. (૫/૧૩)

### અધમ વૈશિક નાયક

'ભાવપ્રકાશનકાર'ના મત પ્રમાણે જે કામતંત્રમાં નિર્લજ્જ હોય, રતિક્રીડામાં કર્કશ

હોય, અજ્ઞાન ભયથી ક્રોધ કરનારો હોય, કૃત્યાકૃત્ય વિષયમાં જડબુદ્ધિ ધરાવતો હોય. મુર્ખ હોય, વિરક્ત સ્ત્રીઓમાં પણ આસક્ત ભાવ રાખતો હોય, મિત્ર ના કહે તો પણ કઠોર વચન બોલતો હોય, સ્નેહ પ્રાપ્ત થવા છતાં પણ અન્યને સ્નેહ કરતો હોય તથા સંયુક્ત રક્ષણ કરવા છતાં પણ અન્ય સ્ત્રીની કામના કરતો હોય તે અધમ વૈશિક નાયક કહેવાય છે.
(૫ / ૧૪)

'રસાર્ણવસુધાકર' અનુસાર વૈશિક નાયક ભાણ જેવા નિમ્નકક્ષાના રૂપકોમાં જોવા મળે છે. વૈશિક નાયક ધીરોદ્ધત અથવા ધીરલલિત હોઇ શકે. વૈશિક નાયક લક્ષણ અનુસાર જયેષ્ઠ, મધ્ય, અથવા નીચ હોઇ શકે. (૧/૮૮)

## ૩ રૂપકમાં નાયક ભેદ

નાટકમાં નાયક પ્રસિદ્ધ તથા ઉદાત્ત હોય છે. તે પ્રસિદ્ધ કુળમાં ઉત્પન્ન રાજર્ષિ ભૂપતિ હોય છે જે ઉત્કૃષ્ટ ગુણોથી યુક્ત હોય છે. તે ધીરોદાત્ત તથા પ્રતાપશીલ હોય છે. ક્યારેક ધીરપ્રશાન્ત નાયકો પણ નાટકોમાં હોય છે. 'પ્રકરણ'નો નાયક ધીરપ્રશાન્ત હોય છે. નાટિકાનો નાયક ધીરલલિત તથા પ્રકરણીનો નાયક પ્રકરણ જેવો ધીરપ્રશાન્ત હોય છે. ડિમમાં દેવતા તથા રાક્ષસ વિગેરે નાયક હોય છે. 'વ્યાયોગ'નો નાયક કોઇ અદિવ્ય ભૂપતિ હોય છે. 'સમવકાર' રૂપકનો નાયક ઉદાત્ત દેવ અને ઉદ્ધત દૈત્ય હોય છે. ભાણ તથા પ્રહસનમાં અધમ કોટિનો નાયક હોય છે. 'અંક'નો નાયક મર્ત્યપુરુષ હોય છે. ઇહામૃગનો નાયક દિવ્ય તથા વીથીના તમામ પ્રકૃતિના નાયકો હોય છે.

## અન્ય પ્રધાન પુરુષપાત્રો

ઉપરોક્ત નાયકભેદો ઉપરાંત નાટ્યમાં ઘણા બધા પ્રધાન પાત્રો હોય છે જેમાંના કેટલાક નાયકના સહાયક હોય છે તો કેટલાક વિરોધી. ભોજે તેના આધારે ચાર ભેદ માન્યા છે. (૧) નાયક, (૨) ઉપનાયક (૩) અનુનાયક તથા (૪) પ્રતિનાયક. દશરૂપક તથા નાટ્યદર્પણમાં પતાકાનાયક, ગૌણનાયક તથા પ્રતિકૂળ નાયકોનો ઉલ્લેખ થયો છે. આ તમામ પાત્રો વિશેની ચર્ચા અન્ય પ્રકરણ 'નાયક-નાયિકાના સહાયક તથા વિરોધી પાત્રો' અંતર્ગત કરવામાં આવી છે.

## નાયિકા

નાયકની પ્રિયા અથવા પત્ની નાયિકા કહેવાય છે. ભારતીય નાટ્યશાસ્ત્રમાં નાયિકોય કથા પ્રવાહમાં પ્રધાન ભાગ ધરાવતી હોય પણ નાયકની પ્રિયા કે પત્ની ના હોય તેવા સ્ત્રી પાત્રને નાયિકા સંજ્ઞા આપવામાં આવી નથી. નાયકની પ્રિયાને અથવા પત્નીનેજ નાયિકા માનવામાં આવે છે. નાટકલક્ષણરત્નકોશમાં નાયકના ફળના ભોક્તાને નાયક તથા તેની ભાર્યાને નાયિકા કહેવામાં આવી છે. 'રસાર્ણવસુધાકર'માં 'નેતૃસાધારણગુણૈરુપેતા નાયિકા મતા' એવું વિધાન છે.

નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં સ્ત્રીપાત્ર (નાયિકાઓ)ના ઉદ્ભવ સંબંધી વર્ણન મળે છે તદાનુસાર કૈશિકી વૃત્તિથી યુક્ત નાયિકાનો અભિનય કેવળ પુરુષો દ્વારા શક્ય ન હોવાથી ભરત બ્રહ્મા પાસે સ્ત્રીરુપ દ્રવ્ય માગે છે. આથી બ્રહ્માએ નાટ્યના અલંકાર કૈશિકી વૃત્તિમાં ચતુર, મંજુકેશી, સુકેશી વિગેરે ૨૪ અપ્સરાઓ (નાયિકાઓ)ની રચના કરી.

(અધ્યાય ૧ / શ્લોક ૪૭)

નાટ્યશાસ્ત્રમાં અન્ય સ્થાને નાયિકાની રક્ષિકા સરસ્વતીનો ઉલ્લેખ છે. ભરતમુનિના મતે નાયકની રક્ષા ઇન્દ્ર તથા નાયિકાની રક્ષા સરસ્વતી કરે છે. (૧/૯૭)

નાયિકાનું સામાન્ય લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે, 'નાયિકા રુપ, ગુણ, શીલ, યૌવન, માધુર્ય, શક્તિસંપન્ન, વિશદ, સ્નિગ્ધમધુર, પેશલવચન, અભિરક્તકણ્ઠી, યોગ્યા, યામણુભિના. લય તથા તાલ જાણનારી તથા રસો વડે યુક્ત હોય છે.

(અધ્યાય ૩૫ / શ્લોક ૬૨-૬૪ કાશી સંસ્કરણ)

## નાયિકા ભેદ

ભરતમુનિએ સામાન્ય અભિનય, વૈશિક ઉપચાર તથા પ્રકૃતિવિચાર-અધ્યાયો અંતર્ગત વિભિન્ન નાયિકાભેદ નિરુપ્યા છે.

સર્વપ્રથમ 'સામાન્ય અભિનય' અધ્યાયમાં ભરતમુનિએ જાતિગત શીલના આધારે નાયિકા ભેદ નિરુપ્યા છે જે આ પ્રમાણે છે.

જાતિગત શીલના આધારે નાયિકા ભેદ

ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'માં દર્શાવ્યું છે કે સંસાર હમેશા વધારેને વધારે સુખની આકાંક્ષા રાખે છે. સ્ત્રીજ સુખનો મુળ આધાર છે. અર્થાત સ્ત્રી વિના સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી.

ભૂયિષ્ઠમેવ લોકોડયં સુખમિચ્છતિ સર્વદા ।
સુખસ્ય હિ સ્ત્રિયો મુલં નાનાશીલાશ્ચ તા:પુન: ॥ ૯૮ ॥
(સામાન્યાભિનય 'અધ્યાય ૨૪)

(અર્થાત આ સંસારમાં બધા મનુષ્યો અધિક સુખના આકાંક્ષી છે અને સુખનું મુળ સ્ત્રીઓ હોય છે જેના વિભિન્ન પ્રકારના શીલ હોય છે. )

ભરતમુનિએ સુખનું મુળ એવી સ્ત્રીનું વિશ્લેષણ શીલના આધારે કર્યું છે. અનેક જાતિગત શીલના આધારે ભરતમુનિએ સ્ત્રી (નાયિકાઓ)ના વિવિધ ભેદ નિરુપ્યા છે જે નીચે પ્રમાણે છે.

'' દેવશીલા, અસુરશીલા, ગન્ધર્વશીલા, રાક્ષસશીલા, નાગશીલા, શકુનશીલા, પિશાચશીલા, યક્ષશીલા, વ્યાલશીલા, મનુષ્યશીલા, વાનરશીલા, હસ્તિશીલા, મૃગશીલા, મત્સ્યશીલા, ઉષ્ટ્રશીલા, મકરશીલા, ખરશીલા, સુકરશીલા, હયશીલા, મહિષશીલા, અજશીલા, શ્વાનશીલા, ગોશીલા.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૯૯ થી ૧૦૦)

'ભાવપ્રકાશન'માં શારદાનનય નાયિકાના સત્વના આધારે ભેદ નિરુપતાં જણાવે છે કે 'ધર્મમાંથી અર્થ, અર્થમાંથી કામ અને કામમાંથી સુખરુપી ફળનો ઉદય થાય છે. સુખનું મુળ પ્રમદા છે જેમાં સંભોગની કામના કરવામાં આવે છે. પોત પોતાના સત્વ પર આશ્રિત તમામ નાયિકાઓ ભિન્ન ભિન્ન શીલવાળી હોય છે. નાયકની સમીપ ગયેલી નાયિકા યથાશીલ તૃપ્ત થઇ રતિને ધારણ કરે છે. દેવ, દાનવ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસિ, પક્ષી, પિશાચ, નાગ, વ્યાલ, નર, વાનર, હાથી, મૃગ, મીન, ઉંટ, મગર, ખર, સુકર, ઘોડો ભેંસ, બકરી તથા ગાયના તુલ્ય શીલવાળી નાયિકાઓ હોય છે.''

(ભાવપ્રકાશન અધિકાર ૫ / શ્લોક ૩૬)

આમ શારદાતનય પણ ભરતમુનિના વિધાનોનું અનુસરણ કરી નાયિકાના જાતિગત શીલના આધારે વિવિધભેદ નિરુપે છે. દશરુપક, નાટ્યદર્પણ તથા સાહિત્યદર્પણમાં જાતિગત શીલના આધારે નાયિકાભેદ વર્ણવવામાં આવ્યા નથી.

## દેવશીલા

દેવશીલા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

' જેના અંગે અંગ સ્નિગ્ધ અર્થાત સુકુમાર હોય, પ્રકૃતિ સ્થિર હોય, મન્દનિમેષિણી અર્થાત્ પોપચાં ધીરે ધીરે ઢાળતી હોય, અરોગા અર્થાત તંદુરસ્ત હોય, દીપ્તિ સંપન્ન હોય, દાનશીલ હોય, સત્વ અને આર્જવ અર્થાત વિનયથી યુક્ત હોય, અલ્પસ્વેદા અર્થાત શરીરમાંથી પરસેવો ઓછો નીકળતો હોય, સમરતા અર્થાત પ્રત્યેક અવસ્થામાં સમાન ભાવથી સ્નેહ રાખનારી હોય, મિતાહારી હોય, જેને સુગંધિત વસ્તુઓ પ્રિય હોય, ગાયન તથા વાદ્યમાં રૂચિ રાખનારી હોય તથા સુરતપ્રિયા અર્થાત સુરતની અભિલાષી હોય તો તેવી નાયિકા દેવશીલા સમજવી.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૦૧-૧૦૨)

'ભાવપ્રકાશન'માં શારદાતનય દેવશીલા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે.

'જેના પ્રત્યંગ, ઉપાંગ, તથા અંગમાં સ્નિગ્ધતા, નીરોગતા, સરળતા હોય છે તથા લાંબા સમય સુધી એકીટસે જોવું, દાનની ઇચ્છા સંગીત પરત્વે વારંવાર પ્રેમ, સ્વેદ, અર્થાત પરસેવાની અલ્પતા, રતિની સમતા, ભાવોનું જ્ઞાન તથા કૃતજ્ઞતા વિગેરે ગુણો જેનામાં હોય છે તે દેવશીલા કહેવાય છે. ''     (અધિકાર ૫ / શ્લોક ૩૭)

ભરતમુનિ દ્વારા નિરુપિત દેવશીલાનાયિકાની અનેક વિશેષતાઓ '<u>માલવિકાગ્નિમિત્ર</u>' માં વર્ણિત અગ્નિમિત્રની પ્રથમ રાણી ધારિણીમાં જોવા મળે છે.

દેવી ધારિણી દેવશીલા નાયિકા છે. તેની પ્રકૃતિ સ્થિર છે. સ્થિર પ્રકૃતિ હોવાને લીધે તે ક્રોધના પ્રસંગે પણ ક્રોધ કરતી નથી. તેનામાં દીપ્તિ છે, તે દાનશીલ, છે. જે દિવસથી રાજકુમાર વસુમિત્ર યજ્ઞાશ્વની રક્ષા માટે નિયુક્ત થયા તે દિવસથી તે તેમના કલ્યાણ અર્થે ——————> સોનાનું દાન કરે છે.

દેવી ધારિણી સુગંધિત પુષ્પો પ્રત્યે અનુરાગ દાખવે છે. અશોક દોહદ પૂર્તિ માટે પ્રયત્નશીલ રહે છે.

'અભિજ્ઞાન શાકુંતલ'ની નાયિકા શકુંતલામાં પણ દેવશીલા નાયિકાની કેટલીક વિશેષતાઓ દૃષ્ટિગોચર થાય છે. શકુંતલા સુંદર, સ્નિગ્ધ અંગોવાળી, દીપ્તિયુક્ત તથા રમણીય છે.

અનેક સ્થળોએ શકુંતલાના સૌંદર્યનું વર્ણન મળે છે. એક સ્થળે રાજા દુષ્યન્ત શકુંતલાના સૌંદર્યનું વર્ણન કરતા કહે છે -

કમલ રુચિર લાગે વીંટયું શેવાળથીય,
મલિન તદપિ ચન્દ્રે દેતું શોભા કલંક
અધિક મન ગમે આ વલ્કલેયે કૃશાંગી
શું નહિ મધુરમૂર્તિને અલંકાર રૂપ.

(અંક ૧/૧૯ અનુ: ઉમાશંકર જોશી)

એક સ્થાને દુષ્યન્ત, શકુંતલાની રમણીયતાનું વર્ણન કરતાં કહે છે -

અધર કુંપળ રંગો ને કોમળ વિટપો સમાન બે બાહુ,
કુસુમ સમું લોભવતું યૌવન અંગો મહીં ખીલ્યું.

(અંક ૧/૨૦ અનુઃ ઉમાશંકર જોશી)

શકુંતલાના સૌંદર્યવર્ણનનું એક વધુ ઉદાહરણ -

ચિત્રે ઉતારી પછી જીવ હશે મુકેલ,
કે રૂપપુંજથી ઘડી વિધિએ શું ચિત્તે ?
સ્ત્રીરત્નનું અજબ સર્જન તે જણાય
સ્રષ્ટાની શક્તિ વળી એ વપુ ચિંતવું ત્યાં.

(અંક ૨/૯ અનુ:ઉમાશંકર જોશી)

ન સૂંઘેલું પુષ્પ, પ્રસૂન અણચૂંટયું નખ વડે,
ન વીંધેલું મોતી, મધુ ન રસ ચાખેલું નવલું
અને પુણ્યો કેરા ફલ સકલ-શું રૂપ અનઘ,
મહીં ભોક્તા કોને વિધિ કરવશે - જાણું નવ તે.

(અંક ૨/૧૦ અનુ:ઉમાશંકર જોશી)

શકુંતલા પુષ્પો પરત્વે અનુરાગ દાખવે છે. તેના જીવનનો મોટો ભાગ વનમાંજ વિત્યો છે. તેથી તેને વેલ અને વૃક્ષો પરત્વે અગાધ પ્રેમ છે. વૃક્ષો પર ફુલ બેસતાં ત્યારે શકુંતલા ઉત્સવ ઉજવતી.

શકુંતલા સુરતપ્રિય છે. કેટલાક સ્થળોએ તેની સુરતપ્રિયતા અભિવ્યક્ત થયેલી જોવા મળે છે.

'સ્વપ્નવાસવદત્તા'માં પદ્માવતી સ્નિગ્ધ અંગ-ઉપાંગવાળી, દીપ્તિયુક્ત રમણીય સુંદરી છે. તે સ્થિર પ્રકૃતિની છે. તેની ગંભીર પ્રકૃતિ તથા ધૈર્યનું વર્ણન કરતાં રાજા કહે છે કે -

' આ બાળા નવોઢા છે. સાચું સખિઓને એ વ્યથા પામશે. એ ખરું કે તે ધીર સ્વભાવવાળી છે,તો પણ સ્ત્રીઓનો સ્વભાવ ભીરું હોય છેજ. '' (અંક ૪/૮)

પદ્માવતી દાનશીલ છે. 'સ્વપ્નવાસવદત્તા'માં ધર્મ અર્થે દાક્ષિ કરવાનું વર્ણન મળે છે.

'પ્રતિમા નાટક'માં વર્ણિત રામની પત્ની સીતા અને રાજા દશરથની પત્ની કૌશલ્યા અને સુમિત્રા પણ દેવશીલા નાયિકાની શ્રેણીમાં ગણી શકાય.

'પ્રસન્ન રાઘવ'માં વર્ણિત સીતામાં પણ દેવશીલા નાયિકાની વિશેષતા જોવા મળે છે. તે મૃગનયના, કુરંગ લોચના અથવા સુંદરી છે. તે સ્થિર પ્રકૃતિની તથા રમણીય છે.

પદ્મપ્રાભૃતકાર ભાણમાં વર્ણિત વનરાજિકા નાયિકા રુપવતી, પુષ્પ અનુરાગી, પુષ્પોથી શરીરનો શણગાર કરનારી છે તેથી તેને પણ દેવશીલા નાયિકાની શ્રેણીમાં મુકી શકાય.

## અસુરશીલા

અસુરશીલા નાયિકાના લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે વર્ણવે છે.

'અધર્મ અને શઠવૃત્તિમાં લીન, સ્થિર ક્રોધિની અર્થાત્ જેનો ગુસ્સો લાંબા સમય સુધી ટકી રહેતો હોય, અથવા જેનો ગુસ્સો ક્યારેય શાન્ત ન પડે, અતિ નિષ્ઠુર, મધ માસ

પ્રિયા અર્થાત્ મદિરા અને માંસ જેનાં પ્રિય ભોજન હોય, નિત્યકોપના અર્થાત્ નિત્ય કોપ કરનારી, અતિ માનિની, ચપલા અર્થાત્ ચંચળ, અતિ લુબ્ધા અર્થાત્ અત્યંત લોભી, કટુ ભાષિણી, કલહપ્રિયા અર્થાત્ ઝઘડાખોર, ઈર્ષ્યાશીલા, અથાર્ત ઈર્ષ્યાળુ, ચલસ્નેહા અર્થાત અસ્થિર પ્રેમ કરનારી નાયિકા અસુરશીલા સમજવી. (અધ્યાય ૨૪ / શ્લોક ૧૦૩-૧૦૪)

'દૈત્યશીલા' અર્થાત્ અસુરશીલા નાયિકાનાં લક્ષણ નિરુપતાં શારદાતનય 'ભાવપ્રકાશન'માં જણાવે છે કે -

'જે સ્થાયી ક્રોધવાળી હોય છે તથા જે શઠ, અધર્મરતા, નિષ્ઠુર બોલનારી હોય છે તથા જેને મધ તથા માંસ પ્રિય હોય છે, જે લોભી, ચપલા, કલહપ્રિયા, ઈર્ષ્યાવતી તથા ચંચળ સ્નેહવાળી હોય છે તે દૈત્યશીલા કહેવાય છે.'' (અધિકાર / ૫ શ્લોક ૩૮)

પ્રતિમા નાટકમાં રાજા દશરથની પત્ની કૈકયીમાં ભરતમુનિ નિરુપિત અસુરશીલા નાયિકામાં જોવા મળતી વિશેષતાઓ દૃષ્ટિગોચર થાય છે.

કૈકેયી લોભ કરનારી છે. લોભને લીધેજ તે રાજા રામનો રાજ્યાભિષેક થતો અટકાવે છે. તે રાજ્ય લુબ્ધા છે. દશરથ તેને તે અતિનિષ્ઠુર તથા ક્રુર હોવાને લીધે વન-વ્યાઘ્રી કહે છે. ભરત પાપિણી તથા કુનદી કહે છે. ભરત કૈકેયીને કહે છે - ''મને અપયશની, તેં કલંકિત કર્યો, આર્ય રામને વલ્કલધારી બનાવ્યા, મહારાજને મરવા માટે લાચાર કર્યા, સમગ્ર અયોધ્યાને રડાવી, લક્ષ્મણને મૃગ-સહવાસી બનાવી દીધો, પુત્ર પ્રણયિની માતાઓ (કૌશલ્યા, સુમિત્રા)ને શોકાતુર કરી મુકી, પુત્રવધુ સીતાને જંગલોમાં ભટકતી અને યાતના ભોગવતી કરી મુકી અને પોતાને ધિક્કારને પાત્ર બનાવ્યો.''

કૈકેયી ક્રુર તથા અસ્થિર પ્રેમ કરનારી છે. ભરત એક સ્થળે કહે છે. '' દુષ્ટ પરિજનોના સહવાસથી સ્નેહને તરછોડી તેણે પોતાના પુત્રથી સંબંધ તોડી નાખ્યો. યથાર્થમાં તે સ્વામી દ્રોહ કરનારી, પુત્રવતી હોવા છતાં માતા કહેવાને લાયક નથી.''

કૈકેયી શુલ્કલુબ્ધા (વિવાહ શુલ્કની લાલચ રાખનારી) રામને રાજ્યથી વંચિત કરી ચીર પહેરાવી સીતા સહિત પગપાળા વનમાં મોકલનારી નૃપતિ માતા (રાજમાતા)

ડહેવડાવવાની લાલસા રાખનારી, રાજ્ય લાલસાને લોધે મહારાજ દશરથના પ્રાણનો ચિન્તા કરનારી તથા વલ્કલવસના સીતા પરત્વે વજ્ર સમાન વિદીર્ણ ન થાય તેવા હૃદયવાળી તથા નિર્દયતા સ્વભાવવાળી છે.

આમ ભરતસમ્મત વિશેષતાઓ કૈકેયીમાં જોવા મળે છે તેથી કૈકેયી અસુરશીલા નાયિકા છે.

## ગાન્ધર્વશીલા

ગાન્ધર્વશીલા નાયિકાના લક્ષણો ભરતમુનિએ નીચે પ્રમાણે નિરુપ્યા છે.

'ક્રીડાપરા અર્થાત્ ક્રીડામાં રુચિ રાખનારી, ચારુનેત્રા અર્થાત્ સુન્દર નેત્રવાળી, પુષ્પિત નખ તથા દન્તવાળી, સ્વંગી અર્થાત્ ભરાવદાર અંગોવાળી, મન્દહાસ પૂર્વક સંભાષણ કરનારી, તન્વી અર્થાત્ કોમળ દેહવાળી, મન્દ ગતિએ ચાલનારી, રતિપ્રિયા, ગીત વાદ્ય તથા નૃત્તમાં રત રહેનારી પ્રસન્ન, સ્વચ્છ તથા સ્નિગ્ધ ત્વચા, કેશ, નેત્રવાળી નાયિકા ગન્ધર્વશીલા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૦૫-૧૦૬)

ગન્ધર્વ શીલા નાયિકાના લક્ષણો ભાવપ્રકાશનમાં આ પ્રમાણે નિરુપાયેલા છે.

' જે સ્નિગ્ધ ત્વચા, કેશ તથા નેત્રવાળી હોય છે, તથા જેને નખક્ષતિ તથા દન્તક્ષતિ પ્રિય હોય છે, જે આરામભોગ્યા અર્થાત્ જે આરામ એટલે કે બગીચામાં ભોગવવાને યોગ્ય હોય છે, જે મૃદુલ તથા સ્મિતપુર્વક સંભાષણ કરનારી હોય છે, જે કૃશાંગી, સંગીતથી યુક્ત, સંતાન પરત્વે મન્દ, રતિપ્રિયા હોય છે તથા જે પુષ્પશય્યાની અભિલાષા કરે છે તે ગન્ધર્વશીલા તરીકે ઓળખાય છે. (અધિકાર ૫ / શ્લોક ૩૯)

'<u>માલવિકાગ્નિમિત્ર</u>'ની નાયિકા માલવિકામાં ભરત-સમ્મત ગન્ધર્વશીલા નાયિકાની કેટલીક વિશેષતાઓ જોવા મળે છે. માલવિકા સુંદર નેત્રોવાળી, ભરાવદાર અંગોવાળી તથા ગીત અને નૃત્યમાં પારંગત છે. સાથે સાથે પ્રસન્ન, સ્વચ્છ, સ્નિગ્ધ ત્વચા, કેશ તથા નેત્રવાળી છે.

'<u>સ્વપ્નવાસવદત્તા</u>'માં પદ્માવતી પણ ગાન્ધર્વશીલા નાયિકાની કેટલીક વિશેષતાઓ

ધરાવે છે. પદ્માવતી કોઠામાં રુચિ રાખનારી છે. તે સુંદર નેત્રવાળી, પ્રસન્ન, સ્વચ્છ તથા સ્નિગ્ધ ત્વચાવાળી છે. તેના સૌંદર્યનું વર્ણન અનેક ઠેકાણે જોવા મળે છે.

પદ્મપ્રાભૃતકમ્ ભાણમાં વર્ણિત પ્રિયંગુયષ્ટિકા નાયિકા કોઠામાં રુચિ રાખનારી, સુંદરતાથી યુક્ત, ભરાવદાર અંગોવાળી, નૃત્યમાં પ્રવીણ છે. આ બધા લક્ષણોને કારણે તેને ગાન્ધર્વશીલા શ્રેણીમાં મુકી શકાય.

## રાક્ષસશીલા

રાક્ષસશીલા નાયિકાના લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'જેના સર્વ અંગો બૃહદ્ વ્યાયત અર્થાત્ મોટાં અને વિસ્તૃત હોય, જેના લોચન રક્તવિસ્તીર્ણ અર્થાત્ લાલ અને વિસ્ફારિત હોય, ખરરોમાં અર્થાત્ શરીર ઉપર તીક્ષ્ણ રોમ હોય, દિવસે સુઇ જનારી, ઉચ્ચ ભાષિણી અર્થાત્ મોટેથી બોલનારી, નખદન્તક્ષત-કરી અર્થાત્ દાંત વડે નખ કરડનારી, ક્રોધ તથા ઇર્ષ્યા કરનારી, કલહપ્રિયા, નિશા વિહારશીલા, અર્થાત્ રાત્રિવિહાર કરનારી નાયિકા રાક્ષસશીલા કહેવાય છે.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૦૭-૧૦૮)

રાક્ષસશીલા નાયિકાનું લક્ષણ શારદાતનય નીચે પ્રમાણે નિરુપે છે.

'બૃહદ્ અને આયત સર્વ અંગોવાળી* રુક્ષ અને વિસ્તીર્ણ આંખોવાળી, ખરરોમાં, દિવાસ્વપ્નનિયતા, ઉચ્ચ ભાષિણી, નખદન્તક્ષત કરી, ક્રોધ-ઇર્ષ્યા તથા કલહપ્રિયા અને નિશાવિહારશીલા નાયિકા 'રાક્ષસશીલા' કહેવાય છે. (અધિકાર ૫ / શ્લોક ૪૧)

અહીં શારદાતનય, ભરતમુનિના કથનને શબ્દશ: અનુસરે છે.

'માલવિકાગ્નિમિત્ર'માં ઇરાવતી રાક્ષસશીલા નાયિકાના કેટલાક લક્ષણો ધરાવે છે. તે ક્રોધ અને ઇર્ષ્યા કરનારી તથા કલહપ્રિય છે. ઇરાવતી, રાજા અને માલવિકા વચ્ચેનો પ્રેમવ્યવહાર છુપાઇને નિહાળે છે પરંતુ થોડીજ ક્ષણોમાં ઉપરોક્ત વિશેષતાઓને લીધે પ્રગટ થાય છે. પ્રમદવનમાં રાજા અને માલવિકા વચ્ચે થયેલો પ્રેમાલાપ, ઇરાવતી, રાણી ધારિણીને જણાવી દે છે.

'વેણીસંહાર' નાટકમાં રાક્ષસી વસાવગન્ધાનો ઉલ્લેખ મળે છે. રાક્ષસી વસાવગન્ધા રુધિરપાન કરનારી, વિકૃત વેષ તથા વિકૃત હાસ્ય કરનારી તથા ઉચ્ચભાષિણી છે.

અનર્ઘરાઘવ તથા પ્રસન્નરાઘવ માં તાડકા નામની રાક્ષસી તથા બાલચરિત નાટક અને રુક્મિણીહરણ ઇહામૃગમાં પૂતના નામની રાક્ષસીનો ઉલ્લેખ મળે છે. લીલાવિલાસ પ્રહસનમાં શૂર્પણખા નામની રાક્ષસીનો ઉલ્લેખ મળે છે.

## નાગશીલા

નાગશીલા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

"જેની નાસા તીક્ષ્ણ, અગ્રદશના અર્થાત્ આગળ પડતા દાંતવાળી, સુતનુ અર્થાત્ સુંદર શરીરવાળી, તામ્રલોચના અર્થાત્ તામ્ર સમાન નેત્રવાળી, શરીરનો વર્ણ નીલકમલ જેવો, સ્વપ્નશીલા અર્થાત્ ખૂબ ઊંઘનારી, અતિકોપના અર્થાત્ અતિક્રોધી, તિર્યક્‌ગતિ અર્થાત ત્રાંસી ગતિએ ચાલનારી, ચલારંભા અર્થાત્ ચંચળ કામ કરનારી, બહુશ્વાસા અર્થાત્ જોરથી શ્વાસ લેનારી, અતિમાનિની, સુગંધિત પુષ્પ, ચંદન તથા આસવનું સેવન કરનારી નાયિકા નાગશીલા કહેવાય છે." (અધ્યાય ૨૪ / શ્લોક ૧૦૯-૧૧૦)

નાગશીલા નાયિકાનું લક્ષણ ભાવપ્રકાશનમાં આ પ્રમાણે નિરુપવામાં આવ્યું છે.

'જે નિદ્રાળુ, કોપના, તિર્યક ગતિથી ચાલનારી, તામ્ર લોચનવાળી, ગન્ધ અભિલાષિણી, અણીદાર નાસાગ્ર તથા તીક્ષ્ણ દાંતવાળી, ચંચલા તથા નિરન્તર વાયુનું સેવન કરનારી 'શ્વસનશીલા' હોય તેવી નાયિકા 'નાગશીલા' તરીકે ઓળખાય છે.

(અધિકાર ૫ / શ્લોક ૪૫)

'માલવિકાગ્નિમિત્ર'માં ઇરાવતી નાગશીલા નાયિકાના કેટલાક લક્ષણો ધરાવે છે. તે અતિક્રોધી છે. ક્રોધને લીધેજ તે રાજાનો તિરસ્કાર કરે છે. તે અતિમાનીની પણ છે. માનને કારણે તે રાજાથી રિસાય છે. તે ચલારંભા છે. રાજા સાથે હીંચકાનો આનંદ લેવાની ઇચ્છા રાખે છે. તે કામવશ થઇ રાજા પાસે જાય છે. તે આસવમાં મત્ત રહેનારી છે. મદનમત્ત ઇરાવતી મદને સ્ત્રીનું ઘરેણું સમજે છે.

અનર્ઘરાઘવમાં મુરગી શબ્દ નાગાંગના (નાગશીલા) માટે પ્રયોજાયેલો જોવા મળે છે.

### શકુનશીલા

શકુનશીલા નાયિકાનાં લક્ષણો નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે -

'જેનું મુખ વ્યાવૃત્ત (ખુલ્લું), સ્વભાવ તીક્ષ્ણ હોય, સરિત્પ્રિયા અર્થાત્ જલવિહાર અનુરાગી હોય, સુરા, આસવ તથા ક્ષીરનું સેવન કરનારી હોય, અનેક સન્તાનવાળી હોય, ફળપ્રિયા અર્થાત્ જેને ફળો અધિક પ્રિય હોય, નિત્ય શ્વસનશીલા અર્થાત્ સદા શ્વાસ વધારે લેનારી હોય, ઉદ્યાનવનપ્રિયા અર્થાત્ ઉદ્યાન તથા વનવિહારમાં પ્રીતિ રાખનારી હોય, ચપલા અર્થાત્ અતિ ચંચળ વૃત્તિ રાખનારી હોય, બહુવાકશીઘ્રા અર્થાત્ ઝડપથી અને અતિશય બોલનારી હોય તેવી નાયિકા શાકુનશીલા જાણવી.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૧૧-૧૧૨ )

ભાવપ્રકાશન અનુસાર વિસ્તૃત મુખવાળી, શીઘ્રગામિની, ક્ષીર-ઉદ્યાન ફળપ્રિયા, એક સ્થાને ન રહેનારી, તીક્ષ્ણ, ચંચળ, બહુ ભાષિણી અને જ્ઞાનથી પરાઙ્મુખ સ્ત્રી પતત્રિ-શીલા (નાયિકા) જાણવી જોઈએ. (અધિકાર ૫ / શ્લોક ૪૨)

'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં ઈરાવતી શકુનશીલા નાયિકાનાં કેટલાંક લક્ષણો ધરાવે છે. તે તીક્ષ્ણ સ્વભાવવાળી, મદિરાપાન કરનારી, ચપલા તથા શીઘ્ર બોલનારી છે.

### પિશાચશીલા

પિશાચશીલા નાયિકાનાં લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરૂપે છે -

'ન્યુન, અધિક અંગુલિકરા અર્થાત્ જેના હાથની આંગળીઓ ઓછી હોય અથવા વધારે હોય, રાત્રે નિષ્કુટ ચારિણી અર્થાત્ ગૃહઉદ્યાનમાં રાત્રે ટહેલનારી હોય, બાળકોમાં ઉદ્વેગ ઉત્પન્ન કરનારી હોય, પિશુના- બીજાની નિન્દા કરનારી તથા કિલષ્ટભાષિણી અર્થાત્ દ્વિઅર્થી વચનો બોલનારી હોય, રતિક્રીડામાં કુત્સિત આચરણ કરનારી હોય, શરીર ઉપર રુંવાટીવાળી હોય, મદ્ય માંસ બલિ પ્રિયા અર્થાત્ મદ્ય, માંસ અનુરાગી અને કામાસક્ત

હોય, મહાસ્વરા અર્થાત્ વધારે પડતું બોલનારી હોય તો તેની નાયિકા પિશાચશીલા સમજવી.''
(અધ્યાય ૨૪ / શ્લોક ૧૧૩ -૧૧૪ )

'ભાવપ્રકાશન'માં શારદાતનય પિશાચશીલા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરૂપે છે.

'જેને ન્યુન અથવા અધિક આંખો, દાંત, હોઠ, કાન, સ્તન, નખ અથવા આંગળીઓ હોય, જેના શરીર ઉપર રુંવાટી હોય, જેનો અવાજ મોટો હોય (મહારવા) જે રતિક્રીડામાં ધૃણિત કર્મ કરતી હોય, જે બાળકોને ડરાવનારી હોય, રાત્રિ સમયે વિહાર કરનારી હોય તથા અસત્યભાષિણી હોય તથા જેને મદ્ય, માંસ તથા બલિ પ્રિય હોય છે તે પિશાચ-શીલા કહેવાય છે.''      (અધિકાર (૫) શ્લોક ૪૩)

<u>પ્રબોધચન્દ્રોદય</u> નાટકમાં પિશાચાંગના (પિશાચ સ્ત્રીઓ)ના નૃત્યનો ઉલ્લેખ છે.
<u>વસુમતીચિત્રસેનીય</u> નાટકમાં પિશાચિકાનો ઉલ્લેખ મળી આવે છે.

<u>'માલતીમાધવ'</u> પ્રકરણમાં પિશાચાંગનાની વિશેષતાઓનું વર્ણન મળે છે.

'આંતરડાં વડે જેમણે મંગળ હસ્તસૂત્રો બનાવ્યા છે તેવી, (મૃત્યુ પામેલી) સ્ત્રીઓના હાથરૂપી લાલ કમળોનાં સ્પષ્ટ કર્ણાભૂષણ જેમણે ધારણ કર્યાં છે તેવી, હૃદયરૂપી કમળોના હાર ધારણ કરતી (અને) લોહીના કાદવરૂપી કંકુનું સેવન કરનારી આ પિશાચોની સ્ત્રીઓ, પતિઓ સાથે ભેગી મળીને, પ્રસન્ન થઈને, મનુષ્યની ખોપરીરૂપી પ્યાલીથી મજ્જારૂપી મદિરા પીએ છે. (અંક ૫/૧૮)

<u>પદ્મપ્રાભૃતકમ્</u> ભાણમાં ગણિકાઓની પૈશુન્ય પ્રાભૃતા અર્થાત્ નિંદાખોર વૃત્તિનું વર્ણન મળે છે. ગણિકાઓ બીજાઓની નિન્દા કરવાની વૃત્તિ રાખનારી હોવાથી પિશાચશીલા કહી શકાય.

<u>યક્ષ શીલા</u>

યક્ષશીલા નાયિકાનાં લક્ષણો નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે -

'સ્વપ્નપ્રસ્વેદનાંગી અર્થાત્ ઊંઘમાં જેના શરીરમાંથી પરસેવો નીકળતો હોય, અથવા

જે સ્વપ્ન જોનારી હોય અને જેના અંગોમાં શીઘ્ર પરસેવો થતો હોય (સ્વપ્ન અને પ્રસ્વેદનો સ્વતંત્ર અર્થ કરતાં) સ્થિર શય્યા આસન પ્રિયા અર્થાત્ જેને કુશળ શૈયા તથા આસન પ્રિય હોય, મેધાવિની અર્થાત્ બુધ્ધિશાળી હોય, મૃદ્વંગી અર્થાત્ કોમળ અંગોવાળી હોય, મધગન્ધ આમિષ પ્રિય અર્થાત્ જેને મદિરા, ગન્ધ અને આમિષ અર્થાત્ માંસ પ્રિય હોય -(મધગન્ધા પાઠ પ્રમાણે જેના શરીરમાંથી દારુની વાસ આવતી હોય અને આમિષપ્રિયા પાઠ પ્રમાણે જેને માંસનું સેવન પ્રિય હોય ) બહું લાંબા સમય પછી કોઇને મળે ત્યારે કૃતજ્ઞતા અને હર્ષપુર્વક તેનું સ્વાગત કરનારી હોય, અદીર્ઘશાયિની અર્થાત્ લાંબા સમય સુધી શયન ન કરનારી એટલે કે ઓછું ઉંઘનારી નાયિકા યક્ષશિલા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૧૫-૧૧૬)

ભાવપ્રકાશનમાં યક્ષશીલા નાયિકાના લક્ષણ આ પ્રમાણે નિરુપવામાં આવ્યા છે.

'જેના શરીરમાંથી પરસેવાની નાની કણિકાઓ છુટતી હોય, 'સ્વલ્પસ્વેદકણિકા' જેને મધ, ગન્ધ તથા આમિષ (માંસ) પ્રિય હોય છે, ચિર વિસ્મૃત પ્રિયને જોઇ કૃતજ્ઞ થવાથી જે પ્રિયંવદા અર્થાત્ પ્રિયવચનો ઉચ્ચારે છે, જે લાંબા સમય સુધી સુઇ રહેતી નથી તથા જે બુધ્ધિમતી હોય છે તે યક્ષશીલા સ્ત્રી કહેવાય છે.'' (અધિકાર ૫ / શ્લોક ૪૦)

'માલવિકાગ્નિમિત્ર'માં ઇરાવતી યક્ષશીલા નાયિકાનાં કેટલાંક લક્ષણો ધરાવે છે. જેમકે તે મેધાવિની અને બુધ્ધિમતી છે.

'પ્રબોધચન્દ્રોદય' નાટકમાં યક્ષકન્યાનો ઉલ્લેખ મળે છે.

### વ્યાલ (વ્યાઘ્ર) શીલા

વ્યાલશીલા નાયિકાનાં લક્ષણ ભરતમુનિ નીચે પ્રમાણે નિરુપે છે.

'તુલ્યમાન અવમાના અર્થાત્ જે માન, અપમાનમાં સમાન ભાવ રાખનારી હોય, જેની ત્વચા તથા સ્વર કઠોર હોય, શઠા તથા ઉધ્ધત હોય ને અસત્ય બોલનારી હોય, આંખો ભુરી હોય તેવી નાયિકા વ્યાલશીલા જાણવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૧૭)

વ્યાલશીલા નાયિકાનાં લક્ષણ 'ભાવપ્રકાશન'માં શારદાતનય આ પ્રમાણે નિરુપે છે.

'જે માન અપમાનથી રહિત (માન અવમાન રહિતા), રુક્ષ ત્વચાવાળી, કટુ

સ્વરવાળી, વિશાળ નેત્રોવાળી તથા શઠ અને ધૃષ્ટ હોય છે તે વ્યાલશીલા કહેવાય છે.''
(અધિકાર (૫) / શ્લોક ૪૪)

મનુષ્યશીલા

મનુષ્યશીલા નાયિકાના લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'જે નાયિકાનો સ્વભાવ સદાય વિનીત હોય, જે ચતુર તથા અનેક ગુણોવાળી હોય, વિભક્તાંગી અર્થાત્ જેના શરીરનાં અવયવો પ્રમાણસર હોય, ગુરુદેવદ્વિજપ્રિયા અર્થાત્ જે ગુરુ, દેવતા તથા બ્રાહ્મણોને પ્રિય હોય અથવા જે પોતાના ગુરુજન તથા દેવતા અને બ્રાહ્મણોની પૂજા ભક્તિમાં વ્યવસ્થિત રહેનારી હોય, ધર્મકામ અર્થનિરતા અર્થાત્ ધર્મ, અર્થ અને કામમાં નિરત રહેનારી હોય, અહંકાર રહિત હોય, કૃતજ્ઞ હોય, સહૃદય પ્રિયા અર્થાત્ સ્વજનોથી સ્નેહ રાખનારી હોય, સુશીલા અર્થાત્ સારા ચારિત્ર્યવાળી હોય તેને માનુષશીલા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૧૮-૧૧૯)

મનુષ્યશીલા નાયિકાને ભાવપ્રકાશનકારે મર્ત્યશીલા નાયિકા તરીકે ઓળખાવી છે અને તેનાં લક્ષણો આ પ્રમાણે નિરુપ્યાં છે.

'જે સરળ, સહૃન્પ્રિય, દેવ તથા ગુરુની ભક્ત, ક્ષમાશીલા, પરોપકારી, નિત્ય અહંકારથી રહિત તથા સુશીલા હોય છે, જેને ગન્ધ, માળા તથા રતિક્રીડા પ્રિય હોય છે તે મર્ત્યશીલા હોય છે. (અધિકાર ૫ / શ્લોક ૪૬)

'માલવિકાગ્નિમિત્ર'માં ધારિણી, સરસ, નિત્યદક્ષા, શાન્તિગુણથી યુક્ત, વિભક્ત અંગોવાળી, કૃતજ્ઞ, ગુરુ-દેવતા-બ્રાહ્મણોને પ્રિય, ધર્મ - અર્થ કામમાં નિરત રહેનારી, અહંકાર રહિત તથા સુશીલા છે.

'સ્વપ્નવાસવદત્તા'માં વાસવદત્તા અને પદ્માવતી પણ માનુષશીલા નાયિકાનાં કેટલાક લક્ષણો ધરાવે છે. વાસવદત્તા સુન્દરી છે. આકૃતિને કારણે રાજદારિકા લાગે છે તે સાનુક્રોશા છે. ગુરુ, દેવતા, બ્રાહ્મણોને પ્રિય છે, ધર્મ-અર્થ -કામમાં નિરત, અહંકાર રહિત તથા સારા ચારિત્ર્યવાળી છે. પદ્માવતી પણ સુંદરી છે. ધર્મ, કામ તથા અર્થમાં નિરત છે.

ધર્મના કાર્યમાં વિઘ્નો ન નાખવા તથા દાન આપવું તેનું વંશપરંપરાગત વ્રત છે તે શાન્તિગુણથી યુક્ત તથા નિત્યદક્ષા છે.

'અભિજ્ઞાન શાકુંતલ' માં માનુષી સ્ત્રીઓનો ઉલ્લેખ મળે છે.

## વાનર શીલા

વાનરશીલા નાયિકાનાં લક્ષણો ભરતમુનિ નીચે પ્રમાણે નિરુપે છે.

'જે કદમાં ઠીંગણી (અલ્પતનુ) શરીરે ભરાવદાર તથા સ્વભાવે ધૃષ્ટ હોય, પીળા વાળવાળી હોય, છલપ્રિયા અર્થાત્ પ્રિયજનોને છલનારી અથવા અન્યને છલવામાં અનુરાગ રાખનારી, પ્રગલ્ભા, ચપલા, તીક્ષ્ણા અર્થાત્ વાચાળ, ચંચળ અને સ્ફુર્તિલી, વૃક્ષ-ઉપવન તથા વનમાં વિહરનારી, થોડા ઉપકારને પણ ઘણો માનનારી તથા પ્રસહ્ય રતિશીલા અર્થાત્ પ્રચણ્ડ કામી હોય તેવી નાયિકા વાનરશીલા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૨૦-૧૨૧

કપિ-શીલા અર્થાત વાનરશીલા નાયિકાનાં લક્ષણ શારદાતનય આ પ્રમાણે નિરુપે છે.

'જે અલ્પ ગાત્રોવાળી અર્થાત્ હલકા શરીરવાળી હોય, જેને ફળ તથા બગીચા પ્રિય હોય, જે પીળાભુરા વાળવાળી હોય, જે બળપૂર્વક રતિક્રીડા કરતી હોય, જે તીક્ષ્ણ, ચંચળ તથા શીઘ્ર ક્રોધ કરનારી તથા શીઘ્ર પ્રસન્ન થનારી હોય તે કપિ-શીલા (વાનરશીલા) નાયિકા કહેવાય છે.'' (અધિકાર (૫)/શ્લોક ૪૭)

'પાદતાડિતકમ્ ભાણ'માં વાનરી શબ્દનો ઉલ્લેખ મળે છે. 'શૃંગારભૂષણ ભાણ'માં પણ વાનરીનો ઉલ્લેખ મળી આવે છે.

## હસ્તિશીલા

હસ્તિશીલા નાયિકાનાં લક્ષણો ભરતમુનિએ નીચે પ્રમાણે નિરુપ્યાં છે.

'મહાહનુલલાટા અર્થાત્ જેનું લલાટ તથા દાઢી વિશાળ હોય, શરીર ભારે તથા માંસલ હોય, આંખો પીળી તથા શરીર ઉપર ઘણાં વાળ હોય, ગન્ધ-માલ્ય-આસવ પ્રિયા અર્થાત્ જેને સુગંધિત દ્રવ્યો, માળા તથા આસવ સેવન પ્રિય હોય, કોપના અર્થાત્ અતિક્રોધી

હોય, સ્થિરચિત્તા અર્થાત્ સ્થિર ચિત્તવાળી અથવા તો મન્દ અને શાન્ત સ્વભાવવાળી હોય, જલ, ઉદ્યાન, વન પ્રિયા, અર્થાત્ જલવિહાર અને વનવિહારમાં રુચિ રાખનારી હોય, મધુર પદાર્થો તથા રતિક્રિડામાં રુચિ લેનારી હોય તેવી નાયિકા હસ્તિશીલા સમજવી.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૨૨-૧૨૩)

શારદાતનયે 'ભાવપ્રકાશન'માં હસ્તિ-શીલા નાયિકાનાં લક્ષણ આ પ્રમાણે નિરુપ્યાં છે.

'જેની ગતિ મન્દ તથા આયત (લાંબી) હોય, ચેષ્ટાઓ મંદ હોય, વધારે ખાવાની લાલસા હોય, દીર્ઘરોષપ્રસાદા અર્થાત્ જે ખુબ ક્રોધ કરતી હોય અને ખુબ પ્રસન્ન થતી હોય તેને હસ્તિ-શીલા કહેવામાં આવે છે.'' (અધિકાર (૫) / શ્લોક ૪૮)

'વિકટ નિતમ્બા' પ્રહસનમાં 'વિકટનિતમ્બા'માં હસ્તિશીલા નાયિકાનાં કેટલાંક લક્ષણો જોવા મળે છે. જો કે આ પ્રહસનનો કેટલોક અંશજ આજે ઉપલબ્ધ છે.

## મૃગ શીલા

મૃ શૃંગ શીલા નાયિકાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'સ્વલ્પ ઉદરી અર્થાત્ નાના પેટવાળી, ભગ્નાનાસા અર્થાત્ ચપટા નાકવાળી, તનુજંઘા અર્થાત્ પાતળી જંઘાવાળી, વનપ્રિયા અર્થાત વનવિહારમાં રુચિ રાખનારી, ચલવિસ્તીર્ણ નયના અર્થાત્ ચંચળ અને વિસ્તીર્ણ નેત્રોવાળી, ચપલા, શીઘ્ર ગામિની, અર્થાત્ ઝડપથી ચાલનારી, દિવસે ડરપોક, નિત્ય ગીત-વાદ્ય-રતિ પ્રિયા અર્થાત્ સદાય ગીત વાદ્ય સાંભળવા ઇચ્છુક તથા રતિક્રીડામાં રુચિ રાખનારી, કોમના અર્થાત્ ક્રોધી, અસ્થિરે અર્થાત્ કોઇપણ કામ સ્થિરતાથી ન કરનારી નાયિકા મૃગશીલા જાણવી.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૨૪-૧૨૫)

મૃગશીલા નાયિકાનાં લક્ષણો શારદાતનયે ભાવપ્રકાશનમાં આ પ્રમાણે નિરુપ્યાં છે.

'જે શીઘ્ર ચાલનારી હોય, ચપલા હોય, ભીરુ હોય, જેને ગીત-વાદ્ય તથા રતિ પ્રિય હોય, ચલવિસ્તીર્ણ નયના અર્થાત્ ચંચળ અને વિશાળ નેત્રોવાળી હોય, કોમના અર્થાત્ ક્રોધ કરનારી હોય, વિરહ ન સહેનારી હોય, વનશય્યા આસનપ્રિયા અર્થાત્ વનમાં સુવા-બેસવા પરત્વે અનુરાગ રાખનારી હોય તે મૃગ-શીલા કહેવાય છે. (અધિકાર ૫/શ્લોક ૪૯)

ભરતમુનિ દ્વારા નિરુપિત મૃગશીલા નાયિકાનાં કેટલાંક લક્ષણો 'અભિજ્ઞાન શાકુંતલ' માં શકુંતલામાં જોવા મળે છે. તે વનપ્રિયા, ચંચળ તથા વિસ્તીર્ણ નેત્રોવાળી છે.

## મત્સ્ય શીલા

મત્સ્યશીલા નાયિકાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'જેની છાતી લાંબી, મોટી તથા ભરાવદાર હોય. આંખો ચંચળ તથા અનિમિષિણી ન હોય અર્થાત પાંપણો વારંવાર ઢળતાં ન હોય. બહુભૃત્યા અર્થાત્ જેના અનેક નોકર હોય. બહુસુતા અર્થાત્ જેને ઘણાં સંતાનો હોય. જલપ્રિયા અર્થાત્ જે જલવિહારમાં રુચિ રાખનારી હોય તેને મત્સ્યશીલા નાયિકા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૨૬)

મત્સ્યશીલા નાયિકાનાં લક્ષણો શારદાતનયે ભાવપ્રકાશનમાં નીચે પ્રમાણે નિરુપ્યા છે.

'જેને ઘણાં સેવકો હોય (બહુભૃત્યવતી), દૂરગામિની હોય. સલિલપ્રિયા અર્થાત્ જલવિહારમાં રુચિ દાખવનારી હોય. દીર્ઘગાત્રી અર્થાત્ લાંબા શરીરવાળી હોય. દૂરાચારિણી તથા અનિમિષિણી હોય તે મત્સ્ય-શીલા હોય છે. (અધિકાર (૫)/શ્લોક ૫૦)

ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં મત્સ્યશીલા નાયિકાનાં ઉદાહરણો મળતા નથી.

## ઉષ્ટ્રશીલા

ઉષ્ટ્રશીલા નાયિકાના લક્ષણો ભરતમુનિ નીચે પ્રમાણે નિરુપે છે.

'લમ્બોષ્ઠી અર્થાત્ લાંબા હોઠવાળી, સ્વેદબહુલા અર્થાત્ જેને પરસેવો ખુબ થતો હોય, વિકટ ચાલે ચાલનારી હોય. કૃશોદરી અર્થાત્ કૃશ પેટવાળી હોય. પુષ્પ-ફળ-લવણ-અમ્લ-કટુ પ્રિયા અર્થાત્ જેને પુષ્પ અને ફળ તેમજ ખારા, ખાટા અને કડવા વસ્તુઓ-ખાદ્યપદાર્થો અતિ પ્રિય હોય. કટિ તથા પાર્શ્વ ઉપસેલાં હોય. સ્વર કર્કશ તથા નિષ્ઠુર વચનો બોલનારી હોય. અતિ ઉન્નત કટિ તથા ગ્રીવા હોય તથા અટવીપ્રિયા હોય તેવી નાયિકા ઉષ્ટ્રશીલા જાણવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૨૭-૧૨૮)

'ઉષ્ટ્રી' અર્થાત્ ઉષ્ટ્ર શીલા નાયિકાનાં લક્ષણો 'ભાવપ્રકાશન'માં શારદાતનયે આ પ્રમાણે નિરુપ્યાં છે.

'દીર્ઘ ઉન્નતગ્રીવા અર્થાત્ લાંબી અને ઉંચી ગરદનવાળી, લમ્બોષ્ઠી અર્થાત્ લટકતા લાંબા હોઠવાળી, નિષ્ઠુર વેણ બોલનારી હોય, કડવા, ખાટા તથા ખારા ખાદ્યપદાર્થો પ્રિય હોય, જંગલ જેને પ્રિય હોય (વનપ્રિયા) તે ઉષ્ટ્રી કહેવાય છે. (અધિકાર (૫)/શ્લોક ૫૧)

ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં ઉષ્ટ્રશીલા નાયિકાનાં ઉદાહરણો મળતાં નથી.

મકરશીલા

મકરશીલા નાયિકાનાં લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'સ્થૂળ શીર્ષ અર્થાત્ મસ્તક સ્થૂળ અથવા મોટા માથાવાળી, અંચિત ગ્રીવા અર્થાત્ ગરદન વાંકી, ક્રૂરા અર્થાત્ ક્રૂર સ્વભાવવાળી, મહાસ્વના અર્થાત્ ખૂબ મોટા અવાજે બોલનારી, તીક્ષ્ણ દંતવાળી તથા મત્સ્યનાં ગુણો ધરાવનારી નારી મકરશીલા સમજવી.

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૨૯)

'મકર-સત્વા' અર્થાત્ મકરશીલા નાયિકાના લક્ષણો શારદાતનયે ભાવપ્રકાશનમાં આ પ્રમાણે નિરુપ્યાં છે.

'સ્થૂળ શીર્ષવાળી તથા અંચિત ગ્રીવાવાળી, મુખ વધારે પડતું ખુલ્લું, મોટા અવાજે બોલનારી તથા મકરના સર્વ ગુણોથી યુક્ત તે મકર-સત્વા સમજવી.''

(અધિકાર ૫/શ્લોક ૫૨)

ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં મકરશીલા નાયિકાના ઉદાહરણો મળતાં નથી.

ખરશીલા

ખરશીલા નાયિકાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે, -

'સ્થૂલ જિહ્વા, ઓષ્ઠ, દશના અર્થાત્ જેની જીભ, હોઠ તથા દાંત સ્થૂળ હોય

ત્વચા રુક્ષ હોય, કટુ વચનો બોલનારી હોય. રતિક્રીડામાં કલહ કરનારી હોય. ધૃષ્ટા અર્થાત્ ધૃષ્ટ સ્વભાવવાળી હોય. નખ-દન્ત-ક્ષતપ્રિયા અર્થાત્ નખક્ષત તથા દન્તક્ષત આપવામાં જે પ્રવીણ હોય, સપત્નીદ્વેષિણી અર્થાત્ શોક્યથી દ્વેષ કરનારી હોય, દક્ષા અર્થાત્ ગૃહકાર્યમાં ચતુર હોય, ચપલા અર્થાત્ ચંચળ વૃત્તિવાળી હોય. શીઘ્રગામિની અર્થાત્ ઝડપથી ચાલનારી હોય. સરોષા અર્થાત્ રોષ કરનારી હોય. અનેક સન્તાનોવાળી હોય તેવી નાયિકા ખરશીલા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૩૦-૧૩૧)

શારદાતનયે, 'ભાવપ્રકાશન'માં ખરશીલા નાયિકાનાં લક્ષણો આ પ્રમાણે નિરુપ્યાં છે.

'સ્થુળ જિહ્વા, ઓષ્ઠ, દશના, રુક્ષ ત્વચા, કટુ ભાષિણી, રતિ પ્રિયા, સદા પ્રસન્ન રહેનારી ખરશીલા કહેવાય છે.'' (અધિકાર (૫) / શ્લોક ૫૩)

ઉપલબ્ધ પ્રસિદ્ધ સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં ખરશીલા નાયિકાના ઉદાહરણો મળતાં નથી.

## સુકર શીલા

ભરતમુનિ સુકરશીલા નાયિકાનાં લક્ષણો નિરુપતાં જણાવે છે કે -

'દીર્ઘ પૃષ્ઠ-ઉદર-મુખી અર્થાત્ જેની પીઠ અથવા પૂંઠ, પેટ તથા મુખ દીર્ઘ અર્થાત્ વિસ્તૃત હોય. શરીર ઉપર ઘણાં વાળ હોય. બલાન્વિતા અર્થાત્ બળવાન હોય. સુસંક્ષિપ્તલલાટા અર્થાત્ જેનું કપાળ પ્રમાણસર સાંકડું હોય. કન્દમુળફળપ્રિયા અર્થાત્ કન્દમુળ તથા ફળ જેનાં પ્રિય ભોજ્ય હોય. કાળી, ભયંકર તથા આગળ પડતાં દાંતવાળી હોય. કમર પાતળી, વાળ મોટા, હીનાચારા અર્થાત્ હીન આચરણવાળી તથા અનેક સંતતિવાળી હોય તેવી નાયિકા 'સુકરશીલા' સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૩૨-૧૩૩)

સૌકરશીલા અર્થાત્ સુકરશીલા નાયિકાનાં લક્ષણો શારદાતનયે ભાવપ્રકાશનમાં આ પ્રમાણે નિરુપ્યાં છે.

'સપત્ની દ્વેષીણી અર્થાત્ સપત્ની પરત્વે દ્વેષ દાખવનારી, ક્રોધી, અનેક સંતાનોવાળી અર્થાત્ દરીરતા, ~~અર્થાત્~~ —————————— લાંબા મુખવાળી, પોળી

આંખોવાળી તથા પીળી રુંવાટીવાળી, 'સોંદરશીલા' કહેવાય છે.

(અધિકાર (૫) / શ્લોક ૫૪)

ઉપલબ્ધ પ્રસિદ્ધ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં સુંદરશીલા નાયિકાનાં ઉદાહરણો મળતાં નથી.

## હયશીલા

હયશીલા નાયિકાનું લક્ષણ નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે -

'સ્થિરા અર્થાત્ સ્થિર સ્વભાવવાળી, પાર્શ્વ-ઉરુ-કટિ-પૃષ્ઠ તથા ગર્દન સુવિભક્ત હોય, સુભગા અર્થાત્ સુંદર સ્વરૂપવાળી, દાનશીલા અર્થાત્ દાનધર્મ કરનારી, શિરકેશ સરળ તથા સ્થૂળ હોય, કૃશા અર્થાત દુબળીપાતળી, ચંચળચિત્તા અર્થાત્ ચંચળ-ચિત્તવાળી, સ્નિગ્ધવાક્ અર્થાત્ મધુરભાષિણી, શીઘ્રગામિની અર્થાત્ ઝડપથી ચાલનારી, કામસેવનમાં રુચિ રાખનારી, તથા ક્રોધ કરનારી અથવા પાઠભેદ પ્રમાણે કામ ક્રોધથી પર નાયિકા હયશીલા જાણવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૩૪-૧૩૫)

શારદાતનય, ભાવપ્રકાશનમાં 'હયશીલા' નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરૂપે છે.

જેની પૂંઠ અથવા પીઠ (પાર્શ્વભાગ), ઉરુ, કટિ-ભાગ, શ્રોણિ (નિતંબ) તથા ગર્દન વિગેરે અવયવો સુડોળ હોય, જે દાનશીલા હોય, ઝુઝુ અને સ્થૂળ કેશવાળી હોય, મધુરભાષિણી, ક્રોધી તથા રતિ ક્રીડામાં કંપનારી (રતિલોલા) હોય તે હયશીલા કહેવાય છે.

(અધિકાર (૫)/શ્લોક ૫૫)

ભરતમુનિ દ્વારા નિરૂપિત હયશીલા નાયિકાના વિશેષતાઓ શકુંતલા, માલવિકા, પદ્માવતી, માલતી વિગેરે નાયિકાઓમાં જોવા મળે છે.

'અભિજ્ઞાન શાકુંતલ' ની નાયિકા શકુંતલા-વિભક્ત પાર્શ્વ, ઉરુ, કટિ, પૃષ્ઠ, શિર, તથા અધરવાળી છે. સુંદર રૂપવાળી છે. કૃશા, ચંચળ-ચિત્તવાળી, મધુરભાષિણી તથા ક્રોધથી પર છે.

'માલવિકાગ્નિમિત્ર' ની નાયિકા માલવિકા-વિભક્ત અંગોવાળી, સુંદર રૂપવાળી, કૃશા, મધુરભાષિણી તથા ક્રોધથી રહિત છે.

'માલતીમાધવ'ની નાયિકા માલતી સુંદર રુપવાળી તથા મધુરભાષિણી છે.

'સ્વપ્નવાસવદત્તા'માં પદ્માવતી સુંદર રુપવાળી, દાનશીલ, કોમળ વાણી બોલનારી કામક્રોધથી રહિત છે.

'નાગાનન્દ'ની નાયિકા મલયવતી સુંદર રુપ તથા કોમળ વાણી ધરાવે છે.

હયશીલાનું વિકસિત રુપ તે કામશાસ્ત્રની વડવા નાયિકા.

મહિષશીલા

મહિષશીલા નાયિકાનાં લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'સ્થૂળ પૃષ્ઠ, અસ્થિ, દશના અર્થાત્ જેની પીઠ, હાડકાં (અક્ષિ પાઠભેદ પ્રમાણે આંખો) તથા દાંત મોટા હોય, તનુ-પાર્શ્વ, ઉદરા અર્થાત્ જેનું પેટ તથા પડખાં પાતળાં હોય, સ્થિરા અર્થાત્ સ્વભાવે સ્થિર હોય, હરિરોમાંચિતા અર્થાત્ અત્યંત રુક્ષ રોમવાળી, રૌદ્રી અર્થાત્ રૌદ્ર સ્વરુપવાળી, લોકદ્વિષ્ટા અર્થાત્ મનુષ્યથી દ્વેષ કરનારી અથવા જેનાથી મનુષ્યો ધૃણા કરે તેવી, રતિપ્રિયા, મુખ થોડું ઊંચું રાખનારી, જલક્રીડા, વનપ્રિયા, અર્થાત્ જળમાં ક્રીડા કરનારી તથા વનમાં વિહરનારી, બહૃદ્ લલાટ અને નિતમ્બવાળી, નાયિકા મહિષશીલા જાણવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૩૬-૧૩૭)

માહિષ શીલા નાયિકાના લક્ષણો નિરુપતાં શારદાતનય જણાવે છે કે 'સ્થૂળ દાંત ધરાવનારી, વિશાળ નિતંબવાળી, કઠોર રુંવાટીવાળી, લાલ આંખોવાળી, નિર્ભીક, ઉન્નત મુખવાળી, લોકદ્વેષી, રતિપ્રિયા તથા સલિલ અને અરણ્ય રસિકા માહિષ-શીલા કહેવાય છે.
(અધિકાર ૫ / શ્લોક ૫૬)

ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં મહિષશીલા નાયિકાના ઉદાહરણો મળતાં નથી.

અજાશીલા

અજાશીલા નાયિકાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'કૃશા અર્થાત્ દુબળીપાતળી, ભુજા તથા ઉરોજ અર્થાત્ સ્તન તનુ હોય, નિતમ્બ

તથા સ્થિર નેત્રોવાળી, પાર્ષ્ણિ તથા પાદ સંક્ષિપ્ત અર્થાત્ નાના હોય, જે સુક્ષ્મ રોમવાળી હોય, ભયશીલા અર્થાત્ ડરપોક, જડોન્મત્તા અર્થાત્ જડ અને ઉન્મત્ત હોય, અનેક સંતાનો હોય, વનપ્રિયા અર્થાત્ વનવિહારમાં રુચિ રાખનારી હોય, ચપળા અર્થાત્ ચપળ સ્વભાવવાળી હોય, શીઘ્રગમના અર્થાત્ ઝડપથી ચાલનારી હોય તેવી નાયિકા અજાશીલા સમજવી.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૩૮-૧૩૯)

'અજાશીલા નાયિકાનાં લક્ષણો નિરુપતાં શારદાતનય જણાવે છે -

'કૃશ, તરલ નેત્રોવાળી, તનુ ભુજાવાળી, સુક્ષ્મ રુંવાટીવાળી, શીતથી ડરનારી (શીતભીરુ), જલથી ઉદ્વિગ્ન પામનારી, બહુ સંતાનવાળી, વનપ્રિયા, ઉષ્માભર્યાં અંગોવાળી, સંચરણની ઇચ્છાવાળી અજાશીલા કહેવાય છે. (અધિકાર (૫) / શ્લોક ૫૭)

ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં અજાશીલા નાયિકાનાં ઉદાહરણો મળતાં નથી.

## અશ્વશીલા

અશ્વશીલા નાયિકાનાં લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'જેનું શરીર તથા નેત્રો કસાયેલાં હોય, વારંવાર બગાસાં ખાનારી હોય, દીર્ઘ-અલ્પ વદના અર્થાત્ મુખ લાંબું તથા પાતળું હોય, શ્રોણ-પગ નાના હોય, સ્વર કર્કશ હોય, સ્વલ્પનિદ્રા અર્થાત્ ઓછું ઉંઘનારી હોય, ક્રોધના અર્થાત્ ક્રોધી સ્વભાવવાળી હોય, સુકૃતપ્રિયા અર્થાત્ સારાં કાર્યો પસંદ કરનારી હોય, હીનાચારા અર્થાત્ હીન આચરણ કરનારી હોય, કૃતજ્ઞા અર્થાત્ ઉપકાર માનનારી નાયિકા અશ્વશીલા અથવા પાઠભેદ પ્રમાણે શ્વાનશીલા નાયિકા જાણવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૪૦-૧૪૧)

ભાવપ્રકાશનમાં અશ્વશીલા કે શ્વાનશીલા નાયિકાનું વર્ણન મળતું નથી.

ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં અશ્વશીલા કે પાઠભેદથી શ્વાનશીલા નાયિકાનાં ઉદાહરણો મળતાં નથી.

## ગણિકા (ગશીલા)

ગશીલા નાયિકાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'પૃથુ, પીન, ઉન્નત શ્રોણી, અર્થાત્ મોટા તથા ઉંચા નિતમ્બવાળી, તનુજંઘા અર્થાત્ પાતળી જંઘાવાળી, સંક્ષિપ્ત પાણિપાદા અર્થાત્ નાના હાથ-પગવાળી, સહૃદપ્રિયા, અર્થાત્ સ્વજનોને ચાહનારી, દ્રઢારમ્ભા, અર્થાત્ કોઇપણ કાર્યનો પ્રારંભ કરવામાં સ્થિર વૃત્તિ રાખનારી, પ્રજાહિતા, અર્થાત્ પ્રજાના હિતમાં રત રહેનારી, પિતૃદેવઅર્ચનરતા અર્થાત્ પિતૃઓ તથા દેવોની પુજા કરવામાં પ્રીતિ રાખનારી, પવિત્ર અંતઃકરણ કરનારી, ગુરુજનોનું માન રાખનારી, સ્થિરા અર્થાત્ સ્થિર સ્વભાવવાળી તથા કલેશ સહન કરવાનું સામર્થ્ય રાખનારી નાયિકા ગશીલા જાણવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૧૪૨-૧૪૩)

'ગવાસત્વા' અર્થાત્ ગશીલા નાયિકાના લક્ષણો શારદાતનયે આ પ્રમાણે નિરુપ્યાં છે-

'પૃથુ પીન, ઉન્નત શ્રોણિ, તનુજંઘાવાળી, સુહૃત્પ્રિયા, પિતૃ, તથા દેવ, અર્ચનમાં રત રહેનારી, દૃઢારંભા, પ્રજાહિતૈષી, સ્થિર વૃત્તિવાળી, પર કલેશ સહેનારી 'ગવાસત્વા' કહેવાય છે. (અધિકાર (૫) / શ્લોક ૫૮)

ભરતમુનિ નિરુપિત ગશીલા નાયિકાનાં લક્ષણો ધારિણી, વાસવદત્તા તથા પદ્માવતી નાયિકાઓમાં જોવા મળે છે. આ ત્રણે નાયિકાઓ પ્રજાહિતનાં કાર્યો કરનારી, પિતૃ, દેવતાઓની અર્ચના કરનારી, સત્ય-પવિત્રતાનાં ગુણોથી યુકત, ગુરુ પ્રિય, સ્થિરા તથા કલેશ સહન કરનારી છે. આ વિશેષતાઓને કારણે આ ત્રણે નાયિકાઓ ગશીલા કહી શકાય.

જાતિગત શીલના આધારે નાયિકાભેદ નિરુપ્યા પછી ભરતમુનિ જણાવે છે કે સ્ત્રીના સત્વ અર્થાત્ પ્રકૃતિ જોઇ તેની સાથે વ્યવહાર કરવો જોઇએ. શારદાતનય પણ 'આ પ્રમાણે ભરતમુનિએ કહેલા સ્ત્રીઓના શીલ મે કહ્યાં' એમ જણાવી વિધાન કરે છે કે કોઇ પણ સમજદાર વ્યકિતએ સ્ત્રીના સત્વને સમજી લઇને તેના સત્વ અનુસાર તેની પાસે જવું જોઇએ.

## સ્ત્રી-પ્રકૃતિના આધારે નાયિકા ભેદ

ભરતમુનિએ સ્ત્રીની પ્રકૃતિના આધારે નાયિકા-ભેદનું વિવરણ આપ્યું છે. સ્ત્રીની પ્રકૃતિમાં ભેદ સત્વ-ભેદને કારણે ઉદ્‌ભવે છે. ભરતમુનિએ નાયિકાઓના ત્રણ પ્રકારની પ્રકૃતિના આધારે બાહ્ય, આભ્યન્તરા અને બાહ્યાભ્યન્તરા ભેદ પાડયા છે અથવા આચરણની શુધ્ધતા અથવા અશુધ્ધતાના આધારે આ ત્રણ ભેદ પાડયા છે. સ્ત્રીઓના વિવિધ પ્રકારના સત્વથી ઉત્પન્ન ત્રણ પ્રકારની આચરણ-પ્રકૃતિના આધારે આ ત્રણ ભેદ પાડયા છે એમ પણ કહી શકાય.

ત્રિવિધા પ્રકૃતિઃ સ્ત્રીણાં નાનાસત્વસમુદ્‌ભવા ।
બાહ્યા ચાભ્યન્તરા ચૈવ સ્યાદ્‌બાહ્યાભ્યન્તરાઽપરા ॥
(અધ્યાય ૨૪ / શ્લોક ૧૫૧)

### બાહ્યા

વેશ્યાનાયિકા, બાહ્યા નાયિકા હોવાનું ભરતમુનિનું વિધાન છે.

'' બાહ્યા વેશ્યાંગના સ્મૃતા ''

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૫૨)

'પ્રબોધચન્દ્રોદય' નાટકમાં વેશ્યાનો ઉલ્લેખ મળે છે. 'ચારુદત્ત'માં વેશ્યા માટે બાહ્યજન એવો શબ્દપ્રયોગ થયેલો છે. 'ચારુદત્ત' માં (અંક ૧/૧૭) માં વેશ્યાનો ઉલ્લેખ મળે છે.

'મૃચ્છકટિક' પ્રકરણમાં વસન્તસેના વેશ્યા નાયિકા રુપે મળે છે.

વિવિધ પ્રકારના ભાણોમાં વેશ્યા નાયિકાનું વર્ણન મળે છે.

'ધૂર્તવિટસંવાદ' ભાણમાં ત્રણ પ્રકારની વેશ્યાઓનું વર્ણન છે. ઉત્તમ, મધ્યમ તથા અધમ. અધમ પ્રકારની વેશયુવતી દાનથી પ્રેમ કરે છે અથવા વિના કારણેજ પ્રેમ કરે છે. મધ્યા જુવાનીથી ભરપૂર રુપ જોઇને અથવા દાનથી પ્રસન્ન થાય છે. પણ ઉત્તમ

નારી દાતા, વિગતસ્પૃહ, યુવાન, રુપવાન, અનુકૂળ અને શણગારથી સજ્જ નરની સેવા કરે છે.

દાનાદ્ રાગમુપૈતિ વેશયુવતિર્નિષ્કારણાદ્ વાઽધમા ।
મધ્યા રુપમવેક્ષ્ય યૌવનયુતં દાનેન વ હૃષ્યતિ ॥
દાતારં, વિગતસ્પૃહં, સુવયસં, રુપાધિકં ચૈવ ભો ।
દાક્ષિણ્યેન વિભૂષિતં ખલુ નરં નાર્યુત્તમા સેવતે ॥

ધૂર્તવિટ સંવાદ ભાણ (પૃ.૯૦)

એક અન્ય સ્થાને વિટ કામવતી વેશ્યાના સંદર્ભમાં કહે છે.

કાન્તા નેત્રાર્ધપાતા વદન રુચિકરાઃ સસ્મિતા ભ્રૂવિલાસાઃ ।
સાકારા વાક્યલેશાઃ સહતલનિનદા દૃષ્ટનષ્ટાશ્ચ હાસાઃ ॥
નાભીકક્ષસ્તનાનાં વિવરણબહુકૃત્સ્પર્શનં મેખલાનાં ।
શ્વાસાયાસાશ્ચ દીર્ઘા મદનશરહતાં કામિનીં સૂચયન્તિ ॥

ધૂર્તવિટ સંવાદ ભાણ (પૃ.૯૦)

સુંદર અર્ધખુલી આંખો, મુખની શોભા વધારનારો સ્મિત વેરતી ભ્રમરો, ઈંગિતો તથા ભાવ ભંગિમાઓથી ભરેલી વાતો, વચ્ચે વચ્ચે તાળી પાડી બોલવું, પ્રગટ થવાની સાથેજ લુપ્ત થઈ જતું સ્મિત, નાભિ, કક્ષ તથા સ્તનો ખુલ્લાં કરવાં, મેખલાને વારંવાર સ્પર્શવી, જોરથી શ્વાસ લેવો વિગેરે લક્ષણો કામબાણથી પીડિત કામિનીનું સુચન કરે છે.

'પાદતાડિતકમ્ ભાણ'માં પતાકા વેશ્યાનો ઉલ્લેખ મળે છે. ડો.મોતીચન્દ્ર અને ડો.વાસુદેવશરણ અગ્રવાલના મત પ્રમાણે પતાકાવેશ્યા શબ્દ કોશમાં મળતો નથી. હિન્દી ભાષામાં જેને ટકહિયા વેશ્યા કહે છે તે અર્થમાં પતાકાવેશ્યા શબ્દ પ્રયોજાયેલો છે.

(ચતુર્ભાણી પૃ.૨૧૮)

'પાદતાડિતકમ્ ભાણ'માંજ એક સ્થળે અરણ્યવાસિની પતાકા વેશ્યાનો ઉલ્લેખ મળે છે. ડો.મોતીચન્દ્ર અને ડો.વાસુદેવશરણ અગ્રવાલના મત પ્રમાણે જંગલમાં રહેનારી અર્થાત્ દેશમાં ન રહીને નગરની સીમાથી બહાર રહેનારી અરણ્યવાસિની પતાકા વેશ્યા કહેવાય છે. (ચતુર્ભાણી પૃ.૨૨૨)

'વૈશિક ઉપચાર અધ્યાય'માં ભરતમુનિ વેશ્યાનાં લક્ષણો વર્ણવે છે. અહીં 'ગણિકા' શબ્દ ન પ્રયોજતા તેઓ વેશ્યા શબ્દજ પ્રયોજે છે. અર્થહેતુ અર્થાત્ ધનની પ્રાપ્તિ માટે 'વેશ્યા પોતાને પ્રિય અથવા અપ્રિય-દરેક પુરુષને ઇચ્છજ ગણે છે. જો કે સ્વર્ગની વેશ્યા એવી અપ્સરાઓ કે જે મનુષ્ય અથવા રાજાના ગુણો પર આસકત થાય છે તેને અપવાદરુપ સમજવી. ધનને કારણે વેશ્યાઓને પૂર્વે ધૃણાસ્પદ એવો પુરુષ પ્રીતિપાત્ર અને પ્રીતિપાત્ર પુરુષ ધૃણાસ્પદ બની જાય છે. વેશ્યા માટે નો સમય આવે દુ:શીલ પણ સુશીલ અને ગુણવાન પણ નિર્ગુણ બની જાય છે. (અધ્યાય ૨૫ શ્લોક ૭૪ અને ૭૫)

### અભ્યન્તરા

ભરતમુનિના મત પ્રમાણે કુલિન અર્થાત્ ઉંચા કુટુંબમાં ઉત્પન્ન થયેલી નાયિકા અભ્યન્તરા નાયિકા કહેવાય છે.

કુલીનાભ્યન્તરા જ્ઞેયા.

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૫૨)

'સ્વપ્નવાસવદત્તા'માં વાસવદત્તા 'માલવિકાગ્નિમિત્ર'માં માલવિકા 'અનર્ઘરાઘવ' માં સીતા ઉંચા કુળમાં ઉત્પન્ન થયેલી હોવાથી અભ્યન્તરા નાયિકાઓ છે.

### બાહ્યાભ્યન્તરા

ભરતમુનિના મત પ્રમાણે 'કૃતશૌચા' નારી બાહ્યાભ્યન્તરા નાયિકા કહેવાય છે.

કૃતશૌચા તુ યા નારી સા બાહ્યાભ્યન્તરા સ્મૃતા ॥ ૧૫૨ ॥

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૫૨)

કૃતશૌચા નારી એટલે એકજ પ્રિયતમને પોતાનો પ્રેમ સર્વસ્વ અર્પણ કરનારી નારી અર્થાત વેશ્યાવૃત્તિનો ત્યાગ કરી શુધ્ધરુપે પ્રેમીની સાથે રહેનારી નાયિકા બાહ્યાન્તરા કહેવાય છે.

'મૃચ્છકટિક' પ્રકરણની નાયિકા વસન્તસેના બાહ્યાભ્યન્તરા છે.

વસન્તસેના વેશ્યાવૃત્તિનો ત્યાગ કરી શુધ્ધપણે પોતાના પ્રેમી ચારુદત્ત સાથે રહે છે. તે ચારુદત્તને સાચા હૃદયથી પ્રેમ કરે છે. આરંભમાં વસન્તસેના વેશ્યાવૃત્તિવાળી હોય છે. પરંતુ ચારુદત્તના દર્શન પછી તે વેશ્યાવૃત્તિનો ત્યાગ કરે છે. કામદેવનાયનમાં જ્યારે તે ચારુદત્તનાં દર્શન કરે છે ત્યારે તેના હૃદયમાં અનુરાગ ઉત્પન્ન થાય છે. તે જાણે છે કે ચારુદત્ત દરિદ્ર છે છતાં પણ તે એને પ્રેમ કરે છે. તેનો પ્રેમ ધન માટે નથી પણ પ્રશંસનીય એવો સાચો પ્રેમ છે.

'' દરિદ્રપુરુષસંક્રાન્તમના ખલુ ગણિકાલોકેડવચનીયા ભવતિ ।

ચારુદત્ત પાસેથી તે કશાની અપેક્ષા રાખતી નથી. પરંતુ ચારુદત્ત માટે સર્વસ્વ ન્યોછાવર કરવા તત્પર બને છે. દરિદ્ર વ્યક્તિ પરત્વેનો અનુરાગ તેના હૃદયની પવિત્રતા વ્યક્ત કરે છે. શકારના પ્રણય પ્રસ્તાવને તે તાબે થતી નથી.-લોભથી નહિ, મૃત્યુના ભયથી પણ નહિ કે આતંકથી પણ નહિ. તે દસ સહસ્ર સુવર્ણાલંકારો સાથે આવેલા શકારના આમંત્રણનો અસ્વીકાર કરે છે. શકાર જ્યારે એને મારી નાખવા માટે તૈયાર થાય છે ત્યારે તે ચારુદત્તનું નામ લઇ મરવા તત્પર બને છે, પણ શકારનો સ્વીકાર નથી કરતી. તે જાણે છે કે પોતે એક વેશ્યા છે છતાં પણ તે પોતાના પ્રિયતમ માટે વેશ્યાવૃત્તિનો ત્યાગ કરે છે અને પ્રિયતમ સાથે રહેવા માટે તથા પ્રિયતમની પ્રાપ્તિ માટે ગમે તે કરી છૂટવા તત્પર બને છે. આભૂષણ ન્યાસ, દુર્દિનમાં અભિસરણ, પુષ્પકરણ્ડક ગમન વિગેરે કરતી કરતી મરણાસન્ન થઇ જાય છે અને પછી સચેત થઇ ચારુદત્તને બચાવવા માટે વધસ્થળે પહોંચી જાય છે તથા પ્રેમના આવેગમાં તેના હૃદય ઉપર ઢળી પડે છે. અન્તે તેના મનોરથ પુરા થાય છે અને કુળવધુ પદ પ્રાપ્ત કરે છે.

પોતાના પ્રેમી ચારુદત્ત સાથે રહેવા માટે વેશ્યાવૃત્તિનો ત્યાગ કરનારી વસન્તસેના બાહ્યાભ્યન્તરા નાયિકા છે.

ભરતમુનિએ પ્રકૃતિગત નાયિકાભેદમાં 'કુલજા' અને 'કન્યકા' એવા બે અન્ય ભેદ પણ નિરુપ્યા છે.

અન્ત: પુરોપચારે તુ કુલજા કન્યકાપિ વા ।

(અધ્યાય ૨૪ / શ્લોક ૧૫૨)

શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી કુલજા અને કન્યકા નાયિકાઓને 'બાહ્યાભ્યન્તરા' નાયિકાના ઉપભેદ માને છે. તેમના મત પ્રમાણે અન્ત:પુરમાં રાખવાને કારણે જેનું ચરિત્ર અખંડિત છે ((કુલશૈલા) તેવી વેશ્યાની કન્યા બાહ્યાભ્યન્તરા અથવા મિશ્ર પ્રકૃતિની હોય છે. જો તે કુલિન સ્ત્રી અથવા રાજકન્યા હોય તો આવી દશામાં રહેવાને લીધે તેને પણ મિશ્ર પ્રકૃતિની સ્ત્રી સમજવી જોઈએ. (હિન્દી નાટ્યશાસ્ત્ર ભાગ-૩ પૃ.૨૧૭).

## અષ્ટનાયિકાભેદ

ભરતમુનિએ કામદશાની અવસ્થાના આધારે આઠ નાયિકાઓના ભેદ વર્ણવ્યા છે જે ભારતીય કાવ્યશાસ્ત્રમાં 'અષ્ટનાયિકાભેદ' તરીકે ઓળખાય છે.

'સામાન્ય અભિનય' અંતર્ગત નાયિકાઓના આઠ ભેદ ભરતમુનિ આ પ્રમાણે વર્ણવે છે (૧) વાસકસજ્જા (૨) વિરહોત્કંઠિતા (૩) સ્વાધીન પતિકા (ભર્તૃકા) (૪) કલહાન્તરિતા (૫) ખંડિતા (૬) વિપ્રલબ્ધા (૭) પ્રોષિતભર્તૃકા તથા (૮) અભિસારિકા.

આ તમામ નાયિકાઓના લક્ષણ આ પ્રમાણે છે.

### (૧) વાસકસજ્જા

'વાસકસજ્જા' નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'રતિસંભોગની લાલસાથી જે નાયિકા, વાસક બરાબર થઇ ગયા પછી (ઉચિત વાસકે) શ્રૃંગાર કરે છે (મણ્ડનં કુરુતે) તે નાયિકા વાસકસજ્જા કહેવાય છે.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૨)

અભિનવગુપ્તના મત પ્રમાણે લાલસાનો અર્થ સાભિલાષા થાય છે. વાસક શબ્દ મિલનરાત્રિનો પ્રેમોપચાર ઇંગિત કરે છે. અભિનવગુપ્તે વાસક શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.

વાસયતિ તત્ર સ્થાને રાત્રમિતિ વાસક: ।

અર્થાત્ જ્યાં સુખ ઉપભોગઅર્થે રાત્રિ વિતાવવામાં આવે તે. જ્યાં કામોપચારનું ઔચિત્ય રહે છે. ભરતમુનિએ આ પુર્વે ૨૦૮માં શ્લોકમાં છ પ્રકારના વાસક નિરુપ્યા છે.

પરિપાટ્યાં ફલાર્થે વા નવે પ્રસવ એવ વા ।
દુ:ખે ચૈવ પ્રમોદે ચ ષડેતે વાસકા: સ્મૃતા ॥ ૨૦૮ ॥

અભિનવગુપ્તે વાસકના છ પ્રકારો વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે.

(૧) પરિપાટ્યા :

પરિપાટી એટલે નિર્ધારિત દિવસ. એક અથવા બે દિવસ છોડી અમુક નાયિકાથી રાજા રાત્રીવેળા મળે. પછી કોઇ બીજી નાયિકાથી નિર્ધારિત કરેલા દિવસે રાજા રાત્રિવેળા મળે. આ પ્રમાણે રાજા પોતાની તમામ રાણીઓને પરિપાટી અનુસાર રાત્રે મળતો રહે. અભિનવગુપ્ત જણાવે છે તેમ પરિપાટી એટલા માટે અપનાવવામાં આવી હશે કે કોઇપણ રાજાને ત્યાં ઘણી રાણીઓ રહેતી. તે દરેકને એક સાથે નાયક મળી શકે નહિ એટલે પરિપાટી તૈયાર કરવામાં આવતી કે અમુક દિવસે અમુક નાયિકા (રાણીને) રાજા રાતે મળશે. પરિપાટી પ્રમાણે જે રાણીઓને રાજા મળતો તેને 'વાસક' કહેવામાં આવતો.

(૨) ફલાર્થે :

કોઇ ફળની પ્રાપ્તિ અર્થે અથવા પુત્ર પ્રાપ્તિ માટે રાત્રે ઋતુ અનુસાર જે રાણીને રાજા મળતો તે વાસક કહેવાતો.

(૩) નવપ્રસવ :

જેને નવ પ્રસવ અર્થાત્ કોઇ બાળક પેદા થયું હોય તેવી રાણીને જે રાત્રે રાજા મળતો તે પણ વાસક કહેવાતો. નવપ્રસવ પછી રાજા એટલા માટે રાણીને મળતો કે તે ઘણાં દિવસથી રાજાને ન મળવાને લીધે દુ:ખી થતી. એટલે તેને સુખી કરવાના આશયથી રાજા તેને મળતો.

(૪) દુ:ખે :

જે રાણી પોતાના બન્ધુ ઇત્યાદિની વિપત્તિને લીધે દુ:ખી થતી તેને આશ્વાસન

આપવા રાજા રાત્રે તેને મળતો. તે રાત્રી પણ વાસક કહેવાતી.

(૫) **પ્રમોદ :**

પુત્ર વિગેરેનો ઉત્સવ થતો ત્યારે રાજા રાણીને મળતો. તેનાથી રાણીને પ્રમોદ થતો. એટલે તે પણ વાસક કહેવાતી.

'નવ' શબ્દને 'પ્રસવ'નું ક્રિયાવિશેષણ ન ગણતાં, સ્વતંત્ર સંજ્ઞા રુપે લેવાથી 'નવિન પરિચય' એવો અર્થ કરી તેવા સમયે સાંજે રાજા જે રાણી સાથે અથવા સ્ત્રી સાથે સંયોગ કરતો તે પણ વાસક કહેવાતી.

અભિનવગુપ્તનું કહેવું છે કે જે સ્થાને રાત્રિ વિતાવવામાં આવે તે વાસક અર્થાત રતિગૃહ.

'નાટ્યદર્પણ' અનુસાર રાત્રિ સમયે પ્રિયની સાથે રહેવું તે 'વાસક' કહેવાય છે. (૪ / ૨૬૬)

'દશરુપક'કાર ધનંજય વાસકસજ્જા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે.

મુદાવાસકસજ્જા સ્વંમણ્ડયત્યેષ્યતિપ્રિયે ॥

(દશરુપક ૨ / ૨૪)

જે પ્રિયના આગમનથી પ્રસન્ન થઇ શણગાર સજે છે તે વાસકજજ્જા નાયિકા કહેવાય છે.

'સાહિત્યદર્પણ' અનુસાર સજાયેલા મહેલમાં સખી જેને સુભુષિત કરતી હોય. પ્રિય સમાગમ વિશે જે નિશ્ચિત હોય તે વાસકસજ્જા નાયિકા કહેવાય. (૩ /૮૫)

'નાટ્યદર્પણ' પ્રમાણે પતિ આવવાની આશા હોવાને લીધે પ્રસન્ન થઇ શણગાર સજતી નાયિકા વાસકસજ્જા કહેવાય છે. (૪/૨૬૬) આ નાયિકામાં સંભોગ શૃંગાર છે જ્યારે અન્ય નાયિકાઓમાં વિપ્રલંભ. (૪/૨૬૬)

'ભાવપ્રકાશન' અનુસાર ભોગના સર્વ ઉપકરણો વડે સજાવેલા મહેલમાં ભોગ શય્યા, કેલિ તથા નિદ્રાની શય્યા બિછાવી જે સ્વયં શણગારી સજી પલંગ ઉપર પ્રિયના

આગમનની પ્રતીક્ષા કરે છે તેને કવિજન વાસકસજ્જા નાયિકા કહે છે. સખીઓની સાથે વિનોદ તથા સંભોગરૂપ મનોરથનું ચિંતન, હુલ્લેખ, શ્વાસ, દૂતીના પાછા ફરવાની ચિંતા- આ વિધ્વાનોએ કહેલા વાસકસજ્જા નાયિકાના વિકાર છે. (૪/૧૬૧)

ટૂંકમાં રતિસંભોગની લાલસાથી શૃંગાર સજતી, અથવા કામકેલિ (રતિક્રીડા) માટે આતુર બની યોગ્ય વસ્ત્રભૂષણો ધારણ કરી પ્રિયની રાહ જોતી નાયિકા તે વાસકસજ્જા.

અનર્ઘરાઘવ (૪/૨), ધર્મવિજય (પૃ.૩૬), ઉદ્ગાતૃદશાનનમ્ (પૃ. ૨૫) વિગેરે નાટકોમાં ભરતમુનિ નિરુપિત વાસકસજ્જા નાયિકાનો ઉલ્લેખ મળે છે.

(૨) <u>વિરહોત્કણ્ઠિતા</u>

વિરહોત્કણ્ઠિતા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે, -

'અનેક કાર્યોમાં વિઘ્નો પડવાને લીધે અથવા અનેક કાર્યોમાં વ્યસ્ત રહેવાને લીધે જેનો પ્રિય નથી આવતો તેવી પ્રિયના ન આવવાથી દુઃખી નાયિકા વિરહોત્કણ્ઠિતા નાયિકા કહેવાય છે. (અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૩)

'દશરૂપક'માં ધનંજય વિરહોત્કણ્ઠિતા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરૂપે છે.

ચિરયત્યવ્યલીકે તુ વિરહોત્કણ્ઠિતોન્મના: ॥ (દશરૂપક (૨/૨૫))

પ્રિય અપરાધી ન હોવા છતાં પણ તેના આવવામાં વિલંબ થવાથી જે નાયિકા ઉત્કંઠિત મનથી તેની પ્રતીક્ષા કરે છે તે વિરહોત્કંઠિતા નાયિકા કહેવાય છે.

'સાહિત્યદર્પણ' અનુસાર ''આવવાનું નક્કી કર્યા છતાં દૈવવશ જેનો પ્રિય ન આવી શકે તો તેના ન આવવાથી ખિન્ન નાયિકા વિરહોત્કંઠિતા કહેવાય છે. (૩/૮૬)

'નાટ્યદર્પણ' પ્રમાણે '' પોતાનો કોઇ અપરાધ ન હોવા છતાં (અન્ય સ્ત્રી પરત્વે આસક્તિ હોવાને લીધે પાસે આવવામાં) વિલંબ કરવાને લીધે ઉત્સુકા (નાયિકા) વિરહોત્કંઠિતા કહેવાય છે. પ્રસ્તુત નાયિકાનો અપરાધ ન હોવા છતાં પણ, તે નાયિકા પ્રતિ આવવાની ઇચ્છા રાખવા છતાં પણ, અન્ય નાયિકા પાસે હોવું વિગેરે કારણે નાયકના

વિલંબને લીધે નાયકથી મળવા ઉત્સુક નાયિકા વિરહોત્કંઠિતા કહેવાય છે. તેમાં પ્રિયનું આગમન શીઘ્ર અવશ્ય થવાનું છે. પરસ્પર કલહ નથી એટલે તે અન્ય નાયિકાઓથી જુદી પડે છે. ( ૪/૨૬૫)

'ભાવપ્રકાશન' અનુસાર જેનો પતિ કોઈપણ કારણસર ઉચિત દિવસ આવવા છતાં પણ ન આવે તો તે વિરહોત્કંઠિતા નાયિકા કહેવાય છે. વિષયની અપરિમિતતા, અંગતનુતા, વેપથુ, અનુચિત સ્મૃતિ પરત્વે દ્વેષ, હૃદયમાં સંતાપ, આંસુ, દુતી તથા સખી આદિનો વિશ્વાસ તથા પોતાની અવસ્થા દર્શાવવી વિગેરે તેના વિકારો છે. (૪/૧૬૬)

ટુંકમાં પ્રિયતમ કાર્યવશાત્ યોગ્ય સમયે આવી ન શકતાં દુ:ખથી વ્યાકુળ બનેલી નાયિકા, અથવા વિરહથી ઉત્કંઠિત બની 'કેમ ન આવ્યા ? શું થયું હશે ? કંઇ અશુભ તો નહિ થયું હોય વિગેરે તર્કવિતર્ક કરતી નાયિકા તે વિરહોત્કંઠિતા નાયિકા.

ભરતમુનિ નિરુપિત વિરહોત્કંઠિતા 'નાયિકાના ઉદાહરણરુપે સંસ્કૃત નાટ્યસાહિત્યમાં શકુંતલા, માલવિકા, મલયવતી વિગેરે નાયિકાઓ લઇ શકાય. કેટલાંક સ્થાનોએ આ ત્રણે નાયિકાઓ વિરહોત્કંઠિતા નાયિકાનાં લક્ષણો પ્રગટ કરે છે.

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકમાં એક સ્થળે રાજા દુષ્યન્ત શકુંતલાને જોઇને કહે છે -

અતિ ધૂસર વસ્ત્ર બે પહેર્યાં,
વ્રતથી મોઢું સુકાયું, વેણી એક,
વિરહવ્રત લાંબું શુધ્ધ શીલા
રહી પાળી, અતિક્રૂર જે હું તેનું.

(અંક ૭/૨૧ અનુ:શ્રી ઉમાશંકર જોશી)

માલવિકાગ્નિમિત્ર નાટકની નાયિકા માલવિકા પણ પ્રિયતમ, રાજા, અગ્નિમિત્ર ન મળવાના દુ:ખથી દુ:ખી ઉત્કંઠિતા રુપે દૃષ્ટિગોચર થાય છે. એક સ્થળે તે અગ્નિમિત્રના વિરહથી ઉત્કંઠિત થઇ કહે છે -

માલવિકા: હે હૃદય, હદ બહાર વિસ્તરતા નિરાધાર મનોરથ સેવવા રહેવા દે. શા માટે મને કનડે છે ? (અંક ૩)

એક સ્થળે રાજા અગ્નિમિત્ર કહે છે -

'' તું ઉત્સુકતાનું કારણ પ્રકટ કરતી નથી અને કલ્પના સાચો હકીકતનો ચોક્કસ ખ્યાલ આપતી નથી. છતાં પણ હે સુંદરી, તારા આ વિલાપનું લક્ષ્ય હુંજ છું એમ હું માનું છું.'
(અંક 3 /10)

નાગાનન્દ નાટકની મલયવતી પણ પોતાના પ્રિય (પતિ) જીમુતવાહનના ચાલ્યા જવાથી ઘણી દુ:ખી થાય છે.

અનેક કાર્યમાં વિઘ્ન પડવાને કારણે પ્રિયતમ રાજા દુષ્યન્તના ન આવવાના દુ:ખથી દુ:ખી શકુંતલા, અગ્નિમિત્રના ન આવવાના દુ:ખથી દુ:ખી માલવિકા તથા જીમુતવાહનના ન આવવાના દુ:ખથી દુ:ખી મલયવતી વિરહોત્કંઠિતા નાયિકાઓ છે.

વિધાપરિણય નાટકમાં વિરહીણી શબ્દનો ઉલ્લેખ મળે છે.

'પ્રદ્મપ્રાભૃતકમ્' ભાણમાં કુમુદવતી અને શૈલદાસીનું વિરહોત્કંઠિતા રૂપે વર્ણન મળે છે. વિટ, ચન્દ્રોદયના વિરહથી ઉત્કંઠિતા કુમુદવતીના વિરહનું વર્ણન કરતાં કહે છે -

નિભૃતવદના શોકશ્વાસા નિરંજન લોચના
મલિન વસના સ્નેહત્યક્ત પ્રલમ્બઘનાલકા ।
શિથિલવલયા પુષ્પોત્ક્ષેપચ્યુતાંગુલિ વેષ્ટના
તરુણયુવતિસ્તન્વી ભૂયસ્તનુત્વમુપાગતા ॥

નિશ્ચલ મુખવાળી, શોકના થાકથી ભરેલી, આંખો આંજ્યા વિનાની, મેલા કપડાં પહેરેલી, તેલ વિના લટકતા ઘનેરા વાળવાળી, ઢીલા કડાંવાળી, ફુલ ફેંકવાથી નીચે પડેલી અંગુઠીવાળી આ તરુણી વધારે દુબળી થઇ ગઇ.

'પદ્મપ્રાભૃતકમ્' ભાણમાં ચન્દ્રધરના વિરહથી દુ:ખી શૈલદાસીનું વર્ણન કરતાં વિટ કહે છે. '' અરે આ શૈલદાસી કંઇક વિચાર કરતી, બહારના દ્વારના ઉંબરે બેઠી છે. ઘરેણાં એક બાજુ મુકી, મેલી ચાદર વડે અડધું શરીર ઢાંકી, લલાટ ઉપર લાલ ચન્દન લગાવી, સફેદ દુપટ્ટાની પટ્ટી માથા ઉપર લપેટી, પોતાનું ચન્દ્રમુખ નીચે લટકાવી, ગોદમાં પડેલી વીણાને અંગુલિ વડે તનિક ઝંકૃત કરતી ધોમા કાકલુદોભર્યાં

સ્વરે કૌશિકના સહારે બેઠા છે. અવશ્ય તે ઉત્કંઠિતા છે.''

ચન્દ્રોદયના કોઇ કારણવશ ન આવવાના દુ:ખથી દુ:ખી કુમુદવતી અને ચન્દ્રધરના વિરહથી દુ:ખી શોભદાસી વિરહોત્કંઠિતા નાયિકા છે.

(૩) <u>સ્વાધીન ભર્તૃકા</u>

સ્વાધીન ભર્તૃકા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' સુરત વિગેરે અનેક રસોથી યુક્ત (સુરતાતિરસૈ ર્બુદ્ધા) હોય, પ્રિયતમ (નાયક) જેનો સમીપ હોય તેવી આમોદગુણથી યુક્ત નાયિકા સ્વાધીનભર્તૃકા નાયિકા કહેવાય છે. '' (અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૪)

આમોદગુણનો અર્થ અભિનવગુપ્તે હર્ષ અને સૌભાગ્યનું અભિમાન એવો કર્યો છે. અન્ય પાઠભેદ પ્રમાણે રતિ (અને વ્યવહારથી) અતિ આકૃષ્ટ થઇ જેની પાસે પ્રિય સદા ઉપસ્થિત રહે છે - તેનો પોતાનો બનીને રહે છે - તેવી અત્યન્ત હર્ષ, સૌભાગ્ય અને અભિમાન શાલિની નાયિકા સ્વાધીન ભર્તૃકા સમજવી.

'<u>દશરુપક</u>'માં ધનંજય સ્વાધીન ભર્તૃકા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે.

આસન્નાયત્ત રમણાહૃષ્ય સ્વાધીન ભર્તૃકા ।

(દશરુપક (/૨/૨૪)

જે નાયિકાનો પ્રિય પાસે રહેતો હોય તથા નાયિકાને આધીન રહેતો હોય અને જે નાયકની સમીપતાને કારણે પ્રસન્ન રહેતી હોય તેવી નાયિકા સ્વાધીનભર્તૃકા કહેવાય છે.

'<u>સાહિત્યદર્પણ</u>' અનુસાર રતિગુણથી આકૃષ્ટ પ્રિયતમ જેનો સંગ ન છોડે તે વિલાસોથી યુક્ત નાયિકા સ્વાધીનપતિકા કહેવાય છે (૩/૭૪)

'<u>નાટ્યદર્પણ</u>' પ્રમાણે પતિ પોતાના વશમાં અને સમીપવર્તી હોવાથી પોતાને સુંદર સમજનારી નાયિકા સ્વાધીનભર્તૃકા કહેવાય છે. જે નાયિકા પોતાને સુંદર સમજે છે તે, પતિ પોતાને વશ તથા સમીપવર્તી હોવાથી તેના રુપ યૌવન વિગેરેથી હૃદય વશીભુત

થવાથી સ્વાધીનભર્તૃકા કહેવાય છે. અહીં પ્રિયતમ સમીપવર્તી હોવાથી તે વાસકસજ્જા નાયિકા કરતાં જુદી પડે છે. (૪/સૂત્ર ૨૬૭)

'ભાવપ્રકાશન' અનુસાર જે નાયિકાનો પ્રિય સદા રતિના રસાસ્વાદથી પ્રસન્ન રહે છે તથા સદાય તે નાયિકાની પાસે રહે છે તે સ્વાધીનભર્તૃકા કહેવાય છે. ઉદ્યાન-ક્રીડા, જલ-ક્રીડા, પુષ્પાવચયન, આપાનકેલિ, ઇન્દ્રપૂજા, વસન્તોત્સવ તથા મદનોત્સવ વિગેરે તેના વિલાસ હોય છે. (૪/૧૬૨-૧૬૩)

ટૂંકમાં જેનો રતિ તથા વ્યવહારથી પતિ અથવા પ્રિયતમ સદાય તેનો આસક્ત હોય યા પ્રિયતમને જેણે વશ કર્યો હોય કે જેનો પ્રિયતમ હંમેશાં પાસે રહેતો હોય તેવી નાયિકા સ્વાધીનભર્તૃકા કહેવાય છે.

માલવિકાગ્નિમિત્ર નાટકની ધારિણી, પ્રતિમા નાટકની કૌશલ્યા, અનર્ઘરાઘવ અને પ્રસન્નરાઘવ નાટકની સીતા, સ્વપ્નવાસવદત્તમ્ નાટકની વાસવદત્તા અને પદ્માવતી, નાગાનન્દ નાટકની મલયવતી તથા મૃચ્છકટિક પ્રકરણની ધૂતા સ્વાધીનભર્તૃકા નાયિકાઓ છે. અનેક રસોથી યુક્ત એવી આ નાયિકાઓની સમીપ નાયકો સદાય વિદ્યમાન રહે છે. ધારિણીની સમીપ અગ્નિમિત્ર, કૌશલ્યાની સમીપ દશરથ, સીતાની સમીપ રામ, વાસવદત્તા અને પદ્માવતીની સમીપ ઉદયન, મલયવતીની સમીપ જીમૂતવાહન તથા ધૂતાની સમીપ ચારુદત્ત હંમેશાં રહેતો હોવાથી આ તમામ નાયિકાઓ સ્વાધીનભર્તૃકા નાયિકાઓ છે.

(૪) કલહાન્તરિતા

કલહાન્તરિતા નાયિકાનું લક્ષણ નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' ઇર્ષ્યા અને કલહને કારણે જેનો પ્રેમી દૂર ચાલ્યો જાય અને તેના ન આવવાને લીધે અમર્ષથી સન્તપ્ત નાયિકા કલહાન્તરિતા કહેવાય છે.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૫)

દશરૂપકમાં કલહાન્તરિતા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરૂપવામાં આવ્યું છે.

કલહાન્તરિતાઽमर्षाद्वि धूर्तेऽनुशयार्तियुक् ॥ (દશરૂપક ૨/૨૬)

નાયકના અપરાધને લીધે ક્રોધથી તેનો તિરસ્કાર કરી પાછળથી પસ્તાવો કરતી નાયિકા કલહાન્તરિતા કહેવાય છે.

સાહિત્યદર્પણ અનુસાર જે ક્રોધને કારણે પહેલા તો પ્રાર્થના કરતાં કે વિનવણી કરતાં પ્રિયતમને નિરસ્ત કરે અને પછી પસ્તાય તેવી નાયિકા કલહાન્તરિતા કહેવાય છે. ( ૩/૮૨)

નાટ્યદર્પણ અનુસાર ઈર્ષ્યા-કલહના કારણે પતિ બહાર ચાલ્યા જવાથી દુઃખી કલહાન્તરિતા' નાયિકા કહેવાય છે. અહીં ઈર્ષ્યાને લીધે પરસ્પર મળવાની ઈચ્છા થતી નથી. ખંડિતા નાયિકા કલહ ન હોવાને લીધે સમાગમ માટે ઈચ્છુક છે પરંતુ અન્યની સાથે સંબંધ રાખનાર પ્રિય પરત્વે ઈર્ષ્યા હોય છે. આ બંનેમાં આટલો ભેદ છે. (૪ /સુત્ર ૨૬૪)

ભાવપ્રકાશન અનુસાર જે ઈર્ષ્યા તથા ક્રોધને કારણે પહેલાં તો સખીઓની સામે પ્રણામ કરનાર, વારંવાર શૃંગારમાં તત્પર અપરાધી પ્રિયતમનો તિરસ્કાર કરે છે અને પછી પોતાના આવા વ્યવહાર બદલ પશ્ચાતાપ કરે છે તે કલહાન્તરિતા નાયિકા કહેવાય છે. હૃદયમાં દાહ, સંભ્રમ, મોહ, સંજ્ઞા, નિઃશ્વાસ, જ્વર, વારંવાર વિલાપ, સર્વત્ર વસ્તુઓ પરત્વે દ્વેષ વિગેરે તેના વિકારો છે. (૪/૧૬૪)

ટૂંકમાં કલહકંકાસથી કંટાળેલો પ્રિયતમ પોતાની પાસે ન આવતાં તેના ક્રોધથી સંતાપ પામતી નાયિકા તે કલહાન્તરિતા નાયિકા.

'માલવિકાગ્નિમિત્ર'માં રાજા અગ્નિમિત્રની બીજી રાણી ઈરાવતી કલહાન્તરિતા નાયિકાનાં લક્ષણો ધરાવે છે. ઈરાવતી ઈર્ષ્યાળું છે સાથે સાથે કલહપ્રિયા પણ. તે રાજા અને માલવિકાનો પ્રણય વ્યવહાર છુપાઈને જુએ છે પરંતુ થોડીવાર પછી ક્રોધિત થઈ સામે આવે છે અથવા પ્રગટ થાય છે. તેનું એકમાત્ર કારણ એ છે કે તે રાજા અને માલવિકા વચ્ચેનો પ્રેમ વ્યવહાર નિહાળી ઈર્ષ્યા પામે છે. કલહપ્રિય હોવાને લીધે ઈરાવતી રાજા

દ્વારા મનાવવા છતાં મેખલાથી પ્રહાર કરવા ચાહે છે. રાજા ઇરાવતીના ચરણે પડે છે પરંતુ તેની પરવા કર્યા વિના તે ત્યાંથી ચાલી જાય છે. પ્રમદવનમાં રાજા અને માલવિકા વચ્ચેનો પ્રેમાલાપ ધારિણી આગળ છતો કરે છે. તેનો ક્રોધ લાંબો સમય ચાલે છે. ક્રોધને કારણે તે માલવિકા અને બકુલાવલિકાને બંધનમાં નાખે છે.

ઇરાવતીની ઇર્ષ્યા અને કલહપ્રિયતાને લીધે તેનો પ્રિય અગ્નિમિત્ર તેની સમીપ નથી રહેતો. ઇરાવતી, પ્રિયના ન આવવાના દુઃખથી દુઃખી છે. તે પશ્ચાતાપ પણ કરે છે. એક સ્થળે તે નિપુણિકાને કહે પણ છે કે -

ઇરાવતી : અરે ગાંડી બીજીમાં આસક્ત હૃદયવાળા સ્વામી મારી દૃષ્ટિએ ચિત્રમાં હોય તેવાજ છે. આ માત્ર (થઇ ગયેલ) અવિવેકના પ્રાયશ્ચિત માટેનો પ્રયત્ન છે.

(અંક ૪)

આ બધી વિશેષતાઓને લીધે ઇરાવતી કલહાન્તરિતા નાયિકા છે.

<u>નાગાનન્દની</u> નાયિકા મલયવતી પણ કલહાન્તરિતા છે.

મલયવતીમાં ઇર્ષ્યાની ભાવના છે. તે કલહપ્રિય પણ છે. બીજી સ્ત્રીમાં અનુરકત હોવાને લીધે તે રાજા જીમુતવાહનનો સત્કાર બરાબર કરતી નથી અને તેના માટે પાછળથી પસ્તાવો પણ કરે છે. એક સ્થળે તે પોતાની સખીને કહે છે. -

'' મે એ મહાનુભાવનું મોટા વેગથી આતિથ્ય પણ ન કર્યું. આ વિચારથી મારું દુઃખ વધી ગયું છે. તેઓ પણ સત્કાર ન થવાને લીધે મને ધર્મ વિગેરે કાર્યમાં મુઢ સમજશે.'

ઇર્ષ્યા અને કલહને કારણે મલયવતીનો પ્રિય જીમુતવાહન તેની સમીપ નથી આવતો. તેના અમર્ષથી પીડિત તે કલહાન્તરિતા નાયિકા છે.

<u>પદ્મપ્રાભૃતકમ્</u> ભાણમાં વર્ણિત શોણદાસીનો પ્રિય ચન્દ્રધર કલહને લીધે શોણદાસની પાસે નથી આવતો એટલે આવા અમર્ષથી સંતપ્ત તે પણ કલહાન્તરિતા નાયિકા છે.

(૫) <u>ખંડિતા</u>

ખંડિતા નાયિકાનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'' વ્યાસંગ અર્થાત્ અન્ય સ્ત્રીમાં આસક્ત હોવાને લીધે જેનો પ્રિયતમ વાસક અર્થાત્ રતિગૃહમાં નથી આવતો તેની વાટ જોતી દુ:ખી નાયિકા ને ખંડિતા સમજવી.''

(અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૬)

'દશરૂપક'માં ખંડિતા નાયિકાનું લક્ષણ નિરૂપતાં ધનંજય જણાવે છે -

જ્ઞાતેઽન્યાસંગવિકૃતે ખંડિતેર્ષ્યાકષાયિતા ॥ (દશરૂપક ૨/૨૫)

ખંડિતા નાયિકા એ હોય છે જેને કોઇ બીજી નાયિકા સાથે સંભોગ કરવાના નાયકના અપરાધની જાણ હોય છે. આ અપરાધને કારણે તે ઇર્ષ્યાથી કલુષિત થઇ ઉઠે છે.

સાહિત્યદર્પણ અનુસાર અન્ય સ્ત્રીના સંસર્ગચિહ્નોથી યુક્ત નાયક તેની પાસે જાય તે ઇર્ષ્યાથી કલુષિત નાયિકા ખંડિતા કહેવાય છે. (૩/૭૫)

નાટ્યદર્પણ અનુસાર ખંડિતા નાયિકા (પતિ) અન્ય સ્ત્રીમાં આસક્ત હોવાથી ઇર્ષ્યાળું બની (અન્ય સ્ત્રી પાસે જતી વેળા તેના) વસ્ત્રો ખંડિત કરે છે. અન્ય સ્ત્રીમાં આસક્તિને કારણે સુંદર વસ્ત્ર વિગેરે ધારણ કરતી વેળા પતિ પરત્વે અસુયાવતી નાયિકા ખંડિતા કહેવાય છે. 'વિપ્રલબ્ધા નાયિકા'માં તેનો પતિ અન્ય સ્ત્રી પરત્વે આસક્ત હોતો નથી. આ બંનેમાં આટલો ભેદ છે. (૪/૨૬૩)

'ભાવપ્રકાશન' અનુસાર જેનો પતિ અન્ય સ્ત્રીથી સંભોગ કરવાને લીધે રાત્રિ તેની સાથે વિતાવી, ભોગના ચિહ્નોથી અંકિત સવારે ઘરે આવે છે તે ખંડિતા નાયિકા કહેવાય છે. તે નાયિકા ડરે છે, ચિન્તા કરે છે, ચુપ રહે છે, ધ્યાન ધરે છે, ચિંતિત રહે છે, ખેદ કરે છે, ભ્રમણ કરે છે, વારંવાર દીર્ઘ શ્વાસ લે છે, રડે છે, વારંવાર વિલાપ કરે છે - આ બધા ખંડિતા નાયિકાગત વિકારો છે. (૪/૧૫૯)

ટૂંકમાં ખંડિતા નાયિકા એટલે પ્રિયતમને અન્ય સ્ત્રીમાં આસક્ત થયેલો જોઇ ખિન્ન થયેલી નાયિકા, અથવા અન્ય સ્ત્રીમાં આસક્ત થયેલો પ્રિયતમ ન આવવાથી દુ:ખિત થયેલી અને 'એ હમણાં આવશે' એમ ધારી, સર્વ તૈયારી કરી, તેની વાટ જોતી બેઠેલી નાયિકા.

'માલવિકાગ્નિમિત્ર'માં ઇરાવતી તથા નાગાનન્દમાં મલયવતી કલહાન્તરિતા હોવાની સાથે સાથે ખંડિતા પણ છે.

ઇરાવતી અને મલયવતી, બંનેના પ્રિયતમ વ્યાસંગ અર્થાત્ અન્ય સ્ત્રીથી પ્રેમ કરવાને લીધે રતિગૃહમાં આવતા નથી. તેમના ન આવવાના દુ:ખથી દુ:ખી આ બંને નાયિકાઓ ખંડિતા નાયિકાઓ છે.

'ધૂર્તવિટ સંવાદ'માં વર્ણિત રામદાસીનો પ્રિય કુંજરક વ્યાસંગને કારણે રતિગૃહમાં આવતો નથી. એટલે તેના ન આવવાના દુ:ખથી દુ:ખી એવી ખંડિતા નાયિકા છે. એક સાળે, આંસુ સારતી રામદાસી, વિટને કહે પણ છે, '' બીજા યુવતીથી ચિહ્નિત હોઠ લઇ પ્રિયતમ' મારી પાસે આવ્યો. મેં ઠપકો આપ્યો એટલે રિસાવાના બહાને તે ચાલ્યો ગયો. ઘણાં દિવસો વિત્યા છતાં તે આજ સુધી પાછો આવ્યો નથી.''

(૬) વિપ્રલબ્ધા

વિપ્રલબ્ધા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' દૂતીને પ્રિયની પાસે સંકેત સ્થળ (મિલન સ્થળનો સંકેત) આપી મોકલવા છતાં કોઇ કારણે પ્રિયતમ તે સ્થળે ન પહોંચી શકે તો તેથી અપમાનિત થયેલી નાયિકા વિપ્રલબ્ધા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૭)

'દશરુપક'માં વિપ્રલબ્ધા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે.

વિપ્રલબ્ધોક્ત સમયમપ્રાપ્તેઽતિવિમાનિતા ॥ (દશરુપક ૨/૨૬)

પ્રિય, કહેલા સમયે ઉપસ્થિત ન થવાથી જે નાયિકા પોતાની જાતને અતિ અપમાનિત સમજે છે તેવી નાયિકા વિપ્રલબ્ધા નાયિકા કહેવાય છે.

સાહિત્યદર્પણ' અનુસાર સંકેત કરીને પણ પ્રિય જેની પાસે ન જાય તેવી નિતાન્ત અપમાનિત નાયિકા વિપ્રલબ્ધા કહેવાય છે. (૩/૮૩)

નાટ્યદર્પણ અનુસાર નાયિકા સાથે સંકેત કરીને પણ અને દૂતી મોકલવા છતાં પ્રિયના (નાયકના) ન આવવાથી વિપ્રલબ્ધા નાયિકા કહેવાય છે. (૪/૨૬૨)

'ભાવપ્રકાશન' અનુસાર જેનો પ્રિય સમય અને સંકેત આપી તથા દૂતીને મોકલી કોઇ અન્ય સ્ત્રીથી સંભોગ કરવાને લીધે આપેલા સંકેત તથા સમયે નથી આવતો તે વિપ્રલબ્ધા કહેવાય છે. ચિન્તા, નિઃશ્વાસ, ખેદ, હૃદયમાં સંતાપ, વારંવાર મૂર્છા પામવું, પ્રલાપ, જાગરણ, કૃશતા તેના વિકારો છે. (૪/૧૬૦)

ટૂંકમાં સંકેત પ્રમાણે યોગ્ય સ્થળે ગયા છતાં પ્રિયતમ અન્ય સ્ત્રીની આસક્તિથી કે અન્ય કારણસર ન આવી શકવાથી ખેદ પામેલી કે અપમાનિત થયેલી નાયિકા તે વિપ્રલબ્ધા નાયિકા.

'અભિજ્ઞાન શાકુંતલ'ની નાયિકા શકુંતલા, દુષ્યન્ત દ્વારા છેતરાવાથી કહે છે -

'' અહમિદાનીમનેન કિલવેન વિપ્રલબ્ધા ॥ ''

(૭) <u>પ્રોષિત ભર્તૃકા</u>

પ્રોષિતભર્તૃકા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

' અનેક ગુરુ અર્થાત્ મહત્વના કાર્યો કરવા માટે જેનો પ્રિય પરદેશ ચાલ્યો જાય એવી ' પ્રરુઢ અલક કેશાન્તા' અર્થાત કેશસંસ્કાર વિનાની શિથિલ વેશયુક્ત નાયિકા પ્રોષિતભર્તૃકા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૮)

'દશરુપક'માં ધનંજય પ્રોષિતપ્રિયા નાયિકાનું લક્ષણ નિરુપતાં કહે છે -

દૂરદેશાન્તરસ્થે તે કાર્યતઃ પ્રોષિતપ્રિયા ॥

( દશરુપક ૨/૨૭)

જેનો પ્રિય કોઇ કાર્યવશ દૂર દેશમાં સ્થિત હોય તેવી નાયિકા તે પ્રોષિતપ્રિયા નાયિકા.

<u>સાહિત્યદર્પણ</u>'અનુસાર અનેક કાર્યમાં ફસાયેલો જેનો પતિ દૂરદેશ ચાલ્યો ગયો ગયો હોય તે કામપીડિત નાયિકા પ્રોષિત પતિકા કહેવાય છે.''

નાટ્યદર્પણ અનુસાર 'કાર્યવશ પ્રિય બહાર ચાલ્યો જવાથી શરીરને ન શણગારનારી પ્રોષિતપતિકા નાયિકા કહેવાય છે. કાર્ય અર્થાત્ ધનોપાર્જન અથવા રાજાના પ્રયોજન વિગેરે. તેના કારણે પ્રિય દેશાંતર ચાલ્યો જવાથી ભૂષારહિત અર્થાત્ કેશપ્રસાધન આદિ ભૂષાથી રહિત નાયિકા પ્રોષિતપતિકા કહેવાય છે. (૪/૨૬૧)

ભાવપ્રકાશન અનુસાર જે નાયિકાનો દુર દેશમાં ગયેલો પતિ સ્વયં ઉચિત સમય આપી કોઇ અન્ય સ્ત્રીથી સંભોગ કરવાને લીધે સ્વયં આપેલા સમયે અથવા ઉચિત સમયે આવતો નથી તે 'પ્રોષિતભર્તૃકા' નાયિકા કહેવાય છે. મલિનતા, જાગરણ, કૃશતા, નિમિત્તની પરીક્ષા, અંગતનુતા, ચિન્તા, જડતા તથા શય્યા ઉપર પડયા રહેવું વિગેરે વિદ્વાનોએ જણાવેલા તેના વિકારો છે. (૪/૧૬૫)

ટૂંકમાં પ્રિયતમના પરદેશ જવાથી કેશાલંકાર નહિ સજતી કે કામવેદનાથી પીડિત થયેલી નાયિકા તે પ્રોષિતભર્તૃકા.

'સ્વપ્નવાસવદત્તમ' નાટકમાં વાસવદત્તાનો પતિ પરદેશ ગયેલો છે એથી તેના માટે પ્રોષિતભર્તૃકા શબ્દનો ઉલ્લેખ થયેલો છે. એક સ્થળે રાજા ઉદયન પ્રોષિકભર્તૃકા રુપે સ્થિત વાસવદત્તાનું વર્ણન કરતાં કહે છે -

સ્વપ્નસ્યાન્તે વિબુદ્ધેન નેત્રવિપ્રોષિતાંજનમ્ ।
ચારિત્રમપિ રક્ષન્ત્યા દૃષ્ટં દીર્ઘાલકં મુખમ્ ॥
(સ્વપ્નવાસવદત્તમ્ ૫/૧૦)

નિદ્રામાં આંખ ખુલી જવાથી મે (પ્રોષિતભર્તૃકા સ્ત્રીને યોગ્ય) ચરિત્રની રક્ષા કરનારી વાસવદત્તાના કાજળવિહોણી આંખો તથા લાંબા છુટા કેશથી યુકત મુખને જોયું.

વાસવદત્તાનો પતિ પરદેશ ગયો છે અને તે રુક્ષ અલક, લાંબા છુટા કેશવાળી છે માટે તે પ્રોષિતભર્તૃકા નાયિકા છે.

'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકની નાયિકા શકુંતલા, નાગાનન્દ નાટકની નાયિકા મલયવતી, પદ્મપ્રાભૃતકમ ભાણમાં વર્ણિત કુમુદવતી અને શોણદાસી પ્રોષિતભર્તૃકા નાયિકાઓ છે કેમ કે આ બધી નાયિકાઓના પતિ અથવા પ્રિયતમ પરદેશ ચાલ્યા ગયા છે. તેમના પરદેશ

ચાલ્યા જવાથી તે દુ:ખી છે અને દુ:ખને કારણે પોતાનાં શરીર, વાળ વિગેરેનું પ્રસાધન પણ કરતી નથી.

(૮) અભિસારિકા

અભિસારિકા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' મદ અથવા મદનના આવેગદશ જે લજ્જાનો પરિત્યાગ કરી પ્રિયતમથી મિલન રચવા અથવા પ્રિયતમને મળવા સંકેત સ્થાને અભિસરણ કરે તેને અભિસારિકા નાયિકા સમજવી.'' (અધ્યાય ૨૪ / શ્લોક ૨૧૯)

ભરતમુનિએ અભિસારિકાના જાતિ અનુસાર ત્રણ ભેદ જણાવ્યા છે. અથવા તો ત્રણ પ્રકારની સ્ત્રી અભિસારિકા રૂપે યોજાતી હોવાનું નિરુપ્યું છે. (૧) વેશ્યા (૨) પ્રેષ્યા તથા (૩) કુલજા. (અધ્યાય ૨૪/શ્લોક ૨૨૫)

વેશ્યા એટલે રુપવિક્રેતા - પોતાના રુપનો વેપાર કરનારી. તેની અભિસરણ વિધિ વર્ણવતા ભરતમુનિ કહે છે કે પ્રિયનું અભિસરણ કરતી વેળા વેશ્યાએ શરીરને વિવિધ વસ્ત્રાભુષણોથી આભુષિત કરી, પરિજન પરિવારને સાથે લઇ, મદ તથા કોમળ ચેષ્ટાઓથી યુક્ત રહી ધીમે ધીમે અભિસરણ કરવું જોઇએ. (અધ્યાય ૨૪ / શ્લોક ૨૨૬)

પ્રેષ્યા એટલે પારિચારિકા, નોકરાણી, પ્રેષ્યાની અભિસરણ વિધિ વર્ણવતાં ભરતમુનિ જણાવે છે કે પ્રેષ્યા લથડતી ચાલે, આંખમાં વિલાસપૂર્ણ આમોદ સાથે, મદને કારણે અલિત વાણીમાં સંભાષણ કરતી અભિસરણ કરે. (અધ્યાય ૨૪ / શ્લોક ૨૨૮)

કુલજા એટલે કુલાંગના - ઉચ્ચ કુળની સ્ત્રી. કુલજાનો અભિસરણ વિધિ વર્ણવતા ભરતમુનિ જણાવે છે કે પ્રિયનું અભિસરણ કરતી વેળા કુલજાએ પોતાનું શરીર તથા મુખ ઢાંકી ચકિત તેમજ ત્રસ્ત નયનોથી ચારે બાજુ જોતાં ચાલવું જોઇએ.

(અધ્યાય ૨૪ / શ્લોક ૨૨૭)

'દશરુપક'માં ધનંજય અભિસારિકા નાયિકાનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે.

કામાર્તાઽભિસરેત્કાન્તં સારયેદ્ધાઽભિસારિકા ॥

(દશરુપક (૨/૨૮))

PITH 135
54612

અભિસારિકા નાયિકા એ કહેવાય જે કામથી પીડિત થઈ કાં તો સ્વયં નાયકની પાસે અભિસરણ કરે અથવા તો નાયકને પોતાની પાસે બોલાવે.

<u>સાહિત્યદર્પણ</u> અનુસાર કામથી વશીભૂત થઈ જે કોઈ સંકેત સ્થાને નાયકને બોલાવે અથવા સ્વયં જાય તે નાયિકા અભિસારિકા કહેવાય છે. (૩/૭૬)

જો કુલીન કામિની અભિસરણ કરે તો ઘુંઘરુનો અવાજ શાંત કરી, દબાયેલા પગે ઘુંઘટ ખેંચીને અભિસરણ કરશે. જો વેશ્યા અભિસરણ કરશે તો વિચિત્ર અને ઉજ્જ્વળ વેષ ધારણ કરી, ઝાંઝર અને કંકણ ખખડાવતી, આનંદપૂર્વક સ્મિત વેરતી અભિસરણ કરશે. જો પ્રેષ્યા અભિસરણ કરશે તો નશાને કારણે ઉલ્ટી સુલ્ટી વાતો કરતી, વિલાસથી પ્રફુલ્લનયન બની લથડિયા ખાતી ચાલશે. (૩/૭૭ થી ૭૯)

ખેતર, બગીચો, ભગ્ન દેવાલય, દૂતીગૃહ, વન, શૂન્ય સ્થાન, સ્મશાન તથા નદી તટ – આ આઠ તથા અંધકાર-આવૃત કોઈપણ સ્થાન અભિસરણનું સ્થાન હોઈ શકે. (૩/૮૦/૮૧)

<u>નાટ્યદર્પણ</u> અનુસાર 'રમણ કરવાની ઇચ્છાથી સ્વયં પ્રિયતમની પાસે જનારી અથવા પ્રિયને પોતાની પાસે બોલાવનારી નાયિકા અભિસારિકા કહેવાય છે. અભિસારિકા સ્વયં પ્રિયતમ પાસે જાય છે જ્યારે સ્વાધીનભર્તૃકામાં પ્રિયતમ નાયિકા પાસે ઉપસ્થિત રહે છે. આ બંનેમાં આટલો ભેદ છે. (૪/૨૬૮)

'ભાવપ્રકાશન' અનુસાર રૂપ અને યૌવન સંપન્ન, કુલીન, ભોગ તથા ધનથી યુક્ત, વાસ, અંગરાગ, માળા, ઋતુ, વંદના, ચંદ્રોદય વિગેરેથી ઉદ્દીપ્ત અને કામદેવના પાંચ બાણોથી ઘાયલ જે નાયિકા સંકેત સ્થાને નાયકને બોલાવે તે 'અભિસારિકા' નાયિકા કહેવાય છે. (૫/૧૬૭)

જ્યારે <u>પરાંગના (અન્યની સ્ત્રી)</u> નાયિકા અભિસરણ કરે છે ત્યારે તે પોતાનું શરીર વસ્ત્રો વડે ઢાંકી દે છે, ચાલે છે ત્યારે ચાલવાનો અવાજ ન આવે તે રીતે ચાલે છે, ડગલેને પગલે શંકા કરતી પાછળ જોતી જોતી ચાલે છે. બેહદ કાંપે છે, પરસેવાથી સમસ્ત અંગ તરબતર થઈ જાય છે. સિંહને જોવાથી ડરી ગયેલ મૃગશાવકની દૃષ્ટિ જેવી તેની દૃષ્ટિ થઈ

જાય છે. ચાંદની તથા અંધકારમાં ધારણ કરવા યોગ્ય વસ્ત્રો ધારણ કરે છે. ચૂરેલ કુસુંભ તથા મંજિષ્ઠા રાગ અનુસાર ઉત્તરીયથી અવકુંઠિત અંગવાળી આ નાયિકા ધીમે ધીમે ચાલે છે. (૫/૧૬૮)

આનંદપૂર્વક સ્મિત વેરતા મુખવાળી, નશાના કારણે લાલ નેત્રોવાળી સ્નાનને કારણે અનુલિપ્ત (રંજિત) અંગોવાળી, અમુક આભૂષણો ધારણ કરેલી, હર્ષને કારણે રોમાંચિત થવાના બહાને 'કામ'ને અંકુરિત કરતી, અનેક ભોગના ઉપકરણોથી ઉજ્જવળ સેવકોથી ઘેરાયેલી, નિતંબ પર લટકતી મેખલાના ધ્વનિ દ્વારા કામભાવ પ્રગટ કરતી, ઝાંઝર ઝણકારતી વેશ્યા નાયિકા વૈશિક નાયકની પાસે પ્રેમપૂર્વક અભિસરણ કરે છે. (૫/૧૬૯)

બાહુવિક્ષેપને શિથિલ કરી, ધમ્મિલ પુષ્પમાળા ધારણ કરી, લથડિયા ખાતી ચાલતી, રેશમી પાલવને હલાવતી, ભ્રૂ-વિલાસની શોભા દર્શાવતી, વિલાસથી વિકસિત નેત્રોવાળી, વિશ્રામ વિના આદરનો અભ્યાસ કરનારી નશામાં ઉલ્ટી-સુલ્ટી વાતો કરનારી, અત્યંત ગર્વિતા પ્રેષ્યા ચેટીઓ સાથે પ્રિયતમ પાસે અભિસરણ કરે છે. (૫/૧૭૦)

અન્ય ગ્રંથોમાં અભિસારિકાના અન્ય ત્રણ ભેદો વર્ણવવામાં આવ્યા છે. (૧) કૃષ્ણ અભિસારિકા (૨) દિવા અભિસારિકા (૩) શુક્લ અભિસારિકા.

કૃષ્ણપક્ષની અંધારી રાતે શ્યામ વસ્ત્રો ધારણ કરીને ગુપ્ત રીતે પ્રિયના મિલનસ્થાને જનારી સ્ત્રી કૃષ્ણ અભિસારિકા કહેવાય છે. દિવસે ખુલ્લી રીતે પ્રિયને મળવા જનારી સ્ત્રી દિવા અભિસારિકા કહેવાય છે. શુક્લ પક્ષની અજવાળી રાતે શ્વેત વસ્ત્રો ધારણ કરી પ્રિયમિલનાર્થે જનારી સ્ત્રી શુક્લ અભિસારિકા કહેવાય છે.

ટૂંકમાં કામથી પરવશ બની, લજ્જા છોડી, કાન્તને અમુક સ્થાને મળવા જતી નાયિકા તે અભિસારિકા.

'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં ઇરાવતી તથા માલવિકા અભિસારિકા રૂપે રજુ થાય છે. ઇરાવતી અને માલવિકા, આ બંને મદ તથા મદનથી સમાકૃષ્ટ થઇ કાન્ત (અગ્નિમિત્ર)ની પાસે અભિસાર કરે છે.

चारुदत्त तथा विदग्धमाधव नाटकमां अभिसारिका शब्दनो उल्लेख मळे छे.

'मृच्छकटिक' प्रकरणमां वसन्तसेना माटे अभिसारिका शब्द प्रयोजायेलो छे.

पद्मप्राभृतकम् भाणमां विट, मदनथी पीडित शोणदासीने लज्जानो त्याग करी प्रियतम चन्द्रधर पासे अभिसार करवानुं कहे छे.

'धूर्तविट संवाद' भाणमां मदन (काम)थी पीडित रामदासीने विट कुंजरकनी समीप अभिसार करवा माटे जणावे छे.

'धूर्तविटसंवाद'मां एक स्थळे 'अभिसारिका' शब्दनो उल्लेख पण थयो छे.

अष्टनायिकाओनो रंगमंच उपर अभिनय

भरतमुनिना मत प्रमाणे खंडिता विप्रलब्धा, कलहान्तरिता तथा प्रोषितभर्तृका नायिकाओनो अभिनय रजु करती वेळा चिन्ता, निःश्वास, खेद, हृदयमां जलन, सखीओ जोडे संभाषण, पोतानी दशा जोवी, ग्लानि, दैन्य, अश्रुप्रवाह, क्रोध, अलंकार तथा साज-सज्जानी सामग्री फेंकी देवी, दुःख तथा रुदननो विनियोग करवो जोईए.

(अध्याय २४/श्लोक २२१ थी २२३)

भरतमुनिना मत प्रमाणे स्वाधीन भर्तृका नायिकाने विचित्र तेमज उज्जवळ वस्त्रादि धारण करेलो, प्रसन्न वदन, आकर्षण तथा शोभा प्रगट करतां अंगोना अतिशय लावण्यभर्या स्वरुपे रजु करवो जोईए. (अध्याय २४ / श्लोक २२४)

'अष्टनायिकाओनो रंगमंच उपर अभिनय' ए क्रममां भरतमुनि श्लोक २२५ थी २२८ मां अनुक्रमे वेश्या, कुब्जा, तथा प्रेष्यानी अभिसरणविधि निरुपे छे जेनी चर्चा आ अगाउ अभिसारिका नायिकाना लक्षणनिरुपणमां समावी लेवामां आवी होवाथी अत्रे तेनुं पुनरावर्तन करवामां आव्युं नथी.

आम भरतमुनिए खंडिता, विप्रलब्धा, कलहान्तरिता अने प्रोषितभर्तृका नायिकानी अन्तःवेदनानो उल्लेख कर्यो छे तथा स्वाधीनभर्तृका नायिकानो उल्लास अने अभिसारिका

નાયિકાની અભિસરણવિધિની પણ ચર્ચા કરી છે. આ પ્રમાણે ભરતમુનિની દૃષ્ટિએ ઉપર્યુક્ત અષ્ટ નાયિકાઓને નીચે પ્રમાણેના વર્ગોમાં વિભક્ત કરી શકાય.

(૧) ખંડિતા, વિપ્રલબ્ધા, કલહાન્તરિતા અને પ્રોષિતભર્તૃકા.

(૨) અભિસારિકા

(૩) વાસકસજ્જા અને વિરહોત્કંઠિતા

અભિનવગુપ્તે વાસકસજ્જા, વિરહોત્કંઠિતા અને ખંડિતા - આ ત્રણ પ્રકારની નાયિકાઓ વચ્ચેના અંતરને સ્પષ્ટ કરી આપતા જણાવ્યું છે કે, વાસકસજ્જામાં પ્રિયતમનું આગમન થતું નથી. વિરહોત્કંઠિતામાં વિરહની ઉત્કંઠા થાય છે તથા ખંડિતા 'જ્ઞાત વ્યલીક' અર્થાત અપરાધને જાણનારી હોય છે. (અભિનવભારતી ભાગ-૩, પૃ.૧૯૯)

## નાયક પરત્વેના પ્રેમના આધારે નાયિકાભેદ

ભરતમુનિએ 'વૈશિક ઉપચાર અધ્યાય' અંતર્ગત નાયક-નાયિકા વચ્ચેના પ્રેમોપચારના આધારે નાયિકાભેદ વિવરણ આપ્યું છે જે મુખ્યત્વે નારીની મનોદશા ઉપર આધારિત છે. નાયક પરત્વેના પ્રેમના આધારે ભરતમુનિએ નાયિકાના ત્રણ ભેદ પાડયા છે.

(૧) મદનાતુરા (૨) અનુરક્તા (૩) વિરક્તા.

## મદનાતુરા

મદનાતુરા નાયિકાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' જે નાયિકા સ્વભાવથીજ અતિશય મદન અર્થાત્ કામાશ્રિત રહે છે અને જે સદા નિભૃત લીલા કરે છે તે મદનાતુરા નાયિકા કહેવાય છે અથવા પાઠભેદ પ્રમાણે જે નાયિકા પોતાના સ્વભાવ તથા ભાવો ધ્વારા પ્રણયલીલાનું પ્રગટરુપે આચરણ કરે અને પોતાનું રાગાત્મક આચરણ વારંવાર નાયક પરત્વે કરે તેને મદનાતુરા નાયિકા સમજવી જોઇએ.''

(અધ્યાય ૨૫ / શ્લોક ૧૯)

ભરતમુનિ દ્વારા નિરુપિત મદનાતુરા નાયિકાની વિશેષતાઓ માલવિકા, ઇરાવતી, શકુન્તલા, માલતી અને મલયવતી વિગેરે નાયિકાઓમાં જોવા મળે છે.

માલવિકાગ્નિમિત્ર નાટકમાં માલવિકાની કામવ્યાધીથી પીડિત અવસ્થાનું વર્ણન મળે છે

રાજા : સરપેખાના થડ જેવા સફેદ ગાલવાળી, અલ્પ આભૂષણો ધારણ કરતી એ (માલવિકા) જેના પાન પીળાં પડી ગયા છે તેવી થોડાં ફુલવાળી કુન્દલતા જેવી દેખાય છે.

(અંક ૩, ૮)

રાજા : ધ્રૂજતી તે કટિમેખલા દૂર કરવાના કાર્યમાં વ્યસ્ત આંગળીઓવાળા મારા હાથને રોકે છે. બળપૂર્વક આલિંગન આપવામાં એનાના બંને હાથો વડે તે સ્તનને ઢાંકી દે છે. સુંદર પાંપણયુક્ત આંખોવાળા મુખને ચુંબન કરવા ઊંચું કરવામાં આવતાં તે તેને ફેરવી લે છે. આમ ઇન્કાર કરવાના બહાને પણ તે મને અભિલાષાપૂર્ણ થયાનું સુખ જ આપી રહી છે. (અંક ૪ /૧૫)

'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકમાં શકુન્તલાની કામપીડિત અવસ્થાનું વર્ણન મળે છે -

ક્ષેસેલા જરી ગાલવાળું મુખ ને ઢીલી પડી છાતડી,
ઝાઝી પાતળી કેડ, ખુબ ઢળતા સ્કંધો, છબી તો ફીકી
દીસે દામણી તોયે સુંદર કશી કામે પિડાતાં પ્રિયા । -
સ્પર્શી, શોષણ પર્ણ કેરું કરતાં, વાયે યથા માધવી.

(અંક ૩/૧૧, અનુ:ઉમાશંકર જોષી)

'માલતીમાધવ' નાટકમાં માલતીની કામાતુર અવસ્થા આ પ્રમાણે નિરુપાયેલી છે.

કામન્દકી : રસયુક્ત કદલીના અંદરના ભાગ જેવા રમ્ય અને અત્યંત કૃશ અંગવાળી, માત્ર એક કલા બાકી રહેલી ચન્દ્રની મુર્તિની માફક નેત્રને આનંદ આપનારી અને કામાગ્નિના ઉત્કટ દાહથી વિહ્વળ દશા પામેલી આ કલ્યાણી (માલતી) અમારા મનને ખુશ કરે છે અને કંપાવે પણ છે. અતિશય ફીકા અને કૃશ ગાલવાળું મુખ ધારણ કરતી તે રમણીયતા પામી છે કેમ કે સૌંદર્યશાળી-જન્મવાળી વ્યક્તિમાં ફરતું કામદેવનું સુંદર કાર્ય વિજય પામે છે. (અંક ૨/૩-૪)

## અનુરક્તા

નાયક પ્રત્યે અધિક પ્રસન્ન કે અનુરક્ત થયેલી નાયિકા અનુરક્તા નાયિકા કહેવાય છે તેના લક્ષણો ભરતમુનિ નીચે પ્રમાણે નિરુપે છે.

'પ્રિયતમના ગુણ પોતાની સખીને કહે, પોતાનું ધન પણ તેને આપી દે, તેના મિત્રોનો સત્કાર કરે તથા શત્રુઓની નિંદા કરે, પ્રિય (નાયક) સાથે સમાગમ થાય તેવી પ્રાર્થના કરે, પ્રિયતમને જોવાથી કે તેના દર્શન માત્રથી આનંદિત થાય, પ્રિયતમની કથા સાંભળી આનંદિત થાય, તેના સુઇ ગયા પછીજ સુએ તથા જાગ્યા પહેલાં જાગે, સ્નેહથી તેને નિરખે, ચુંબનની સામે પ્રતિચુંબન કરે, પ્રિય માટે કલેશ સહન કરે, તેના સુખદુ:ખમાં ભાગીદાર રહે તથા કદી ક્રોધ ન કરે એવા ગુણોવાળી નાયિકા અનુરક્તા સમજવી જોઇએ.

(અધ્યાય ૨૫ / શ્લોક ૨૦ થી ૨૩)

શારદાતનય 'આભ્યન્તર ઉપચાર' અંતર્ગત પ્રિય પ્રતિ અનુરક્ત નાયિકાથી ઉત્પન્ન ઉપચાર વર્ણવે છે જે અનુરક્તા નાયિકાનાં લક્ષણ માત્ર છે. શારદાતનય જણાવે છે, '' પ્રિયા પ્રિયની સાથે એકાંતમાં રહેવા ઇચ્છે છે, સખીઓના ગુણ કહે છે, પોતાનું ધન આપે છે, મિત્રોની પુંજા કરે છે, શત્રુઓથી દ્વેષ કરે છે, પ્રિયનને જોઇ સમાગમ માટે પ્રાર્થના કરે છે, અધિક પ્રસન્ન થાય છે, પ્રિયતમની વાતચીતથી સંતોષ પામે છે, સસ્નેહ જુએ છે, પ્રિયના સુઇ ગયા પછી સુએ છે, ચુંબન ન પામવા છતાં ચુંબન કરે છે, પ્રિય દ્વારા આલિંગન પામે છે ત્યારે સામું આલિંગન કરે છે, સ્નાનાદિ કર્મ સ્વયં સ્વેચ્છાનુસાર પ્રારંભ કરે છે, શરીર આશ્લિષ્ટ થયા પછી કયારેય અલગ થતી નથી, તેના દ્વારા કૃત્ય સ્થાને લાવવામાં આવેલી ભોજ્ય વસ્તુઓનો ઉપભોગ કરે છે, રતિ-ક્રીડામાં અભિભૂત (અશાંત) પણ આસ્વાદ લે છે, ક્ષણવારમાં પરસેવો થાય છે, ન અન્ય તરફ જુએ છે, ન બહાર સાંભળે છે, પ્રિય વિના અન્ય કોઇ વસ્તુની ચિંતા કરતી નથી, પ્રિયસ્પર્શ પામવાથી રોમાંચિત થઇ ઉઠે છે, મુર્છા પામે છે, પરસેવો વળે છે, જોરથી શ્વાસ લેવા માંડે છે.''

(અધિકાર ૫ / શ્લોક ૭૩)

અનુરક્તા નાયિકાની ભરતમુનિએ નિરુપેલી વિશેષતાઓ 'અભિજ્ઞાન શાકુન્તલ'ની નાયિકા શકુંતલા, માલવિકાગ્નિમિત્રની નાયિકા માલવિકા, નાગાનન્દ'ની નાયિકા મલયવતી, 'પ્રતિમાનાટક' 'અનર્ઘરાઘવ' અને પ્રસન્નરાઘવ'માં વર્ણિત સીતા, માલતીમાધવ'ની નાયિકા માલતી અને 'મૃચ્છકટિક'ની નાયિકા વસન્તસેનામાં જોવા મળે છે.

શકુંતલા, માલવિકા, મલયવતી, સીતા, માલતી અને વસન્તસેના પોતાના પ્રિયતમના ગુણોનું કીર્તન પોતાની સખીઓ સમક્ષ કરે છે. પોતાનું ધન પણ પ્રિયને સમર્પી દે છે. પ્રિયતમના મિત્રોની પૂજા કરે છે અને શત્રુઓ પરત્વે દ્વેષભાવ રાખે છે. પ્રિયમિલન માટે પ્રાર્થના કરે છે. પ્રિયતમને જોઇ હર્ષિત થાય છે. પ્રિયતમ વિશેની કથાઓ સાંભળી સંતોષ પામે છે. પ્રિયતમને સ્નેહભરી દૃષ્ટિથી નિરખે છે. કલેશ સહેનારી છે. ઉત્સવમાં (અર્થાત્ નાયકના પ્રસન્ન થવાથી) પ્રસન્ન થાય છે અને વ્યસનમાં (અર્થાત્ નાયક દુઃખી થવાથી) દુઃખી થાય છે. આ બધી વિશેષતાઓને લીધે આ તમામ નાયિકાઓ અનુરક્તા છે.

વિદગ્ધમાધવ', ધર્મવિજય, નલચરિત્ર વિગેરે નાટકોમાં 'અનુરક્તા'નો ઉલ્લેખ મળે છે. 'મૃચ્છકટિક' પ્રકરણમાં પણ અનેક સ્થાને અનુરક્તાનો ઉલ્લેખ થયો છે.

'ધૂર્તવિટસંવાદ' અને 'પાદતાડિતકમ્' ભાણમાં રક્તા અને અનુરક્તા બંનેનો ઉલ્લેખ મળે છે. પદ્મપ્રાભૃતકમ્ ભાણમાં અવિરક્તિતકા તામ્બૂલસેના નાયિકાનો ઉલ્લેખ અનુરક્તા માટે કરવામાં આવ્યો છે.

## વિરક્તા

નાયિકા કે જે નાયકથી રોષિત અથવા વિરક્ત થયેલી હોય તેને વિરક્તા કહે છે.તેના લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'જે નાયિકા પ્રિય દ્વારા ચુંબન થયા પછી વિરક્ત ભાવે મુખ ફેરવી લે, પ્રિય દ્વારા મીઠા વેણ ઉચ્ચારાયા પછી પણ જે અનિષ્ટ વેણ કહે, ક્રોધ કરે, પ્રિયના મિત્રોથી દ્વેષ કરે તથા શત્રુઓને પ્રશ્રય આપે, શય્યા ઉપર પરાઙ્.મુખ અર્થાત્ પ્રિયતમ તરફ પીઠ રાખી સુઇ જાય, પ્રિયતમના સુતા પહેલાંજ સુઇ જાય, પ્રિયતમના અનુનય વિનય છતાં જે

સન્તુષ્ટ ન થાય, પ્રિયતમના દુ:ખી થવાથી દુ:ખી ન થાય, અકારણ ક્રોધ કરે તેવી નાયિકા વિરક્તા સમજવી.'' (અધ્યાય ૨૫/શ્લોક ૨૪ થી ૨૭)

શારદાતનયે ભાવપ્રકાશનમાં વિરક્તાના ચિહનો આ પ્રમાણે નિરુપ્યા છે. '' પ્રિયને જોવા માત્રથી થુંકે છે, શીઘ્ર મુખ ઢાંકી દે છે, ગુપ્ત સ્થાને ચાલી જાય છે, અન્ય કાર્યમાં પ્રવૃત્ત થઇ જાય છે, અનાદર કરે છે, નિર્ધારિત સ્થાને અને સમયે જતી નથી, ગન્ધ, માળા વસ્તુઓ મોકલવા છતાં આવતી નથી, પાસે હોવા છતાં દુર બેસે છે, અન્ય કથા કહે છે, પુછીએ ત્યારે ઉડાઉ જવાબ આપે છે, ચુંબન કરીએ તો મોં લુછી નાખે છે, પ્રિય સાથે કોઇ વ્યવહાર કરતી નથી, રતિ ક્રિડામાં કોઇ રસ દાખવતી નથી, આંખો ચોળે છે, બગાસા ખાય છે, પ્રિયના મિત્રોથી દ્વેષ કરે છે, જોહુકમીથી બોલે છે, ક્રોધિત થઇ ગાળો આપે છે, અંગો છુપાવે છે, ઘરકામના બહાને ચાલી જાય છે, નીવી સ્પર્શ કરીએ ત્યારે હાથ હટાવી દે છે, વ્યાધિ અથવા રોગના બહાને પીઠ બતાવી સુઇ રહે છે, '' ઉત્તમ પુરુષે નાયિકામાં વિરક્તિનું એક પણ ચિહ્ન જોઇ તત્કાલ નાયિકાનો ત્યાગ કરવો જોઇએ એમ શારદાતનય અંતે જણાવે છે. (અધિકાર ૫ / શ્લોક ૭૫-૭૬)

ભરતમુનિ દ્વારા નિરુપિત વિરક્તા નાયિકાનો ઉલ્લેખ શૃંગારહાટ (ચતુર્ભાણી), ધુર્તવિટ સંવાદ ભાણ, પાદતાડિકતમ ભાણ, કરપરચરિત ભાણ (રુપકષટક) વિગેરે ભાણોમાં જોવા મળે છે.

## ત્રિવિધ - પ્રકૃતિભેદના આધારે નાયિકાભેદ

'વૈશિક ઉપચાર અધ્યાય 'અંતર્ગત સ્ત્રીઓની ત્રિવિધ પ્રકૃતિના આધારે ઉત્તમા, મધ્યમા તથા અધમા એમ ત્રણ નાયિકાભેદ નિરુપ્યા છે. (અધ્યાય ૨૫ બા.શુ.શા.સંપાદિત)

સર્વસામેવ નારીણાં ત્રિવિધા પ્રકૃતિ: સ્મૃતા ।
ઉત્તમા મધ્યમા નીચા વૈશ્યાન્તુ સ્વભાવજા: ॥ ૨૬ ॥

(અધ્યાય ૨૫ /૩૬ )

'સ્ત્રી પું ઉપચાર અધ્યાય ' અંતર્ગત ભરતમુનિએ સ્ત્રીઓની ત્રિવિધ પ્રકૃતિ નિરુપી તેના આધારે સ્ત્રીઓના-નાયિકાના ત્રિવિધ ભેદ નિરુપ્યા છે. (અધ્યાય ૨૪ ગા.ઓ.સી.)

સમાસતસ્તુ પ્રકૃતિ સ્ત્રિવિધા પરિકીર્તિતા ।
પુરુષાણામથ સ્ત્રીણામુત્તમાધમ મધ્યમા ॥ ૧ ॥
(અધ્યાય ૨૪/૧)

અર્થાત્ પુરુષ તથા સ્ત્રી પાત્રોની ત્રિવિધ પ્રકૃતિ હોય છે (૧) ઉત્તમ (૨) મધ્યમ તથા (૩) અધમ.

ઉત્તમા

ઉત્તમા નાયિકાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'એ નાયિકા જે પ્રિય (નાયક) દ્વારા અપ્રિય વેણ કહેવા છતાં અપ્રિય શબ્દ ન બોલી પ્રિય વચન બોલે છે, રોષ દીર્ઘ સમય સુધી ચાલતો નથી, કળાઓમાં નિપુણ હોય, છે તેના કુળ, રુપ તથા ધન શ્રેષ્ઠ હોવાથી અનેક પુરુષો જેની કામના કરતાં હોય છે, કામતંત્રમાં કુશળ, દક્ષિણા તથા રુપશાલિની હોય છે, કારણવશાત ક્રોધ કરનારી, ઈર્ષ્યારહિત સંભાષણ કરનારી, કાર્ય તથા અવસરને સમજનારી, સુરુપા અર્થાત્ સુંદર એવી નાયિકા ઉત્તમા નાયિકા સમજવી.'' (અધ્યાય ૨૫ / શ્લોક ૩૭ થી ૩૯)

'સ્ત્રી પું ઉપચાર' નામના અધ્યાયમાં (ગા.ઓ.સી.) ભરતમુનિ ઉત્તમા નાયિકાના લક્ષણો નીચે પ્રમાણે નિરુપે છે. ત્યાં તેમણે નાયિકા માટે પ્રમદા શબ્દ પ્રયોજ્યો છે.

'મૃદુ સ્વભાવવાળી, અચપલા (જેમાં ચપલતા-ચંચળતા ન હોય તેવી), સ્મિતપૂર્વક-હસીને બોલનારી, અનિષ્ઠુરા (નિષ્ઠુર નહિ તેવી) ગુરુવચનોને માનનારી, લજ્જા કરનારી, વિનયથી યુક્ત, સ્વાભાવિકપણે રુપ, માધુર્ય વિગેરે ગુણોથી યુક્ત, ગાંભીર્ય તથા ધૈર્યથી સંપન્ન નાયિકા ઉત્તમા નાયિકા સમજવી જોઇએ.''

(અધ્યાય ૨૪ (ગા.ઓ.સી.))૯-૧૦

ઉત્તમ નાયિકાનાં ગુણ શારદાતનયે ભાવપ્રકાશનમાં આ પ્રમાણે નિરુપ્યાં છે.

'સ્નેહ-સોચન કરનારી, કુલીન તથા ગુણી હોવાથી જે નાયિકાને નાયક ચાહતો

હોય, ગ્રહણ કરતો હોય, પ્રિય અપરાધ કરે ત્યારે જે રોષ કરતી હોય, કોઈને શાન્ત કરી પ્રસન્ન થતી હોય, પતિ અપ્રિય કરે તો પણ તે પતિને પ્રિય હોય તેજ કરતી હોય. ઈર્ષ્યા કરનારી જે પ્રિય અપરાધ કરે તો પણ ચુપ રહે તે ઉત્તમા નાયિકા હોય છે.''

(અધિકાર-૪ / શ્લોક ૧૭૫)

નાટ્યદર્પણ અનુસાર લજ્જાવતી, મૃદુ, ધીર, ગંભીર, મન્દ મન્દ સ્મિત વેરતી, નમ્ર, ઉચ્ચ કુલોત્પન્ન, ચતુર અને સહનશીલ નાયિકા ઉત્તમ નાયિકા કહેવાય છે. (૪/૨૩૬)

'વૈશિક ઉપચાર અધ્યાય' અંતર્ગત નિરુપિત ઉત્તમા નાયિકાનાં લક્ષણો 'માલવિકાગ્નિમિત્ર'માં અગ્નિમિત્રની પ્રથમ રાણી ધારિણીમાં તથા 'મૃચ્છકટિક'માં ચારુદત્તની પત્નિ ધુતામાં જોવા મળે છે.

દેવી ધારિણી લાંબા સમય સુધી ક્રોધ કરતી નથી. કળાઓમાં વિચક્ષણ છે. શીલ શોભા ગુણોથી યુક્ત તથા ઉચ્ચ કુળની છે. પ્રોત્સાહન આપવા માટે યોગ્ય, કામતન્ત્રમાં કુશળ, દક્ષિણ અથવા ચતુર છે તથા રુપશાલિની, કોઈ કારણસરજ ક્રોધ કરનારી, ઈર્ષ્યારહિત સંભાષણ કરનારી, કાર્યકાળવિશેષજ્ઞ તથા સુરુપા છે. ધુતા પણ આવાં લક્ષણો ધરાવે છે. માટે આ બંને નાયિકાઓ ઉત્તમા નાયિકાઓ છે.

ભરતમુનિએ 'સ્ત્રી પું ઉપચાર અધ્યાય (અધ્યાય ૨૪ ગા.ઓ.સી.) માં વર્ણવેલી વિશેષતાઓ શકુંતલા, માલવિકા, વાસવદત્તા, પદ્માવતી, મલયવતી અને માલતી વિગેરે નાયિકાઓમાં જોવા મળે છે. આ તમામ નાયિકાઓ મૃદુ સ્વભાવવાળી, હસીને બોલનારી, અનિષ્ઠુરા, ગુરુના વચનોને માનનારી, લજ્જાશીલ, વિનયશીલ, સ્વાભાવિકપણે રુપ, માધુર્ય વિગેરે ગુણોથી યુક્ત, ગાંભીર્ય તથા ધૈર્યથી સંપન્ન હોવાથી 'ઉત્તમા નાયિકા' કહી શકાય.

'ધૂર્તવિટ સંવાદ' ભાણ ઉત્તમા વેશ્યાની વિશેષતાઓ વર્ણવે છે. 'શૃંગારનારદીય' પ્રહસનમાં પણ ઉત્તમા (રદના) નો ઉલ્લેખ મળે છે.

મધ્યમા

'વૈશિક ઉપચાર અધ્યાય'માં મધ્યમા નાયિકાનાં લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે

નિરુપે છે.

'મધ્યમાં નાયિકા એ હોય છે જેની પુરુષો કામના કરે છે અને જે પુરુષોની કામના કરે છે, જે કામોપચારમાં કુશળ હોય છે, પ્રતિપક્ષથી અર્થાત્ શત્રુથી દ્વેષ કરનારી, ઈર્ષ્યાથી દુ:ખી થનારી, ક્ષણિક ક્રોધ દાખવનારી, અતિગર્વિતા, ક્ષણમાં પ્રસન્ન થનારી - (ક્ષણપ્રસાદા) હોય છે.'' (અધ્યાય ૨૫ / શ્લોક ૪૦-૪૧)

'સ્ત્રી પું ઉપચાર' અધ્યાયમાં મધ્યમા નાયિકાનાં લક્ષણો ભરતમુનિએ નીચે પ્રમાણે નિરુપ્યાં છે.

'જે નાયિકા ઉત્કૃષ્ટ કોટિની વિશેષતાઓ દાખવતી નથી અને જે અલ્પદોષાનુવિદ્ધા અર્થાત્ જેમાં થોડા ઘણાં દોષ જોવા મળે છે તે મધ્યમાં નાયિકા કહેવાય છે.''

(અધ્યાય ૨૪ (ગા.ઓ.સી.)શ્લોક ૧૧

શારદાતનય, ભાવપ્રકાશનમાં મધ્યમા નાયિકાના લક્ષણો નીચે પ્રમાણે નિરુપે છે.

'જે પુરુષને સ્વયં ચાહતી હોય અને પુરુષ પણ જેને ચાહતો હોય, પ્રિય અપરાધ કરે તો તે પણ અપરાધ કરે, પ્રિય અસત્ય બોલે તો તે પણ અસત્ય બોલે, પ્રિય પ્રેમ કરે તો તે પણ પ્રેમ કરે, કોઈ ઉપકાર કરે તો તે પણ ઉપકાર કરે - આવા ગુણોથી યુક્ત નાયિકાને વિધ્વાનો મધ્યમા નાયિકા કહે છે.'' (અધિકાર(૪)/શ્લોક ૧૭૬)

નાટ્યદર્પણ અનુસાર મધ્યમ નાયક સમાન મધ્યમા નાયિકા હોય છે. તેમાં મધ્યમ નાયકની જેમ લોકવ્યવહારની નિપુણતા, કલા, વિધ્વતા વિગેરે ગુણો હોય છે.

(૪ /૨૩૭ તથા ૨૩૪)

મધ્યમા નાયિકાની ભરતમુનિ નિરુપિત વિશેષતાઓ 'માલવિકાગ્નિમિત્ર' નાટકની રાણી ઈરાવતીમાં જોવા મળે છે.

રાજા અગ્નિમિત્ર ઈરાવતીની કામના કરે છે, ઈરાવતી અગ્નિમિત્રની, તે કામોપચારમાં કુશળ, પ્રતિપક્ષ પરત્વે દ્વેષભાવ રાખનારી, ઈર્ષ્યાથી દુ:ખી થનારી, નિપુણા, અતિગર્વિતા, ક્ષણભરમાં પ્રસન્ન થનારી છે.

'ધૂર્તવિટસંવાદ' ભાણમાં વિટ મધ્યમા વેશ્યા નાયિકાની વિશેષતાઓ વર્ણવે છે.

## અધમા

અધમા નાયિકાનાં લક્ષણો 'વૈશિક ઉપચાર અધ્યાય' અંતર્ગત ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'અસ્થાનકોપના અર્થાત્ વિનાકારણે ક્રોધ કરનારી, દુષ્ટશીલા અર્થાત્ દુષ્ટ પ્રકૃતિની, અતિમાનીની અર્થાત્ અત્યંત અભિમાની, ચપલા અર્થાત્ ચંચળ વૃત્તિવાળી, પુરુષા તથા દીર્ઘરોષા અર્થાત્ લાંબા સમય સુધી રોષિત રહેનારી નાયિકા અધમા સમજવી.

(અધ્યાય ૨૫ / શ્લોક ૪૨)

'સ્ત્રી પું ઉપચાર' અધ્યાયમાં ભરતમુનિ વિધાન કરે છે કે -

'અધમ નાયકની વિશેષતાઓ અધમા નાયિકામાં પણ જોવા મળે છે.

( અધ્યાય ૨૪/૧૨)

'' રુક્ષ બોલનારી, દુ:શીલા અર્થાત્ ખરાબ આચરણવાળી, કુસત્વા, સ્થૂળ બુધ્ધિવાળી, ક્રોધ કરનારી, બીજાઓ માટે ઘાતક, મિત્રોને મારનારી, માનુની, પિશુના, અકૃતજ્ઞ તથા આળસુ, માન્ય અને અમાન્યની વિશેષજ્ઞા, કલહપ્રિય, પાપકર્મોની સુચક, બીજાઓનું દ્રવ્ય (ધન) હરનારી, આવા બધા દોષોથી સંપન્ન અધમા નાયિકા હોય છે.''- અધ્યાય ૨૪ (ગા.ઓ.સી.) શ્લોક ૫ થી ૭ માં અધમ નાયકના જે લક્ષણો ભરતમુનિએ નિરુપ્યા છે તે લક્ષણો અહીં અધમા નાયિકાને ૨૪/૧૨ અન્વયે લાગુ પાડી નિરુપવામાં આવ્યા છે.

અધમા નાયિકાનાં ભરતમુનિએ નિરુપેલાં લક્ષણો શૂર્પણખા, પુતના જેવી નાયિકાઓમાં જોવા મળે છે.

'ધૂર્તવિટસંવાદ'માં વિટ અધમા વેશ્યા નાયિકાનું વર્ણન કરે છે.

'અધમા' નાયિકાના લક્ષણો શારદાતનયે ભાવપ્રકાશનમાં નીચે પ્રમાણે નિરુપ્યાં છે.

' જે અકારણ ક્રોધ કરતી હોય, પ્રિયતમ વિનંતી કરે તો પણ જે ક્રોધને શાન્ત ન કરે, જે રુપવાન અથવા કુરુપ, ગુણી અથવા મુર્ખ, યુવક અથવા વૃધ્ધ કોઇને પણ વારંવાર ચાહતી હોય, તથા રોષ, ઇર્ષ્યા, તથા કલહ કરનારી હોય તે નાયિકા વિદ્વાનો દ્વારા 'અધમ નાયિકા' કહેવાય છે. (અધિકાર ૪ / શ્લોક ૧૭૭)

'નાટ્યદર્પણ' અનુસાર નીચ નાયિકા નીચ નાયકની સમાન હોય છે અર્થાત તે અત્યંત પાપ કરનારી, ચુગલીખોર, આળસુ, કૃતઘ્ન, ઝઘડાખોર, પરાક્રમ વિહીન, પુરુષ-નિરત, તથા જુઠ્ઠું બોલનારી હોય છે. (૪ /૨૩૭-૨૩૫)

યૌવનની ચાર અવસ્થાઓના આધારે નાયિકાભેદ

'વૈશિક ઉપચાર અધ્યાય'માં ભરતમુનિ જણાવે છે તેમ નેપથ્ય (બાહ્ય સજાવટ), રૂપ (સૌંદર્ય), ચેષ્ટા, ગુણ (ઔદાર્ય વિગેરે) અને શૃંગારને પ્રાપ્ત કરનારી સમસ્ત નાયિકાઓના યૌવનના ચાર ભેદ છે. (૧) પ્રથમ યૌવન (૨) દ્વિતીય યૌવન (૩) તૃતીય યૌવન અને (૪) ચતુર્થ યૌવન. આ યૌવન લીલાના આધારે નાયિકાઓના ચાર ભેદ તે (૧) પ્રથમ યૌવના (૨) દ્વિતીય યૌવના (૩) તૃતીય યૌવના અને (૪) ચતુર્થ યૌવના.

સર્વાસાં નારીણાં યૌવનભેદાઃ સ્મૃતાસ્તુ ચત્વારઃ ।
નેપથ્ય-રૂપ-ચેષ્ટા-ગુણૈન-શૃંગારમાસાદ્ય ॥ ૪૩ ॥
(અધ્યાય ૨૫ શ્લોક ૪૩)

અભિનવગુપ્તે યૌવન સંબંધી બે મત ટાંક્યા છે. પ્રથમ મત અનુસાર વીસ વર્ષની અવસ્થા સુધી પ્રથમ યૌવન, ત્રીસ વર્ષની અવસ્થા સુધી દ્વિતીય યૌવન, ચાલીસ વર્ષની અવસ્થા સુધી તૃતીય યૌવન અને પચાસ વર્ષની અવસ્થા સુધી ચતુર્થ યૌવન કહેવાય છે. અન્ય મત પ્રમાણે પ્રથમ યૌવન સોળ વર્ષની અવસ્થા સુધી, દ્વિતીય યૌવન પચ્ચીસ વર્ષ સુધી, તૃતીય યૌવન પાંત્રીસ વર્ષ સુધી અને ચતુર્થ યૌવન પિસ્તાળીસ વર્ષ સુધી રહે છે.

નાટ્યશાસ્ત્ર (અભિનવભારતી) પૃ. ૨૪૦

ભાવપ્રકાશનમાં શારદાતનય પણ 'પ્રાયઃ સર્વ નાયિકાઓના યૌવન ચાર પ્રકારના હોય છે અને પ્રત્યેક યૌવનની ભિન્ન ભિન્ન ચેષ્ટાઓ હોય છે.'' એવું વિધાન કરે છે.

(અધિકાર ૫. શ્લોક (૨)

પ્રથમ યૌવન

નારી-યૌવનની પ્રથમ અવસ્થાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે -

'' યૌવનની પ્રથમ અવસ્થામાં યુવતીની ઉરુ, ગણ્ડ, જંઘા, અધર તથા સ્તન પીન, તે સ્વભાવે કર્કશા તથા રતિમનોજ્ઞ અર્થાત રતિમાં રુચિ દાખવનારી તથા શૃંગાર રસને ઉત્સાહિત કરનારી અર્થાત વધારનારી બને છે.'' (અધ્યાય ૨૫ / શ્લોક ૪૪)

યૌવનની પ્રથમ અવસ્થામાં નાયિકાનો વ્યવહાર કેવો હોય તે અંગે ભરતમુનિ જણાવે છે.

'' નાયિકા યૌવનની પ્રથમ અવસ્થામાં અતિશય કષ્ટ સહન કરવાને અસમર્થ, અન્ય સ્ત્રીઓ પરત્વે નથી રોષ દાખવતી નથી હર્ષ પામતી, તથા સૌખ્ય ગુણો પર અથવા પાઠભેદ પ્રમાણે સૌમ્યગુણો પર આસક્ત રહેનારી હોય છે.'' (અધ્યાય ૨૫ / શ્લોક ૪૯)

શારદાતનય, ભાવપ્રકાશનમાં જણાવે છે તેમ નાયિકાના પ્રથમ યૌવનમાં રાગથી આરુઢ લાલ લાલ નેત્ર, કંઇક લાલ લાલ ઓષ્ઠ, કામથી પ્રસન્ન મુખ, કપોલ-પ્રદેશ ઉપર ગર્વથી ઉત્પન્ન રજ, અંગોમાં ઉત્પન્ન લાવણ્ય, પ્રગટ મુખ-સૌરભ, સ્તનોનો કિંચિત આવિર્ભાવ, કિંચિત વિભક્ત અંગ-સંધિઓ, રુપને અનુકુળ અકઠોરતા તથા અંગોની અતિ મૃદુતા વિગેરે ગુણોની અવસ્થા હોય છે. આ પ્રથમ યૌવનમાં નાયિકા રતિથી ઉત્પન્ન કષ્ટ સહન કરી શકતી નથી, કોમળ સ્પર્શની અભિલાષા સેવે છે, અંગો ઉપર આદરપૂર્વક સંસ્કારો (ચંદન વિગેરે) ધારણ કરે છે, સખીઓ સાથે કેલિ કરવાની લાલસા રાખે છે, સપત્નીના દર્શનથી ન હર્ષ કરે છે ન શોક, પ્રિય સમાગમ સમયે વિરક્ત નહીં પણ અનુરક્ત રહે છે. પ્રથમ યૌવના નાયિકાની આ ચેષ્ટાઓ હોય છે. (અધિકાર (૫) શ્લોક (૩))

ભરતમુનિ દ્વારા નિરુપિત પ્રથમ યૌવના નાયિકાની વિશેષતાઓ શકુંતલા, માલવિકા અને મલયવતી વિગેરે નાયિકાઓમાં જોવા મળે છે.

પદ્મપ્રાભૃતકમ ભાણમાં વર્ણિત દેવસેનામાં પણ પ્રથમ યૌવનાની વિશેષતાઓ મળી આવે છે. રસસદન ભાણમાં પ્રથમ યૌવના માટે 'આરબ્ધ યૌવના' શબ્દનો ઉલ્લેખ મળે છે.

<u>દ્વિતીય યૌવના</u>

નારી-યૌવનની દ્વિતીય અવસ્થાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' કામની સારભૂત સમાન અર્થાત્ રતિસુખની દૃષ્ટિએ સર્વોત્તમ એવી 'દ્વિતીય યૌવન અવસ્થામાં નાયિકાનાં શરીરનાં તમામ અંગો વિકસિત બને છે. તેને પયોધર પીન તથા મધ્યભાગ (કમર) નતૂ અર્થાત્ ઝુકેલો રહે છે.'' (અધ્યાય ૨૫ શ્લોક ૪૫)

દ્વિતીય યૌવના નાયિકાના વ્યવહાર વિશે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે -

'નાયિકા યૌવનની દ્વિતીય અવસ્થામાં કિંચિત માન અને કિંચિત ક્રોધ કરનારી તથા દ્વેષ કરનારી બને છે અને ક્રોધ ચઢે ત્યારે ચુપ થઇ જાય છે.'' .

(અધ્યાય ૨૫ / શ્લોક ૫૦)

શારદાતનય, ભાવપ્રકાશનમાં જણાવે છે તેમ નાયિકાઓના દ્વિતીય યૌવનમાં પીન, પયોધર, શિથિલ અવયવોથી પૂર્ણ શરીર, વિશાળ જઘન, પાતળો કટિ-ભાગ, ઉન્નત શ્રોણિ, સ્પષ્ટ રોમાવલિ, ઉંડી નાભી, વ્યક્ત ત્રિબલિ, હાથીની સુંઢ જેવો ઉરુ, હાથ-પગમાં લાલિમા તથા અંગ, કેશ, નેત્ર તથા દંત પંક્તિઓમાં સ્નિગ્ધતા વિગેરે ગુણોની અવસ્થા હોય છે. આ દ્વિતીય યૌવનમાં પ્રાયઃ નાયિકા પ્રિયના અપરાધને સહન નથી કરતી, મનાવા છતાં પ્રસન્ન થતી નથી, ઇર્ષ્યા કરે છે, પ્રણયને લીધે ક્રોધ કરે છે, પ્રતિ પક્ષી પરત્વે અસુયા દાખવે છે, અભિપ્રાયથી સખીઓને પ્રેમ કરે છે, પ્રાપ્ત બાધવો ઉપર ક્રોધ કરે છે, માન ગ્રહણ કરે છે, પ્રાર્થના કરનારને સારી રીતે ચાહે છે, રતિ-ક્રિડામાં અવિનીત હોય છે, ગર્વિત હોયછે, એકાન્તમાં ચેષ્ટા કરે છે, દ્વિતીય યૌવના નાયિકાની આ ચેષ્ટાઓ હોય છે.

(અધિકાર-૫ શ્લોક ૪)

ભરતમુનિ નિરુપિત 'દ્વિતીય યૌવના' નાયિકાના લક્ષણો શકુંતલા, મલયવતી, વાસવદત્તા, પદ્માવતી વિગેરે નાયિકાઓમાં જોવા મળે છે. આ તમામ નાયિકાઓ કામની સારભૂત, વિકસિત અંગોવાળી, પીન પયોધર તથા નમેલી કમરવાળી, માન-ક્રોધ-ઇર્ષ્યા કરનારી અને ક્રોધ ચઢે ત્યારે ચુપ થઇ જનારી છે.

તૃતીય યૌવના

નારી યૌવનની તૃતીય અવસ્થાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' યૌવનની ત્રીજી અવસ્થામાં નાયિકા સર્વશ્રીસંયુક્ત અર્થાત્ સર્વ પ્રકારના સૌંદર્યથી પરિપૂર્ણ, રતિકર્મ સંપાદન સમર્થ, રતિભાવના વર્ધક તથા કામભાવનાથી અતિશય શોભિત બને છે. (અધ્યાય ૨૫ / શ્લોક ૪૬)

તૃતીય યૌવના નાયિકાનાં આચરણ વિશે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે -

'નાયિકા પોતાના યૌવનની ત્રીજી અવસ્થામાં રતિસંભોગ દશા અર્થાત રતિસંભોગમાં નિપુણ, પ્રતિપક્ષ અસૂયિની અર્થાત્ પ્રતિપક્ષ એટલે શોક્ય પ્રત્યે દ્વેષભાવ રાખનારી, રતિગુણાઢયા અર્થાત્ કામતંત્રના પ્રયોગોમાં પ્રગલ્ભ, અનિભૃતપણે ગર્વિત ચેષ્ટા કરનારી અર્થાત્ ગર્વ તથા ચેષ્ટાઓનું પ્રદર્શન પ્રગટ કરનારી બને છે.'' (અધ્યાય ૨૫/શ્લોક ૫૧)

શારદાતનય ભાવપ્રકાશનમાં જણાવે છે તેમ નાયિકાઓના તૃતીય યૌવનમાં અધર પર રાગ તેમજ કોમળતા, આંખોમાં અસ્નિગ્ધતા, છાતી-સમાન અંગોની વિગુણતા (ન્યુનતા), કઠોર સ્પર્શ, શિથિલ અવયવ તથા કપોલ-પ્રદેશની કાન્તિની મલિનતા વિગેરે ગુણોની અવસ્થા રહે છે તથા આ તૃતીય યૌવનમાં કામતંત્રમાં વિદગ્ધતા અર્થાત્ ચતુરાઇ, પ્રિયની અભિલાષાને અનુકુળ થઇને રહેવું, પ્રિય અપરાધ કરે તો તેનો આદર ન કરવો, પ્રતિપક્ષી પરત્વે મત્સર ભાવ રાખવો, પતિનો અપરિત્યાગ તથા પતિને આકર્ષિત કરવાની કુશળતા વિગેરે તૃતીય યૌવના નાયિકાઓની ચેષ્ટાઓ હોય છે. (અધિકાર ૫/ શ્લોક ૫)

'<u>માલવિકાગ્નિમિત્ર</u>'માં ઇરાવતી, ભરતમુનિ દ્વારા નિરુપિત 'તૃતીય યૌવના' ના લક્ષણો પ્રગટ કરે છે. ઇરાવતી સુંદરતાથી યુક્ત, રતિકર્મ સંપાદન કરવામાં સમર્થ, રતિભાવનાને વધારનારી, કામ ભાવના વધવાથી શોભાયમાન પ્રતિપક્ષ પરત્વે ઇર્ષ્યાળુ, રતિગુણાઢયા, સ્વભાવથીજ ગર્વિત હોવાથી તેને તૃતીય યૌવના નાયિકા કહી શકાય.

'<u>પદ્મપ્રાભૃતકમ્</u>' ભાણમાં વિપુલા પણ ભરતમુનિ દ્વારા વર્ણિત તૃતીય યૌવના નાયિકાનાં લક્ષણો ધરાવે છે.

## ચતુર્થ યૌવના

નારીયૌવનની ચોથી અવસ્થાના લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'' જ્યારે પ્રથમ, દ્વિતીય તથા તૃતીયવયયૌવન વિતી થાય છે તો શૃંગાર ભાવનાઓની શત્રુ એવી ચોથી અવસ્થા આવે છે. આ અવસ્થામાં ગણ્ડ (કપોલ), જંઘા, અધર તથા સ્તનનું સૌંદર્ય મ્લાન થઇ જાય છે, અંગોનું લાવણ્ય ઘટી જાય છે. કામ પ્રતિ ઉત્સાહ રહેતો નથી અર્થાત રતિસંભોગમાંથી રસ ઉઠી જાય છે.'' (અધ્યાય ૨૫ / શ્લોક ૪૭-૪૮)

ચતુર્થ યૌવના નાયિકાના વ્યવહારનું નિરુપણ કરતાં ભરતમુનિ જણાવે છે કે -

''નાયિકા યૌવનની ચતુર્થાવસ્થામાં ચિત્તગ્રહણસમર્થા અર્થાત્ પુરુષના ચિત્તને ગ્રહણ કરવામાં સમર્થ, કામ અભિજ્ઞા, મત્સર ઉપેતા અર્થાત્ ઇર્ષ્યારહિત, અવિરહ ઇચ્છતિ અર્થાત્ પુરુષ પૃથક્ થવાની અનિચ્છાવાળી બને છે.'' (અધ્યાય ૨૫ / શ્લોક ૫૨)

શારદાતનય ભાવપ્રકાશનમાં નોંધે છે તેમ નાયિકાઓના ચતુર્થ યૌવનમાં શ્રોણિ (નિતંબ), સ્તન, ઉરુ, જંઘન-ભાગ, કપોલ-પ્રદેશ, માંસરહિત બની જાય છે તથા જર્જરિત થઇ જાય છે અને કપોલ લટકી પડે છે વિગેરે ગુણોની અવસ્થા હોય છે. આ ચતુર્થ યૌવનમાં રતિ-વ્યાયામ તથા રતિ-કેલિમાં અશક્તિ આવી જાય છે તથા ઉત્સાહ નષ્ટ થઇ જાય છે. પ્રતિ-પક્ષ પરત્વે અનુકુળતા રહે છે તથા પ્રિયની સાથે બસે છે.. ચતુર્થ યૌવના નાયિકાની આ ચેષ્ટાઓ હોય છે.

'પ્રતિમાનાટક'માં રાજા દશરથની પ્રથમ રાણી તથા 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં અગ્નિમિત્રની રાણી ધારિણી ચતુર્થ યૌવના છે કારણ કે બંનેનું સૌંદર્ય મ્લાન થઇ ગયું છે, અંગોનું લાવણ્ય ઘટી ગયું છે, કામવાસના પરત્વે લાલસા નથી, બંને પુરુષના ચિત્તને સમજનારી, કામને જાણનારી ઇર્ષ્યાથી રહિત તથા પોતાના પતિ (દશરથ તથા અગ્નિમિત્ર) થી અવિરહિત રહેવાની ઇચ્છાવાળી છે.

## સામાજિક પ્રતિષ્ઠા ઉપર આધારિત નાયિકાભેદ

વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિર દ્વારા પ્રકાશિત અભિનવભારતી સહિતના નાટ્યશાસ્ત્ર

(ગા.ઓ.સી.)માં 'વૈશિક ઉપચાર' પછીના 'સ્ત્રીઉં ઉપચાર અધ્યાય' (ગા.ઓ.સી.પ્રમાણે અધ્યાય ૨૪) અંતર્ગત અન્ય નાયિકાભેદ મળે છે.

રુપકના વિભિન્ન ભેદોમાં જેમ નાયક વિભિન્ન વર્ગ તથા સામાજિક સ્તરના હોય છે તે પ્રમાણે નાટક, પ્રકરણ, ભાણ, પ્રહસન વિગેરે રુપકોમાં વિભિન્ન વર્ગ અને સામાજિક સ્તરની નાયિકાઓ હોય છે. એટલે તેમને દૃષ્ટિમાં રાખી નાયિકાઓના નિમ્નલિખિત ચાર ભેદ ભરતમુનિએ નિરુપ્યા છે (૧) દિવ્યા (૨) નૃપ પત્નિ (૩) કુળસ્ત્રી તથા (૪) ગણિકા.

(અધ્યાય ૨૪ -ગા.ઓ.સી.શ્લોક ૨૩)

આ નાયિકાભેદોમાં તેમના નામકરણના આધારે તેમની સામાજિક પ્રતિષ્ઠાનો બોધ થાય છે. આ ચારે નાયિકાઓની પ્રકૃતિ પણ ભિન્ન ભિન્ન હોય છે એટલે આ ચારેય નાયિકાના પણ લલિતા, ઉદાત્તા, ધીરા અને નિભૃતા વિગેરે ચાર ભેદ છે. (શ્લોક ૨૪)

## દિવ્યા

ભરતમુનિના મત પ્રમાણે 'દિવ્યા' નાયિકામાં ધીરા, લલિતા, ઉદાત્તા અને નિભૃતા નાયિકાઓના ગુણોનો સમાવેશ થાય છે. (શ્લોક ૨૫) અર્થાત આ નાયિકા ધીર, લલિત, ઉદાત્ત અને નિભૃત હોય છે.

'વિક્રમોર્વશીય' નાટકમાં 'ઉર્વશી' દિવ્યા નાયિકા છે.

'નાગાનન્દ'ની નાયિકા મલયવતી માટે 'દિવ્યા' શબ્દ પ્રયોજાયેલો છે. વળી મલયવતીમાં લલિતા, ઉદાત્તા, ધીરા અને નિભૃતા નાયિકાનાં લક્ષણો પણ જોવા મળે છે તેથી મલયવતી દિવ્યા નાયિકા છે.

## નૃપ પત્ની

ભરતમુનિના કથન અનુસાર નૃપપત્ની અથવા રાજાંગનામાં પણ લલિતા, ધીરા, ઉદાત્તા, અને નિભૃતાનાં ગુણો જોવા મળે છે. (શ્લોક ૨૫) અર્થાત તે લલિત, ધીર, ઉદાત્ત અને નિભૃત હોય છે.

રાજા દુષ્યન્તની પત્ની શકુંતલા, રાજા અગ્નિમિત્રની પત્ની ધારિણી, રાજા ઉદયનની

પત્ની વાસવદત્તા અને પદ્માવતીમાં ભરતમુનિ નિરૂપિત નૃપપત્ની (રાજાંગના)ની ગુણો વિદ્યમાન હોવાથી 'નૃપપત્ની' નાયિકા કહી શકાય.

## કુલસ્ત્રી

ભરતમુનિના મત પ્રમાણે કુલસ્ત્રી અથવા કુલાંગનામાં ઉદાત્તા અને નિભૃતા નાયિકાનાં ગુણ જોવા મળે છે. (શ્લોક ૨૫) અર્થાત્ તે ઉદાત્ત અને નિભૃત હોય છે.

'માલતીમાધવ'ની નાયિકા કુલાંગના છે કારણ કે તેનામાં ઉદાત્તા અને નિભૃતાના ગુણો છે.

> નાયિકા ચ માલત્યુદાત્ત નિભૃતા કુલસ્ત્રીત્વાત્ ।
> યદાહ ભરતઃ ઉદાત્ત નિભૃતા ચૈવ ભવેત્તું કુલજાંગના ॥
> -માલતી માધવ પ્રકરણ જગધાર પૃ.૧૨

નાટ્યદર્પણકારે સામાજિક પ્રતિષ્ઠા પર આધારિત નાયિકાભેદમાં (૧) કુલજા (૨) દિવ્યા (૩) ક્ષત્રિયા તથા (૪) પણ્યકામિની અર્થાત્ વેશ્યાનો ઉલ્લેખ કરી કુલજા નાયિકા ઉદાત્ત, દિવ્યા તથા ક્ષત્રિયા ધીરા, લલિતા તથા ઉદાત્તા અને વેશ્યા લલિતોદાત્ત પ્રકારની હોવાનું જણાવ્યું છે. (સૂત્ર ૨૫૫)

## નાયકભેદ અનુસાર નાયિકાભેદ

'સ્ત્રીયું ઉપચાર' અધ્યાય અંતર્ગત ભરતમુનિ નાયિકાની 'નાયક સમાન' કલ્પના કરી નાયકભેદના વર્ણન અનુસાર નાયિકાભેદ નિરૂપ્યા છે.

ભરતમુનિના મત પ્રમાણે ચાર પ્રકારના નાયક હોય (૧) ધીરોદ્ધત (૨) ધીરલલિત (૩) ધીરોદાત્ત અને (૪) ધીર પ્રશાન્ત -

> ધીરોદ્ધતા ધીરલલિતા ધીરોદાત્તાસ્તથૈવ ચ ।
> ધીર પ્રશાન્ત કાશ્ચૈવ નાયકાઃ પરિકીર્તિતાઃ ॥ ૧૭ ॥
> નાટ્યશાસ્ત્ર (ગા.ઓ.સી.) ૨૪/૧૦

એટલે નાયિકાઓ પણ ચાર પ્રકારની હોય છે. - ધીરા, લલિતા, ઉદાત્તા અને નિભૃતા -

એતાસ્તુ નાયિકાજ્ઞેયા નાના પ્રકૃતિ લક્ષણા:
ધીરા ચ લલિતા ચ સ્યાદુદાત્તા નિભૃતા તથા ॥ ૨૪॥
નાટ્યશાસ્ત્ર (ગા.ઓ.સી. ૨૪/૨૪

નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ ચાર પ્રકારના ધીર પ્રશાન્ત, ધીર લલિત, વિગેરે નાયકોનો અને તેને સમાન ચાર પ્રકારની ધીરા લલિતા વિગેરે નાયિકાઓનો ઉલ્લેખ કર્યો છે. ભરતમુનિએ પ્રશાન્ત નાયકની સમાન ધીરા અને ઉધ્ધત નાયકની સમાન નિભૃતા નાયિકાનો ઉલ્લેખ કર્યો છે પણ પ્રશાન્ત અને ધીરામાં તથા ઉધ્ધત અને નિભૃતામાં કેવળ શબ્દભેદ છે, અર્થભેદ નહીં.

ભરતમુનિએ ધીરા, લલિતા, ઉદાત્તા અને નિભૃતા નાયિકાઓનાં લક્ષણ નિરુપ્યા નથી અને તેને દિવ્યા, નૃપપત્ની, કુલસ્ત્રી તથા ગણિકા વિગેરે નાયિકાઓના ઉપભેદ માન્યા છે તે આ અગાઉ આપણે જોયું પરંતુ 'દશરુપક'માં ધનંજયે ભરત સંમત ચાર પ્રકારના નાયકોનો ઉલ્લેખ તો કર્યો છે સાથે સાથે આ નાયકોની વિશેષતાઓ પણ નિરુપી છે. ભરતમુનિએ ચાર પ્રકારના નાયકોની સમાન ચાર પ્રકારની નાયિકાઓ માની છે. એટલે એ સંભવ છે કે નાયકોમાં જોવા મળતી વિશેષતાઓ, નાયિકાઓમા પણ સંભવે. એટલે દશરુપકમાં વર્ણિત ધીર પ્રશાન્ત વિગેરે નાયકોની વિશેષતાઓ ધીરા વિગેરે નાયિકાઓની વિશેષતા પણ માની શકાય. એ પ્રમાણેં આ ચારે નાયિકાઓના લક્ષણો નીચે પ્રમાણે નિરુપી શકાય.

## લલિતા

દશરુપકકાર ધ્વારા વર્ણિત 'લલિત' નાયકની વિશેષતાઓ ભરત સંમત લલિતા નાયિકામાં પણ જોવા મળે છે. કારણ કે ભરતમુનિએ લલિત નાયકની સમાન લલિતા નાયિકાનો પણ ઉલ્લેખ કર્યો છે. એટલે લલિતા નાયિકા તે હોઇ શકે જે સર્વથા નિશ્ચિન્ત રહેતી હોય, કોમળ સ્વભાવની હોય, સુખી રહેતી હોય તથા કળાઓ (નૃત્ય, ગીત વિગેરેમાં) આસકત રહેતી હોય.

## ધીરા

દશરુપકકારના મત પ્રમાણે પ્રશાન્ત નાયક એ છે જેમાં સામાન્ય રીતે લલિત નાયકની વિશેષતાઓ જોવા મળતી હોય. ભરતસંમત ધીરા નાયિકા પણ એ હોઇ શકે જેમાં લલિતા નાયિકાની વિશેષતાઓ હોય.

## ઉદાત્તા

દશરુપકકાર ધ્વારા વર્ણિત ઉદાત્ત નાયકનાં લક્ષણો ભરતસંમત ઉદાત્તા નાયિકામાં પણ હોઇ શકે. ઉદાત્તા નાયિકા એ હોઇ શકે જે મહાસત્વ (જેનું અન્ત:કરણ ક્રોધ, શોક વિગેરે વિકારોથી અભિભુત ન હોય ) અત્યંત ગંભીર, ક્ષમાશીલ અવિકત્થન (પોતાની પ્રશંસા ન કરનારી ) સ્થિર (અચંચળ મનવાળી) નિગુઢાહંકાર (અહંકાર અને સ્વાભિમાન અવશ્ય હોય પરંતુ વિનમ્રતાને કારણે નિગુઢ હોય) દ્દઢવ્રત (જે વાતની પ્રતિજ્ઞા લે તેને અંત લગી પાળનારી હોય )હોય.

## નિભૃતા

દશરુપકમાં નિરુપિત ઉધ્ધત નાયકની વિશેષતાઓ ભરતસંમત નિભૃતા નાયિકાની પણ હોઇ શકે. ભરતમુનિએ ઉધ્ધત નાયકની સમાન નિભૃતા નાયિકા માની છે. નિભૃતા નાયિકા એ હોઇ શકે જે ઘમંડ અને ઇર્ષ્યાથી (માત્સર્ય) ભરેલી, માયા અને કપટથી યુક્ત, ચંચળ, ક્રોધી તથા આત્મશ્લાઘી હોય.

શારદાતનયે ભાવપ્રકાશનમાં નાયક ભેદના આધારે નાયિકાભેદ નિરુપ્યા છે. (૧) ઉદાત્તા (૨) ઉધ્ધતા (૩) શાન્તા (૪) લલિતા. (અધિકાર-૪ શ્લોક ૧૫૪)

<u>ઉદાત્તાનાયિકા</u> કેશ, વાસ, અંગરાગ, માળા તથા આભુષણ વિગેરેનો આદર કરનારી, શય્યા, આભરણ, સંસ્કાર, પરિબર્હ (અનુચર વર્ગ)ને વધારનારી, સ્થિર પ્રેમવાળી તથા કૃતજ્ઞ, આશ્રિતજનો ઉપર વત્સલ ભાવ રાખનારી, બંધુ-બાંધવોના કષ્ટથી પણ પ્રસન્ન, કૃતજ્ઞ તથા પ્રિય બોલ બોલનારી હોય છે. (અધિકાર-૪ શ્લોક ૧૫૪)

<u>ઉદ્ધતા નાયિકા</u> સૌંદર્ય, ઐશ્વર્ય, સૌભાગ્ય, વિદ્યા તથા ભોગોથી અહંકાર કરે છે. વિદ્યા, કુલીન તથા ધનાદિથી સંપન્ન, બંધુજનોનું અપમાન કરે છે. ગર્વ તથા અભિમાનથી ભરેલો, માયા-છલકપટથી યુકત, ઘોર સ્વાર્થી હોય છે. (અધિકાર ૪ શ્લોક ૧૫૫)

<u>શાન્તા નાયિકા</u> સુખી, નિત્યસંતુષ્ટ રહેનારી, માન અપમાનમાં સરખી રહેનારી અસુયાથી રહિત, અહંકારથી હીન, માત્સર્યથી રહિત, બીજા દ્વારા અપકાર થવા છતાં પણ બીજાઓ ઉપર નિત્ય ઉપકાર કરનારી, બંધુજનોની સેવા કરનારી હોય છે.

(અધિકાર ૪ શ્લોક ૧૫૬)


લલિતા નાયિકા રુપ અને યૌવનથી સંપન્ન હોય છે. સખીઓ સાથે કેલિ-ક્રીડા કરવા માટે તત્પર રહે છે. વાસ, અંગરાગ, માળા, ઋતુ, સમુદ્ર-તટ, પર્વત તથા નદી તેને પ્રિય હોય છે. સંભોગમાં રસ લેનારી હોય છે. હેલા, ભાવ તથા હાવથી વૃદ્ધિ પામેલી હોય છે. કલા તથા શિલ્પવિદ્યામાં પારંગત હોય છે. (અધિકાર ૪ શ્લોક ૧૫૭)

<u>ગણિકા અને શિલ્પકારિકા</u>

ભરતમુનિના કથન અનુસાર ગણિકા તથા 'ગણિકાતુલ્ય શિલ્પકારિકા (રુપલેખા) નાયિકાઓમાં લલિતા તથા ઉદાત્તા નાયિકાનાં ગુણો જોવા મળે છે. (શ્લોક ૨૫) અર્થાત્ આ નાયિકાઓ લલિત અને ઉદાત્ત હોય છે.

'મૃચ્છકટિક પ્રકરણની નાયિકા વસન્તસેના ગણિકા છે.

સામાજિક પ્રતિષ્ઠાના આધારે ભરતમુનિ અનુસાર નીચે પ્રમાણેના નાયિકાભેદ મળે છે.



## અન્ત:પુર સમાશ્રિત નાયિકાઓ

રાજોપચારમાં પ્રયુક્ત નાયિકાઓનું વર્ણન ભરતમુનિ 'સ્ત્રીયુ ઉપચાર'અધ્યાય (ગા.ઓ.સી.) અંતર્ગત 'અન્ત:પુર સમાશ્રિત નાયિકાઓ રૂપે કરે છે.

નાયિકા ઉપરાંત, રાજાની અન્ય પત્નીઓ પણ હોય છે, જેની મર્યાદા ભિન્ન ભિન્ન હોય છે. મહાદેવી, સ્વામિની અને સ્થાપિતા વિગેરે ભિન્ન પદ અને મર્યાદાના પ્રતીક છે. આ ઉપરાંત મધ્ય અને નિમ્નશ્રેણીની અનેક નાયિકાઓની નામાવલી ભરતમુનિએ પ્રસ્તુત કરી છે, જે અન્ત:પુરના ભોગવિલાસમય, કલાપૂર્ણ જીવનમાં લાલિત્ય અને સૌંદર્યનું વાતાવરણ સર્જતી.

ભરતમુનિએ રાજાઓના અન્ત:પુરમાં સમાશ્રિત નાયિકાઓના વર્ણન અંતર્ગત મહાદેવી, દેવી, સ્વામિની, સ્થાપિતા, ભોગિની, શિલ્પકારિણી, નાટકીયા, નર્તકી, અનુચારિકા, પરિચારિકા સંચારિકા, પ્રેષણચારિકા, મહત્તરી, પ્રતિહારી, કુમારી, સ્થવિરા અને આયુક્તિકા નાયિકાઓનો ઉલ્લેખ કર્યો છે. (શ્લોક ૨૯ થી ૩૨)

શારદાતનય ભાવપ્રકાશનમાં રાજાની રાણીઓની ત્રણ પ્રકારની પ્રકૃતિ હોય છે - ઉત્તમ, મધ્યમ તથા અધમ એમ જણાવી રાજાના <u>વિવિધ રાણીઓના ભેદ</u> આ પ્રમાણે નિરુપે છે. (૧) મહિષી, (૨) મહાદેવી (૩) દેવી (૪) સહભોગિની (૫) આશ્રિતા (૬) નાટકીયા (૭) કામુકા (૮) શિલ્પકારકા. શારદાતનય તેને અન્ત:પુરિકાઓ તરીકે પણ ઓળખાવે છે. શારદાતનય <u>વિવિધ પરિચારિકાઓના ભેદ</u> આ પ્રમાણે નિરુપે છે (૧) શય્યાપાલી (૨) છત્રપાલી (૩) ચામર ધારીણી (૪) સંવાહિકા (૫) ગન્ધયોક્ત્રી (૬) માલયોક્ત્રી તથા આભરણયોક્ત્રી. શારદાતનય <u>વિવિધ અનુચારિકાઓના ભેદ</u> આ પ્રમાણે નિરુપે છે. (૧) વિવિધ કક્ષોની અધિષ્ઠાયિત્રિઓ (૨) ઉપવનની અધિષ્ઠાયિત્રીઓ (૩) દેવના, યજ્ઞ, ક્રીડા, મહેલ અને પ્રાસાદની અધિષ્ઠાયિત્રીઓ. શારદાતનય <u>વિવિધ સંચારિકાઓના ભેદ</u> પણ નિરુપે છે (૧) વીટિકાદાયિનીઓ (પાન આપનારી ) (૨) વેત્રધારિણીઓ (૩) અસિધારિણીઓ (તલવાર ધારણ કરનારી) (૪) આહવાયિકાઓ (૫) પ્રેક્ષિકાઓ તથા (૬) યામિનીઓ. શારદાતનય <u>વિવિધ અન્ત:પુર ચર ભેદ</u> (અર્થાત અન્ત:પુરમાં રહેનારાઓના ભેદ) આ પ્રમાણે

નિરુપે છે. (૧) મહત્તરી (૨) પ્રતીહારી (૩) વૃધ્ધા (૪) આયુક્તિકા (૫) કંચુકીય (૬) વર્ષવર (૭) કિરાત (૮) કુબડા (૯) ઠીંગણા (૧૦) ઔપસ્થાપિક (૧૧) નિર્મુણ્ડ (સંન્યાસી) (૧૨) અભ્યાગાર તથા (૧૩) ગૂંગા. (અધિકાર ૧૦ / શ્લોક ૨૪ થી ૨૬)

મહાદેવી

'મહાદેવી' નાયિકાના લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'મૂર્ધાભિષિકતા' અર્થાત્ રાજાની એ સ્ત્રી જેનો અભિષેક રાજાની સાથેજ કરવામાં આવ્યો હોય અથવા તો તે કે જે રાજાની સાથેજ રાજગાદી ઉપર બેઠી હોય, કુલશીલસમન્વિતા અર્થાત્ જે સારા કુલમાં જન્મેલી અને સારા ચારિત્ર્યવાળી હોય, સમસ્ત ગુણોથી યુક્ત, અવસ્થામાં મોટી, મધ્યમ વયની (વયસ્થા અને મધ્યસ્થા) ક્રોધના અર્થમાં ક્રોધ ન કરનારી, ઇર્ષ્યાથી રહિત, રાજાના સ્વભાવને જાણનારી, સુખદુ:ખમાં સમાન રહેનારી, શાન્તિ અને સ્વસ્તયન પાઠ ધ્વારા સદાય રાજાની મંગલકામના કરનારી અથવા પોતાના પતિનું કલ્યાણ ઇચ્છનારી, શાન્તા અર્થાત્ સ્વભાવે શાંત, પતિવ્રતા, ધીરા અને અન્ત:પુરના હિત માટે સદાય રત એવી પટરાણી મહાદેવી કહેવાય છે.'' (શ્લોક ૩૩ થી ૩૫)

ભરતમુનિ ધ્વારા નિરુપિત 'મહાદેવી' નાયિકાનાં લક્ષણો 'માલવિકાગ્નિમિત્ર'માં ધારિણી'માં જોવા મળે છે. ધારિણી, રાજા અગ્નિમિત્રની પટરાણી હોવાને લીધે મૂર્ધાભિષિકતા છે. સારા કુળ અને શીલવાળી છે. અને તે બધાનો આદરસત્કાર કરે છે. દા.ત. જ્યારે ગણદાસ નિરાશ થઇ આસન પરથી ઉઠવા ચાહે છે ત્યારે ધારિણી કહે છે કે ''આચાર્યને પોતાના શિષ્યજન ઉપર પૂર્ણ અધિકાર પ્રાપ્ત છે.'' આ કહેવાનું તાત્પર્ય એ કે તમો નિરાશ થઇને ના જશો અર્થાત્ પોતાની કળા બતાવો. પરિવ્રાજિકા જ્યારે એમ કહે છે કે, '' દેવીના મનમાં કંઇક છે તેથી હું ખચકાઉ છું'' ~~મારા સેવકો ઉપર મારો પુરો અધિકાર છે''~~ ત્યારે ધારિણી કહે છે કે - ' તમે નિશ્ચિંતપણે કહો. મારા સેવકો ઉપર મારો પુરો અધિકાર છે.'

ગણદાસ દ્વારા પ્રયોગ સમાપ્ત થયે તેમને અભિનંદન આપતાં ધારિણી કહે છે કે - '' પરીક્ષકોને સંતોષ આપવા બદલ આપને અભિનંદન''.

ધારિણી, રાજાનો પણ ઉચિત આદર સત્કાર કરે છે.

નામ પ્રમાણે ધારિણીમાં આત્મસંયમ અને ઉદારતાનો ગુણ પણ રહેલો છે. તે કલાપ્રિયા અને ધીરા છે. જેટલી ક્ષમાશીલા છે તેટલીજ ચતુર અને લોકનિપુણ છે. બ્રાહ્મણો પરત્વે શ્રધ્ધાળુ અને દયાળું છે. કુમારના વિજયથી પ્રસન્ન થઇ રાજાને પારિતોષિક આપવા માટે તૈયાર થઇ જાય છે.

ધારિણી અવસ્થામાં મોટી છે કારણ કે તેનો પુત્ર વસુમિત્ર યજ્ઞાશ્વની રક્ષા માટે નિમાય એટલો યુવાન છે. ધારિણી ક્રોધ અને ઇર્ષ્યાથી રહિત છે. તે રાજાના સ્વભાવને સારી રીતે જાણે છે. તે એ પણ માન્ય રાખે છે કે રાજા કોઇ પણ અન્ય સ્ત્રી ઉપર મુગ્ધ થઇ શકે છે. રાજાને જ્યારે એમ પુછવામાં આવે છે કે આપની સાથે ચિત્રિત બાલિકા ઘણી સુંદર છે. તેનું નામ શું છે ત્યારે ધારિણી તેનો કશો જવાબ આપતી નથી.

સુખ અને દુ:ખમાં સમાન રહેનારી અને સદાય પતિનું કલ્યાણ ઇચ્છનારી ધારિણી પતિવ્રતા છે. અંત:પુરની હિતસ્વી છે. વિદૂષકને સાપ કરડયો છે તે જાણી તે અત્યંત પરેશાન થાય છે અને તેનાં પ્રાણ બચાવવા તે સર્પમુદ્રાયુક્ત વીંટી આપી દે છે અને વિદૂષક નિર્વિષ થયાના સમાચાર સાંભળી તે અત્યંત પ્રસન્ન થાય છે.

ધારિણી રાજાની આજ્ઞા શિરોધાર્ય ગણે છે. ઉત્કટ પતિપ્રેમને કારણે જ તે પોતાના પતિના પ્રેમ સંબંધી અનુચિત વાતો પસંદ ન હોવાં છતાં પણ પતિને સુખ મળશે એવા વિચારથી નવી પત્ની લાવવા સંમતી દર્શાવે છે.

આ પ્રમાણે 'ધારિણી'માં ભરતમુનિ નિરુપિત મહાદેવી નાયિકાનાં તમામ લક્ષણો વિધમાન હોવાથી તે મહાદેવી છે. 'સ્વપ્નવાસવદત્તમ્'માં વાસવદત્તા, પ્રતિમાનાટકમાં કૌશલ્યા તથા સુમિત્રા પણ મહાદેવી નાયિકાનાં લક્ષણો ધરાવે છે. 'ઉત્તરરામચરિત'માં સીતા પણ મહાદેવીના ગુણો ધરાવે છે.

શારદાતનય, ભાવપ્રકાશનમાં 'મહિષી'નાં લક્ષણો નિરુપે છે જે ભરતમુનિ નિરુપિત 'મહાદેવી'ના લક્ષણોને મળતા આવે છે. શારદાતનયે 'મહાદેવી'ના લક્ષણો પણ નિરુપ્યાં છે.

શારદાતનયના મત પ્રમાણે મૂર્ધાભિષિકતા, સમાન શીલ તથા કુળવાળી, સપત્નિઓથી અનભિજ્ઞ, સહધર્મચારિણી, રાજાની સ્ત્રી મહિષી કહેવાય છે જ્યારે અંત:પુરની હિતસ્વી, સાધ્વી, શાન્તિ તથા સ્વસ્ત્યયનથી યુકત, ઈર્ષ્યા ન કરનારી, પતિના શીલ-સ્વભાવને જાણનારી, પતિવ્રતા રાજાની સ્ત્રી મહાદેવી કહેવાય છે. (અધિકાર ૧૦/શ્લોક ૨૯ અને ૩૦)

આમ ભરતમુનિ દ્વારા નિરુપિત 'મહાદેવી'ના લક્ષણોમાં શારદાતનયે કથિત 'મહિષી' તથા 'મહાદેવી' બંનેના લક્ષણોનો સમાવેશ થાય છે.

## દેવી

'દેવી' નાયિકાનાં લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' મહાદેવીના તમામ ગુણોથી યુકત પરંતુ તેના સંસ્કારોથી રહિત, પોતાના સૌભાગ્ય ઉપર ગર્વ કરનારી, પતિ સંભોગમાં તત્પર રહેનારી, પવિત્ર રહેનારી તથા નિત્ય શણગાર સજનારી, પતિ પક્ષાલ્પસુખકા અર્થાત્ પતિ પક્ષથી ઈર્ષ્યા કરનારી તથા રુપ અને ગુણવાળી દેવી કહેવાય છે.'' (શ્લોક ૩૬ તથા ૩૭)

'માલવિકાગ્નિમિત્ર'માં રાજા અગ્નિમિત્રની દ્વિતીય રાણી 'ઇરાવતી' દેવીનાં લક્ષણો ધરાવે છે. તે મહાદેવીના ગુણોથી યુકત પરંતુ સંસ્કારવિહીન, સંભોગમાં લીન, પોતાના સૌભાગ્ય ઉપર ગર્વ કરનારી, પ્રકૃત્યા માનિની, ઈર્ષ્યાળુ તેમજ ઉતાવળી છે. પતિના પ્રેમ ઉપર પૂર્ણ અધિકાર રાખવાની અભિલાષિણી છે. તે પોતાના યૌવન સૌંદર્યને વધારવા માટે પ્રયત્નશીલ રહે છે અને ઘણીવાર મદમત્ત અથવા મત્તથી ઉન્મત્ત જણાય છે. એટલેજ તે રાજા અને માલવિકાનો પ્રેમ વ્યવહાર છુપાઈને જુએ છે પણ થોડીવારમાંજ ઈર્ષ્યાને કારણે પ્રગટ થાય છે. રાજાનું મન પોતાના ઉપરથી ઉઠી ના જાય તે માટે રાણી ધારિણીને કહી માલવિકાને બન્દીગૃહમાં નાખે છે.

'ઇરાવતી'માં દેવીના લક્ષણો પ્રાપ્ત થતા હોવાથી તેને દેવી કહી શકાય.

'સ્વપ્નવાસવદત્તમ્'માં રાજા ઉદયનની દ્વિતીય પત્ની પદ્માવતી, 'અભિજ્ઞાન શાકુંતલ'માં રાજા દુષ્યન્તની મોટી રાણી વસુમતી, 'દેવી'ના લક્ષણો ધરાવે છે.

શારદાતનયના મત પ્રમાણે મહાદેવીના ગુણોથી યુક્ત, પણ તેના સંસ્કારોથી વંચિત, ગર્વિતા, રતિ-ક્રીડામાં તત્પર રહેનારી, મત્સર યુક્ત તથા રૂપ યૌવનથી સંપન્ન રાજાની રાણી 'દેવી'કહેવાય છે. (અધિકાર ૧૦ / શ્લોક ૩૧)

## સ્વામિની

'સ્વામિની'નાં લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'સેનાપતિ, અમાત્ય અથવા અન્ય રાજસેવકોની જે કન્યા ખુબ પ્રેમ અને સન્માનથી ઉછેરવામાં આવી હોય, જે પોતાના શીલ, રૂપ અને ગુણોને લીધે રાજાને પ્રિય થઇ પડે અને પોતાના ગુણોને લીધે ઉંચું પદ પ્રાપ્ત કરી લે છે તે સ્વામિની કહેવાય છે.''

(શ્લોક ૩૮ અને ૩૯)

'માલવિકાગ્નિમિત્ર'ની નાયિકા માલવિકામાં સ્વામિનીનાં લક્ષણો જોવા મળે છે. માલવિકા રાજા માધવસેનની નાની બહેન હોવાને લીધે દારિકા (કન્યા) રૂપે વર્ણવવામાં આવી છે. તે પ્રેમ અને સન્માનથી રાજાના અંતઃપુરમાં રાખવામાં આવે છે. તે પોતાના શીલ, રૂપ અને ગુણોને કારણે રાજાને પ્રિય થઇ પડે છે. તે નૃત્યકળામાં પારંગત છે. આ તમામ લક્ષણોને લીધે તેને સ્વામિની કહી શકાય.

## સ્થાપિતા

'સ્થાપિતા'ના લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'રૂપ અને યૌવનથી ભરેલી, કર્કશા, વિભ્રમથી યુક્ત, રતિ સંભોગમાં કુશળ, પતિપક્ષથી ઇર્ષ્યા કરનારી, પતિના ચિત્તને સમજનારી, દક્ષ, સદા સુગંધિત માળા તથા ઉજ્જવળ વેષ ધારણ કરનારી, રાજાની ઇચ્છા પ્રમાણે વર્તનારી, ઇર્ષ્યા અને માનથી ગર્વિત રહેનારી, ઉત્થિતા અર્થાત્ તત્પર રહેનારી, પ્રમત્તા અર્થાત્ મદથી યુક્ત, આલસ્યહીન, સદય, માન્ય અને અમાન્યનું વિશેષ જ્ઞાનવાળી સ્થાપિતા કહેવાય છે.

( શ્લોક ૪૦-૪૨ )

'માલવિકાગ્નિમિત્ર'માં અગ્નિમિત્રની દ્વિતીય રાણી ઇરાવતી રુપ, યૌવનથી ભરેલી, ઇર્ષ્યા અને માનથી ગર્વિત છે. દા.ત. ઇરાવતી જ્યારે રાજાને માલવિકા સાથે વાતચીત કરતાં જુએ છે તો ઇર્ષ્યા અને માનથી ગર્વિત થઇ રિસાઇ જાય છે. રાજા અનુનય વિનય કરી ક્ષમા યાચે છે પરંતુ ઇરાવતી કર્કશા હોવાને લીધે રાજાને શઠ કહી તેમનો તિરસ્કાર કરે છે અને કહે છે '' શઠ અવિશ્વસનીય હ્રદયોऽसि ॥ ''

આવા કઠોર સ્વભાવને કારણેજ રાજા તેને ચણ્ડી કહે છે. જ્યારે ઇરાવતી રાજા ઉપર મેખલાથી પ્રહાર કરવા ઇચ્છે છે ત્યારે રાજા વિદૂષકને કહે છે -

વાષ્પાસારા હેમકાંચીગુણેન શ્રોણિબિમ્બાદપ્યુપેક્ષાચ્યુતેન ।
ચણ્ડી ચણ્ડં હન્તુમભ્યુદ્યતા મા વિદ્યુદ્દામ્ના મેઘરાજીવ વિન્ધ્યમ્ ॥

એટલુંજ નહી રાજા ઇરાવતીના પગે પડે છે પરંતુ ઇર્ષ્યા અને માનથી ગર્વિત ઇરાવતી તેની દરકાર કર્યા વિના ત્યાંથી ચાલી જાય છે.

ઇરાવતી રાજાની ચિત્તની જ્ઞાતા છે. તે રાજાના ચલાયમાન મન વિશે પુર્ણપણે જાણકાર છે. તે જાણે છે કે કોઇ પણ સમયે રાજા કોઇ અન્ય સ્ત્રી ઉપર મુગ્ધ થઇ શકે છે.

ઇરાવતી પતિપક્ષથી ઇર્ષ્યા કરનારી છે. તે હંમેશા એવી શંકા સેવે છે કે એવું ન થાય કે તેનો પતિ કોઇ અન્ય સ્ત્રીને પ્રેમ કરવા માંડે. આજ કારણસર તે રાજા અને માલવિકા વચ્ચેનો પ્રેમાલાપ છુપાઇને જુએ છે અને જ્યારે તેનાથી સહન થતું નથી તો થોડીજ વારમાં ક્રોધિત થઇ રાજા આગળ પ્રગટ થાય છે.

ઇરાવતીનો ક્રોધ લાંબા સમય સુધી ટકનારો છે. વધારે સમય સુધી ક્રોધિત

રહેવાને લીધે અને પતિપક્ષથી ઇર્ષ્યા કરવાને લીધે તથા પતિના ચિત્તને સારી રીતે સમજતી હોવાને લીધે ઇરાવતી, માલવિકા તથા બકુલાવલિકાને બંધનમાં નાખે છે.

ઇરાવતી રતિસંભોગમાં અત્યંત ચતુર, મદમત્ત, મદથી ઉન્મત્ત તથા મદન સ્ત્રીનું ભુષણ સમજનારી, વિલાસી છે. તે માન્ય અમાન્યના જ્ઞાનવાળી છે. એટલેજ ક્રોધિત ઇરાવતી રાજાથી રુક્ષ વ્યવહાર કરવા છતાં દેવી ધારિણીની સામે રાજાનો આક્ષેપ(?) કરે છે. એટલુંજ નહિ રાજાને મનાવવા પણ જાય છે. તે નિપુણિકાને કહે છે કે - કેવળ તેમની સાથે શિષ્ટાચારનું પાલન ન કરી શકી તેના માટે આ ઉદ્યમ છે. ટૂંકમાં ઇરાવતીનાં લક્ષણો જોતાં જણાય છે કે ઇરાવતી તરુણી, પ્રકૃત્યા માનિની, ઉતાવળી, મદમત્ત, પતિના પ્રેમ ઉપર પુર્ણ અધિકાર રાખનારી છે. ભરતમુનિ ધ્વારા નિરુપિત સ્થાપિતા નાયિકાનાં લક્ષણો ધરાવતી હોવાથી તે સ્થાપિતા છે.

## ભોગિની

'ભોગિની'ના લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'' કુલ અને શીલના આધારે સમ્માન પ્રાપ્ત કરનારી, મૃદુ, અધિક ઉદ્ભટ નહીં", મધ્યમ વયવાળી, સન્તુષ્ટ અને શાન્ત (નાયિકા) ભોગિની કહેવાય છે.'' (શ્લોક ૪૩)

'માલવિકાગ્નિમિત્ર'માં અગ્નિમિત્ર પ્રથમ રાણી ધારિણી ભોગિની છે.'પ્રતિમાનાટક' માં રાજા દશરથની રાણી કૌશલ્યા અને સુમિત્રા પણ પોતાના કુળ અને શીલના આધારે સન્માન પ્રાપ્ત કરે છે. તે મૃદુ છે અને અધિક ઉદ્ભટ પણ નથી. સન્તુષ્ટ તથા શાન્ત સ્વભાવવાળી છે. આ બધી વિશેષતાઓને કારણે કૌશલ્યા અને સુમિત્રા' ભોગિનીઓછે.

શારદાતનયના મત પ્રમાણે નિત્ય શૃંગાર કરનારી, રુપ તથા ગુણોથી સંપન્ન, ભોગમાં પ્રવૃત્ત થતી વેળા સ્વયં સુરતમાં પ્રવૃત્ત થનારી, સપત્નીઓને સહન ન કરનારી રાણી ભોગિની કહેવાય છે. (ભા.પ્ર.અધિ.૧૦/૩૨)

## શિલ્પકારિકા

'શિલ્પકારિકા'ના લક્ષણો નિરુપતાં ભરતમુનિ વિધાન કરે છે કે -

'' વિવિધ પ્રકારની કળાઓના વિશેષજ્ઞ, અનેક પ્રકારના શિલ્પોમાં વિચક્ષણ, સુગંધિત પુષ્પોના વિભાગોને જાણનારી, લેખ્ય (પત્ર લખવામાં) અને આલેખ્ય (ચિત્રકળા) માં નિષ્ણાત, શય્યા અને આસનની રચનામાં ચતુર, મધુર આકૃતિવાળી, દક્ષા, સૌમ્યા અને સ્ફુટા અર્થાત્ વ્યક્ત અંગોવાળી, શ્લિષ્ટા અર્થાત્ સંતુલિત અંગોવાળી અને નિભૃતા અર્થાત્ સન્તુષ્ટ રહેનારી નાયિકા શિલ્પકારિકા હોય છે. (શ્લોક ૪૪ અને ૪૫)

'માલવિકાગ્નિમિત્ર'ની નાયિકા માલવિકા, શિલ્પ વિગેરે વિભિન્ન કળાઓની વિશેષજ્ઞ છે. એક સ્થળે તેને શિલ્પ શિક્ષાની અધિકારીણી કહેવામાં આવી છે. એક અન્ય સ્થળે વિદૂષક રાજાને કહે છે, ' મિત્ર કેવળ રુપથીજ નહીં પણ શિલ્પમાં પણ માલવિકા અદ્વિતીય છે.' માલવિકા મધુર આકૃતિવાળી દક્ષ અને સૌમ્ય છે. રાજા કહે છે કે સર્વ અવસ્થાઓમાં તેની રુપમાધુરી પ્રશંસનીય છે.

માલવિકા સ્ફુટ અંગોવાળી છે. રાજા તેના સૌંદર્યનું વર્ણન કરતાં કહે છે કે -

રાજા : 'ગોળ નિતંબ આગળ વિશાળ, કમરે-પાતળું, સ્તન પ્રદેશે ઉન્નત અને નયને વિસ્તૃત એવું આ મારું જીવનજ આવી રહયું છે.'' (અંક ૩/૭)

માલવિકાની પ્રિય સખી બકુલાવલિકા પણ વિભિન્ન કળાઓમાં તથા શિલ્પોમાં વિચક્ષણ હોવાથી પ્રસાધનકળામાં નિપુણ છે. બકુલાવલિકા રાજા અને રાણી બંનેની આજ્ઞાનું પાલન કરે છે. તે દક્ષ છે. માલવિકા અને રાજાના મેળાપ માટે પ્રયત્નો કરે છે અને પોતાની સખીના સુખદુ:ખમાં સહાયક રહે છે.

'માલવિકાગ્નિમિત્ર'માં બે અન્ય શિલ્પકારિકા કન્યા - મદનિકા અને જ્યોત્સ્નિકા-નો ઉલ્લેખ મળે છે. બંને સંગીતમાં શિક્ષિત, દક્ષ અને સૌમ્ય છે. દક્ષ હોવાને લીધેજ તે આર્યા કૌશિકાને ઓળખી કાઢે છે.

'મૃચ્છકટિક' પ્રકરણની નાયિકા 'વસન્તસેના'માં શિલ્પકારિકાનાં લક્ષણો મળી આવે છે.

વસન્તસેના અનેક કળાઓની મર્મજ્ઞ, અનેક શિલ્પમાં વિચક્ષણ, કળાકુશળ તથા બુધ્ધિમતી છે તે સુન્દરી, ઉજ્જયિની નાગરીનું ભુષણ છે. તે ઉદાર હૃદયા તથા ચિત્રરચનામાં કુશળ છે. આ ઉપરાંત તે દક્ષા, સૌમ્યા, સ્ફુટા અને શિલષ્ટા તેમજ નિપુણા છે.

શારદાતનયના મત પ્રમાણે વસ્ત્ર, અંગરાગ, આભુષણ, માલામાં શિલ્પ વિધાન કરનારી, વિચિત્ર સુરત-ક્રીડા કરનારી, પતિને વિચિત્રતા પ્રદાન કરનારી, શય્યા તથા આસનના શિલ્પને જાણનારી રાણી શિલ્પકારિકા કહેવાય છે. (ભા.પ્ર.૧૦/૩૬)

## નાટકીયા

'નાટકીયા'નો લક્ષણો ભરતમુનિ નીચે પ્રમાણે નિરુપે છે.

'ગ્રહ, મોક્ષ તથા લયને જાણનારી, રસ અને ભાવના નિરુપણમાં નિષ્ણાત, ચતુરા, નાટ્યમાં કુશળ, તર્ક અને વિતર્કમાં વિચક્ષણ તથા રુપ અને યૌવન સંપન્ન નાયિકા નાટકીયા કહેવાય છે.'' (શ્લોક ૪૬ અને ૪૭)

'માલવિકાગ્નિમિત્ર'ની માલવિકા નાટકીયા શ્રેણીમાં આવે છે. તે ગ્રહ, મોક્ષ તથા લયને જાણનારી, રસ અને ભાવના નિરુપણમાં નિષ્ણાંત તથા નાટ્યમાં કુશળ છે. માલવિકા રુપ અને યૌવનથી સંપન્ન છે. તેના સૌંદર્યનું વર્ણન કરતાં રાજા કહે છે કે માલવિકાનું સૌંદર્ય સર્વ અવસ્થાઓમાં નવું રુપ ધારણ કરે છે. રાજા માલવિકાને જોઇ વિદૂષકને કહે છે, '' ચિત્રમાં તેને જોઇ ત્યારે તેના સૌંદર્ય વિષે મારા હૃદયમાં શંકા હતી પણ હવે લાગે છે કે જેણે તેનું ચિત્ર દોર્યું તે ચિત્રકાર પુરતો એકાગ્ર ન હતો.''
(અંક ૨/૨)

શારદાતનયના મતે સુરત-મહેલમાં રાજાના ગીત ભાવને ગાનારી, પગના શૃંગારની ચેષ્ટાઓથી કામ-ભાવને વધારનારી, મુખ-પાઠથી નૃત્ય કરનારી રાણી 'નાટકીયા' કહેવાય છે. (ભા.પ્ર.૧૦/૩૪)

## નર્તકી

ભરતમુનિ જણાવે છે કે
નર્તકીનાં લક્ષણો નિરુપતાં કુશળ, સાત્વિક અભિનયથી સંપન્ન, માધુર્યથી યુક્ત, આતોદ્યમાં કુશળ, અંગ પ્રત્યંગથી સંપન્ન, ચોસઠ કળાઓમાં નિપુણ, સૌની સાથે સન્માનથી વર્તનારી, ચતુરા, સ્ત્રીદોષોથી રહિત, સદા પ્રગલ્ભા, આળસ ત્યજનારી, જિતશ્રમા-પરિશ્રમને જીતનારી, અનેક પ્રકારના શિલ્પ પ્રયોગોની જ્ઞાતા, નૃત્ત તથા ગીતમાં વિચક્ષણ, રુપ, ગુણ, ઔદાર્ય, ધૈર્ય, સૌભાગ્ય અને શીલથી સંપન્ન, પેશલ, મધુર, સ્નિગ્ધ, ચિત્રકંઠા, અર્થાત્ મધુર કંઠવાળી, રુપ, યૌવન, અને કાન્તિમાં કોઇ નારી તેની તોલે ન આવે એવી નાયિકા નર્તકી કહેવાય છે. (શ્લોક ૪૭ થી ૫૧)

માલવિકાગ્નિમિત્ર'ની નાયિકા માલવિકા, મૃચ્છકટિક પ્રકરણની નાયિકા વસન્તસેના કુશળ નર્તકી હોવાનાં અનેક પ્રમાણો મળી આવે છે.

પરિવ્રાજિકા: માલવિકાનું નર્તન અથવા નૃત્ય પ્રયોગ નિહાળી કહે છે -

ભાવસભર વચનોવાળાં અંગો વડે અર્થ સારી રીતે સુચવાતો હતો. પગના તાલ લય પ્રમાણે હતા. રસોમાં તન્મયતા હતી. હાથી મુદ્રાઓનો અભિનય સુકોમળ હતો. તેના અભિનયનાં જુદા જુદા ફેરફારોમાં એક ભાવ બીજા ભાવનું સ્થાન લેતો હતો. છતાં રસમયતા તેની તેજ હતી. (અંક ૨/૮)

## અનુચારિકા

'અનુચારિકા'ના લક્ષણો નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

''સર્વ અવસ્થા તથા ઉપચારોમાં જે રાજાનો સાથ છોડતી નથી, દક્ષિણા આપવામાં જે દક્ષ હોય છે તે નાયિકા નાટકોમાં અનુચારિકા હોય છે. (શ્લોક ૫૨)

'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં અગ્નિમિત્રની પ્રથમ રાણી ધારિણી અનુચારિકા નાયિકાનાં લક્ષણો ધરાવે છે. તે સર્વ અવસ્થાઓ તથા ઉપચારોમાં રાજાને સાથ આપે છે. તે દક્ષિણા આપવામાં પણ દક્ષ છે. જે દિવસથી રાજકુમાર વસુમિત્ર, યજ્ઞાશ્વના રક્ષણનો ભાર માથે લે છે તે દિવસથી મહારાણી ધારિણી વસુમિત્રના કલ્યાણ અર્થે સુવર્ણનું દાન કરે છે.

'<u>પ્રતિમાનાટક</u>'માં રાજા દશરથની પત્ની કૌશલ્યા પણ અનુચારિકા નાયિકા જેવા લક્ષણો ધરાવે છે. સર્વ અવસ્થાઓમાં તે રાજાને સાથ આપે છે. રામ વનવાસ માટે સિધાવે છે ત્યારે પુત્રશોક હૃદયમાં દાબી દઇ ને રાજા દશરથને આશ્વાસન આપે છે અને તેમની સેવા કરે છે.

આમ ધારિણી અને કૌશલ્યા 'અનુચારિકા' પ્રકારની નાયિકાઓ છે.

શારદાતનયના મત પ્રમાણે અનુચારિકા એ નાયિકા ભેદ નથી પણ રાજાની સર્વ અવસ્થાઓમાં અવિયુક્ત થઇ વિચરણ કરનારી અન્ય સ્ત્રીપાત્ર છે. અનુચારિકાઓના વિવિધ ભેદ નિરુપતાં શારદાતનય રાજભવનના વિવિધ ખંડોની અધિષ્ઠાત્રિઓ, ઉપવનની અધિષ્ઠાત્રિઓ, તથા દેવતા, યજ્ઞ, ક્રીડા, મહલ અને પ્રસાદની અધિષ્ઠાત્રિઓને અનુચારિકાઓ તરીકે ઓળખાવે છે. (ભા.પ્ર. ૧૦/ ૨૪)

<u>પરિચારિકા</u>

'પરિચારિકા'ના લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે - .

'શય્યાપાલી અર્થાત્ શય્યા સજાવનારી, છત્રધારી, વ્યજનધારિણી, અર્થાત ચામર ધરનારી, સંવાહિકા અર્થાત્ પગચંપી કરનારી, સુગંધિત દ્રવ્યો વડે શરીરને માલિસ કરનારી, પ્રસાધિકા અર્થાત્ પ્રસાધન કરનારી, આભરણ પહેરાવનારી, પુષ્પમાળાઓથી સજાવનારી પરિચારિકા સમજવી.'' (શ્લોક ૫૩ થી ૫૪)

ભરતમુનિ નિરુપિત પરિચારિકાઓનો ઉલ્લેખ અનેક સંસ્કૃત નાટકોમાં મળી આવે છે.

'<u>માલવિકાગ્નિમિત્ર</u>' માં ઇરાવતીની દાસી પરિચારિકા ચન્દ્રિકા, પંડિત કૌશિકીની પરિચારિકા સમાહિતિકા તથા રમણીયા, જ્યોત્સ્નિકા વિગેરે પરિચારિકાઓનો ઉલ્લેખ મળે છે.

'<u>પ્રતિમાનાટક</u>'માં સીતાની પરિચારિકા માટે ચેટી અને કૈકેયીની પરિચારિકા માટે નન્દિનિકા શબ્દનો ઉલ્લેખ થયો છે.

'મૃચ્છકટિક' પ્રકરણમાં ચારુદત્તની પરિચારિકા રદનિકા અને વસન્ત સેનાની પરિચારિકા છત્રધારિણીનો ઉલ્લેખ મળે છે. મૃચ્છકટિકમાં વસન્ત સેનાની પરિચારિકા દાસી મદનિકા ચામર ઢાળે છે.

'માલતીમાધવ' પ્રકરણમાં પરિચારિકા મન્દારિકાનો ઉલ્લેખ મળે છે.

ધૂર્તવિટસંવાદ, વિગેરે ભાણમાં વિટના મુખે વિવિધ પરિચારિકાઓનાં વર્ણન પણ મળે છે. ભરતમુનિ નિરુપિત પરિચારિકાનાં લક્ષણો વિવિધ ભાણમાં મુખ્યપણે મળે છે. પાદતાડિકતમ્ ભાણમાં ભર્તૃ સ્વામીની ચામરધારિણી કુટંગદાસ, યમુના- યમુનાની ચામર ગ્રાહિણી મદયન્તીનો ઉલ્લેખ પણ મળે છે. 'પદ્મપ્રાભૃતકમ્'માં પ્રિયંગુષ્ટિકા પરિચારિકાનાં લક્ષણો ધરાવે છે. તે પ્રસાધન કરે છે, આભરણ પહેરાવે છે તથા પુષ્પમાળાથી શણગારે છે.

શારદાતનયે પરિચારિકાને નાયિકાનો ભેદ ન માનતા સ્વતંત્ર સ્ત્રીપાત્ર માન્યું છે અને તેના શય્યાપાલી, છત્રપાલી, ચામરધારિણી, સંવાહિકા ગન્ધ યોક્ત્રી, માલયોક્ત્રી તથા આભરણયોક્ત્રી એવા ભેદ પાડયા છે. (ભા.પ્ર.૧૦/૨૪)

### મહત્તરી

'મહત્તરી'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે –

'સમસ્ત અન્ત:પુરની રક્ષા કરનારી, સ્તુતિ અને માંગલિક કાર્યોમાં ભાગ લેનારી, સદાય રાણીવાસની વૃધ્ધિની કામના કરનારી મહત્તરી કહેવાય છે.'' (શ્લોક ૫૮)

'માલવિકાગ્નિમિત્ર'ની દેવી ધારિણીમાં 'મહત્તરી'ના લક્ષણો જોવા મળે છે. ધારિણી અન્ત:પુરની રક્ષા કરનારી છે. વિદૂષકને સાપ કરડયો છે એ વાત જાણી તે ચિંતિત થાય છે. તે હંમેશા સ્તુતિ અને માંગલિક કાર્યોમાં પરોવાયેલી રહે છે, પુજા કરે છે. રાણીવાસની વૃધ્ધિની કામના કરે છે.

શારદાતનયના મત પ્રમાણે પ્રેમપુર્વક અંત:પુરમાં વાસ કરનારી, નિત્ય આશીર્વાદ, સ્વસ્ત્યયન વિગેરેથી રાણીઓની કુશળતા પુછનારી મહત્તરી કહેવાય છે.

(ભા.પ્ર. ૧૦/૩૯)

## પ્રતિહારી

'પ્રતિહારી'નું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'સન્ધિ અને વિગ્રહ સંબંધિત વાતોને જાણનારી, રાજાની સન્મુખ કાર્યો નિવેદિત કરનારી પ્રતિહારી કહેવાય છે.' (શ્લોક ૫૯)

સંસ્કૃત નાટકોમાં પ્રતિહારીનો ઉલ્લેખ મળે છે. 'અભિજ્ઞાન-શાકુન્તલ'માં વેત્રવતી, 'માલવિકાગ્નિમિત્ર'માં જયસેના, 'મુદ્રારાક્ષસ'માં શોણોત્તરા, સ્વપ્નવાસવદત્તમ', પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' અને પ્રતિમા નાટકમાં વિજયા નામની પ્રતિહારીઓનો ઉલ્લેખ મળે છે.

'અભિજ્ઞાન શાકુન્તલ'માં વર્ણિત પ્રતિહારી વેત્રવતી રાજા દુષ્યન્તના પ્રત્યેક પ્રકારના કાર્યોને અહીંથી તહીં લઇ જાય છે. તે રાજાને માર્ગ બતાવે છે. શયનકક્ષ સુધી લઇ જાય છે. રાજાની સન્મુખ કાર્યો નિવેદિત પણ કરે છે તથા રાજાની આજ્ઞા શિરોધાર્ય લેખે છે.

શારદાતનયના મત પ્રમાણે રાજા ધ્વારા સર્વદા સમસ્ત અંતઃપુરની રક્ષા માટે સ્ત્રીઓની નિયુક્તિ થવી જોઇએ, જે પાંચ વર્ષથી વધારે અને દસ વર્ષથી ઓછા આયુવાળી કુમારી સ્ત્રીઓ હોય. આ કુમારીઓ પ્રતિહારી કહેવાય છે. સુખદુઃખમાં સાથે રહેનારી પ્રતીહારી સદા કુમારીઓ સાથે અન્તઃપુરના વૃતાન્તોનું નિવેદન કરે છે. (ભા.પ્ર.૧૦/૪૦)

## સંચારિકા

'સંચારિકા'નાં લક્ષણો ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

'રાજભવનના અનેક ખંડમાં અહીં-તહીં જનારી, ઉપવનમાં ફરનારી, મંદિર તથા કીડા પ્રાસાદમાં સેવા કરનારી, યામકિની અર્થાત સમયની સુચના આપનારી અથવા પ્રહર બદલાતાં બદલાઇ જનારી સંચારિકા સમજવી.'' (શ્લોક ૫૫/૫૬)

'માલવિકાગ્નિમિત્ર'માં ઉધાન પાલિકા મધુરિકા સંચારિકાનાં લક્ષણો ધરાવે છે. તે રાજભવનના અનેક ખંડોમાં અહીં તહીં જનારી, ઉધાનમાં ઘુમનારી, ઉધાનમાં અશોકવનની સુચના આપનારી છે.

'માલતી માધવ' પ્રકરણ તથા શૃંગારનારદીય પ્રહસનમાં 'સંચારિણી' શબ્દ પ્રયોજાયેલો છે.

## પ્રેક્ષણ કારિકા

'પ્રેક્ષણકારિકા' નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

'રાજા દ્વારા પ્રેક્ષણકામમાં તથા ગુઢ વાતમાં/કાર્યમાં જે નિયોજિત થાય છે તે પ્રેક્ષણકારિકા સમજવી.' (શ્લોક ૫૭)

'માલવિકાગ્નિમિત્ર' ની જયસેના, રાજા અગ્નિમિત્ર દ્વારા પ્રેક્ષણકાર્ય તથા ગુઢ કાર્યમાં સહાયક બને છે.

'અભિજ્ઞાન શાકુંતલ' ની વેત્રવતી, રાજા દુષ્યન્ત દ્વારા પ્રેક્ષણકાર્યો તથા ગુઢ કાર્યમાં નિયોજિત થાય છે.

આમ જયસેના અને વેત્રવતી પ્રેક્ષણકારિકાઓ છે.

શારદાતનયના મત પ્રમાણે જે સ્ત્રીઓ કામ, ઉપભોગ, સંભોગ, ગુહ્યાગુહ્ય કાર્યમાં રાજા દ્વારા નિયુક્ત થાય છે તે 'પ્રેક્ષણિકા' કહેવાય છે. (ભા.પ્ર.૧૦/૩૮)

## કુમારી

ભરતમુનિના મત પ્રમાણે 'કુમારી નાયિકાનાં લક્ષણો આ પ્રમાણે છે.

'અપ્રાપ્ત રસસંભોગ અર્થાત સંભોગજન્ય સુખની જેને પ્રાપ્તિ થઇ નથી, જે ઉદ્ભટ, અને સંભ્રાન્ત નથી, જે સન્તુષ્ટ અને લજ્જાથી યુક્ત હોય છે તે કુમારી કહેવાય છે.''
(શ્લોક ૬૦)

'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકમાં આરંભમાં શકુન્તલા' કુમારી નાયિકા' રુપે રજુ થાય છે. તે કણ્વ ઋષિની દુહિતા, તપસ્વી કન્યા છે. સંભોગ રસને પ્રાપ્ત કર્યો ન હોવાથી મુગ્ધા છે. રાજા દુષ્યન્તને જોઇને તેના મનમાં તપોવન વિરુધ્ધ માનસિક વિકાર ઉત્પન્ન થાય છે. તે શૃંગાર લજ્જાનો અભિનય કરે છે. તે ઉદ્ભટ અને સંભ્રાન્ત પણ નથી. રાજા

દુષ્યન્ત પાસે બેસવા જાય છે ત્યારે ત્યાંથી ખસી જાય છે. રાજા તેને પકડે છે ત્યારે તે ત્યાંથી જવા ચાહે છે.

શારદાતનયના મત પ્રમાણે અનુત્પન્ન રતિ-સંભોગવાળી, શાન્ત, લજ્જાશીલ, અંત:પુરમાં વિહાર કરનારી, કુલીન, 'કુમારી' કહેવાય છે. રાજાના અંત:પુરની વધુઓ ધ્વારા તેનું લાલન પાલન થવું જોઈએ. આમ શારદાતનય 'કુમારી'ને નાયિકાભેદ ન માનતા, પાત્રભેદ માને છે. (ભા.પ્ર.૧૦/૪૧)

## સ્થવિરા

સ્થવિરા (વૃધ્ધા)નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ કહે છે -

'' જે પુર્વના રાજાના સભાની નીતિ જાણે છે, પહેલાના રાજા જેની પુજા કરે છે અને પુર્વે જે રાજાની સાથે રહી હોય તે સ્થવિરા (વૃધ્ધા) કહેવાય છે.)

(શ્લોક ૬૧ )

'માલવિકાગ્નિમિત્ર'ની પંડિત કૌશિકી (પરિવ્રાજિકા)માં સ્થવિરાનાં લક્ષણો જોવા મળે છે. તે રાજાને પહેલેથી જાણે છે. પુર્વના રાજાઓ ધ્વારા પુજિત છે, સાથે સાથે પુર્વના રાજાઓની અનુચરિતા છે. રાજા અગ્નિમિત્ર તેનો આદર કરે છે. સાથે સાથે તે દેવી ધારિણીના આદરના પાત્ર પણ છે. રાજાની સામે જયારે તે આવે છે ત્યારે રાજા કહે છે, 'ભગવતી અભિવાદન કરું છું - ભગવતિ અભિવાદયે ।'' રાજા અગ્નિમિત્ર સર્વપ્રથમ પરિવ્રાજિકાને પ્રણામ કરે છે. રાજા પરિવ્રાજિકાને વિદુષી કહે છે. એક અન્ય સ્થળે રાજા, હરદત્ત અને ગણદાસ વચ્ચે જ્ઞાનની ઉત્કૃષ્ટતા વિષયક વાદવિવાદ ઉભો થવાથી પરિવ્રાજિકાને વિદુષી સમજી નિર્ણાયક તરીકે નીમે છે. પરિવ્રાજિકા અનેક પ્રકારનું જ્ઞાન ધરાવે છે. સર્પદંશના કારણે ચઢેલા વિષને ઉતારવાનો ઉપચાર તે જાણે છે. તે પ્રસાધનકળામાં નિપુણ છે. માલવિકાનું તે પ્રસાધન કરે છે.

'અનર્ઘરાઘવ'માં સ્થવિરદાસી એવો શબ્દ પ્રયોગ થયેલો જોવા મળે છે. નાગાનન્દ નાટક, 'લીલાવિલાસ' પ્રહસનમાં વૃધ્ધા શબ્દનો ઉલ્લેખ મળે છે.

શારદાતનયના મત પ્રમાણે 'વૃધ્ધા' નાયિકા-ભેદ નહીં પણ પાત્રભેદ છે. પુર્વજ રાજાઓની નીતિ જાણનારી, પુર્વજો દ્વારા ક્રમશઃ સન્માનિત તથા પુર્વજ રાજાઓના ઉપચાર જાણનારી સ્ત્રીઓ વૃધ્ધા કહેવાય છે. હાસ્યાસ્પદ વાકયોની સાથે વિચિત્ર કથાઓ કહી તે અંતઃપુર વાસિની સ્ત્રીઓનું મનોરંજન કરે છે.

(ભા.પ્ર.અધિકાર ૧૦ / શ્લોક ૪૨)

## આયુકિતકા

'આયુકિતા'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ કહે છે -

'ભણ્ડારની અધિકૃતા, શસ્ત્ર લઇને ચાલનારી, ફળ, મુળ અને ઔષધિની પરીક્ષા કરનારી, ગન્ધ, આભરણ, વસ્ત્ર તથા માળાની ચિન્તા કરનારી તથા આ પ્રકારનાં ઘણાં કાર્યો કરનારી આયુકિતા કહેવાય છે.'' (શ્લોક ૬૨-૬૩)

શારદાતનયના મત પ્રમાણે ફળ-મુળ, ઔષધિ, માલા-ગન્ધ, આભુષણ, વસ્ત્ર, ભાણ્ડ, આયુધ, આસનની વ્યવસ્થા માટે નિયુકત આઠ પ્રકારની સ્ત્રીઓ આયુકિતા કહેવાય છે. અંન્તઃપુરમાં રહેનારી આયુકિતકાઓ આવાં કાર્યો માટે નિયુકત થવી જોઇએ. આમ શારદાતનયના મતે આયુકિતકા નાયિકાભેદ નથી પણ પાત્ર-ભેદ છે. (ભા.પ્ર.૧૦/૪૩)

## રુપકોમાં નાયિકાભેદ

દશરુપક વિધાન'માં ભરતમુનિએ તેમજ અન્ય આચાર્યોએ વિવિધ પ્રકારના રુપકોમાં કઇ પ્રકારની નાયિકા હોઇ શકે તે વિશે ચર્ચા કરી છે તેનો અત્રે સમાવેશ કરવામાં આવ્યો છે.

## 'નાટક'માં નાયિકા

ભરતમુનિએ નાટકના વિવરણમાં સ્પષ્ટપણે નાયિકાનો પ્રકારવિશેષ વર્ણવ્યો નથી પણ જાતિગત અને શીલગત આધાર પર કરેલા નાયિકાભેદના વિધાનના આધારે નાટકમાં ઉદાત્તગુણ સંપન્ન સ્ત્રીને નાયિકારુપે સ્વીકારી હોવાનું જણાય છે. નાટકમાં પ્રખ્યાત વૃત્ત હોય છે એટલે નાયિકામાં પણ ઐતિહાસિક સંસ્પર્શ સ્વાભાવિકપણે રહેલો હોય છે

'પ્રકરણ'માં નાયિકા

ભરતમુનિના કથન અનુસાર પ્રકરણમાં સ્ત્રી-પાત્રોમાં વેશ્યા પ્રધાન હોય છે અને કયારેક કુલાંગના પણ. પરંતુ સચિવ, અમાત્ય, સાર્થવાહ તેમજ પુરોહિત જેવા વિશિષ્ટ અને સંભ્રાન્ત પાત્રોની હાજરીમાં પારિવારિક કથાનો ક્રમ ચાલી રહેલો હોય ત્યારે વેશ્યાની ઉપસ્થિતિનો નિષેધ કરવામાં આવ્યો છે. એટલુંજ નહીં એકજ દૃશ્યમાં વેશ્યા તથા કુળસ્ત્રીનો એકી સમયે પ્રયોગ સર્વથા નિષિધ્ધ છે. (અધ્યાય ૨૦/ શ્લોક ૫૪ થી ૫૬) જો કારણવશ વેશ્યા તથા કુલાંગનાનું મિલન આવશ્યક હોય તો તેવા દૃશ્યમાં તેમના વ્યવહારને ઉચિત ભાષા તેમના પાઠ્યમાં પ્રયોજવી જોઇએ. (શ્લોક ૫૭)

દશરુપકકારે પ્રકરણમાં નાયિકા બે પ્રકારની માની છે. કુલીન અને ગણિકા. કોઇ પ્રકરણમાં માત્ર કુલીન સ્ત્રી નાયિકા હોય છે તો કોઇ પ્રકરણમાં માત્ર વેશ્યા. કોઇ પ્રકરણમાં એક સાથે કુલસ્ત્રી અને ગણિકા બંને નાયિકા રુપે આવી શકે છે. કુલસ્ત્રી આભ્યન્તર નાયિકા હોય છે વેશ્યા બાહ્યા નાયિકા હોય છે. (૩/૪૧-૪૨)

મૃચ્છકટિક પ્રકરણમાં વસંતસેના નામની ગણિકા નાયિકા છે. પ્રકરણના અંત ભાગમાંજ કુલીન ધૂતાનું વસંતસેના સાથે વધૂ રુપે મિલન થાય છે. ચારુદત્ત તથા વસન્તસેનાનું મિલન કાંતો એકાંત ઉપવનમાં યોજાય છે અથવા રાત્રિમાં.

ઇહામૃગમાં નાયિકા

ભરતમુનિ, ધનંજય, વિશ્વનાથ, રામચન્દ્ર-ગુણચંદ્ર વિગેરે આચાર્યોના મત પ્રમાણે ઇહામૃગની નાયિકા દિવ્ય સ્ત્રી હોય છે.

વ્યાયોગમાં નાયિકા

ભરતમુનિએ વ્યાયોગમાં સ્ત્રી પાત્રો ઓછાં રાખવાનું સુચવ્યું છે. (૨૦/૯૧) દશરુપકકારે, નાટ્યદર્પણકારે, સાહિત્યદર્પણકારે પણ વ્યાયોગમાં સ્ત્રીપાત્રોની સંખ્યા અતિ અલ્પ રાખવાનું જણાવ્યું છે. નાટ્યદર્પણકારના મતે વ્યાયોગમાં નાયિકા હોતી નથી. વ્યાયોગમાં ચેટીનો નિષેધ નથી.

'અંક'માં નાયિકા

ભરતમુનિ, નાટ્યદર્પણકાર, સાહિત્યદર્પણકાર, ભાવપ્રકાશનકારે અંકમાં શોકગ્રસ્ત નારીઓનો વિલાપ કેન્દ્રસ્થાને હોવાનું જણાવ્યું છે પણ કયા પ્રકારની નાયિકા હોવી જોઇએ તેનો નિર્દેશ કર્યો નથી.

'ભાણ'માં નાયિકા

દશરુપકકારના મતે ભાણમાં વેશ્યાઓનું વર્ણન હોય છે. નાટ્યદર્પણકારના મતે વિટ અથવા ધૂર્ત નાયક, વેશ્યાદિની સ્થિતિનું આકાશભાષિત ધ્વારા વર્ણન કરે છે. ભાણ એક નટ ધ્વારા રજુ થતો રુપકપ્રકાર હોવાથી તેમાં કોઇ નાયિકા રંગમંચ ઉપર આવતી નથી.

'પ્રહસન'માં નાયિકા

ભરતમુનિ, નાટ્યદર્પણકારના મતે પ્રહસનમાં બન્ધકી અને વેશ્યા બન્ને નાયિકાઓ હોય છે. દશરુપકકારના મતે પ્રહસનમાં નોકરાણી કે ચેટી નાયિકા હોય છે.
(૩/૫૪)

નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં વીથી, ડિમ તથા સમવકારમાં કેવા પ્રકારની નાયિકા હોવી જોઇએ તેનો નિર્દેશ નથી.

પશ્ચાદ્ગામી આચાર્યો ધ્વારા નિરુપિત
નાયિકાભેદ

નાયિકાભેદ સંબંધી વિચારણા ધનંજય, શારદાતનય, રામચન્દ્ર-ગુણચન્દ્ર શિંગભૂપાલ તથા વિશ્વનાથ વિગેરે ભરતમુનિના પશ્ચાદ્ગામી આચાર્યો પણ કરી છે, જેના ઉપર ભરતમુનિની વિચારણાનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે.

રામચંદ્ર-ગુણચંદ્રને બાદ કરતાં બીજા બધા આચાર્યોની નાયિકાભેદ સંબંધી વિચારણામાં સામ્ય જોવા મળે છે. દશરુપકકારે નવવયોમુગ્ધા અને કામમુગ્ધા વિગેરે ભેદોની કલ્પના કરી છે તો સાહિત્યદર્પણકારે 'પ્રથમાવતીર્ણ મદન વિકારા' અને

'પ્રથમાવતીર્ણ યૌવના' વિગેરે નવા ભેદો કલ્પ્યા છે. પરંતુ સ્વીયા, અન્યા અને સાધારણી આ ત્રણે પ્રધાન ભેદો સંબંધી આચાર્યોનો વિચારણાં સમાન છે. નવીન આચાર્યોની દૃષ્ટિએ નાયિકાભેદ નવા આધારો આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | પતિના પ્રેમ અનુસાર | - | જ્યેષ્ઠા, કનિષ્ઠા |
| (૨) | વય અનુસાર | - | મુગ્ધા, મધ્યા, પ્રગલ્ભા |
| (૩) | માન અનુસાર | - | ધીરા, અધીરા, ધીરાધીરા |
| (૪) | મનોદશા અનુસાર | - | અન્યસુરતિ, દુઃખીતા, ગર્વિતા |
| (૫) | અવસ્થા અનુસાર | - | પ્રોષિત પતિકા વિગેરે |
| (૬) | પ્રકૃતિ અથવા ગુણ અનુસાર | - | ઉત્તમા, મધ્યમા અને અધમા વિગેરે |
| (૭) | આચરણ અનુસાર | - | સ્વીયા, અન્યા |

## સ્વીયા

સ્વીયા એ નાયકની વિધિવત્ વિવાહિત પત્ની હોય છે. શીલવતી, સલજ્જ, પતિવ્રતા, અકુટિલ, પતિપ્રેમપરાયણ અને વ્યવહારનિપુણ હોય છે. (દશરૂપક, સાહિત્યદર્પણ, ભાવપ્રકાશન, નાટ્યદર્પણ) ભરતમુનિએ દિવ્યા, નૃપપત્ની અને કુલજા- આ ત્રણ ભેદ સ્વીકાર્યા છે. આ ત્રણે ભેદોનું સંક્ષિપ્તીકરણ સ્વીયામાં થયું છે. રામની પત્ની સીતા સ્વીયા નાયિકા છે.

સ્વીયા નાયિકાના ત્રણ પ્રધાન ભેદ બધા આચાર્યોએ સ્વીકાર્યા છે. (૧) મુગ્ધા (૨) મધ્યા તથા (૩) પ્રગલ્ભા.

### (અ) મુગ્ધા

મુગ્ધા નાયિકા અવસ્થા તથા કામવાસના બંનેમાં નવીન હોય છે. તે રતિને અનુકુળ હોતી નથી અને કોપમાં કોમળતાનો ત્યાગ નથી કરતી.

### (બ) મધ્યા

મધ્યા નાયિકામાં યૌવન અને કામવાસના બંનેનો ઉદય થઇ ચુકયો હોય છે તથા સુરતક્રીડાને મોહના અન્ત સુધી સહન કરી શકે છે.

## (ક) પ્રગલ્ભા

પ્રગલ્ભા નાયિકા યૌવનના પ્રવાહમાં ડૂબેલી રહી કામોન્મત્ત બનેલી રહે છે. કામવ્યવહારમાં નિર્લજ્જ હોય છે અને પતિ સાથે રતિક્રીડામાં ભાનસાન ગુમાવી લીન થઇ જાય છે.

સ્વીયાના બે ભેદ મધ્યા અને પ્રગલ્ભાના ધીરા, અધીરા અને ધીરાધીરા આ ત્રણ પ્રભેદોની પણ કલ્પના કરવામાં આવી છે. ધીરા વ્યંગ્યપૂર્ણ વચનો વડે રોષ પ્રગટ કરે છે. અધીરા કઠોરપૂર્ણ વચનો વડે પ્રિયને ધમકાવે છે અને ધીરાધીરા રડીને પોતાનો ક્ષોભ અને રોષ પ્રગટ કરે છે. મધ્યા અને પ્રગલ્ભાના આ છ ભેદોના પુન:જ્યેષ્ઠા અને કનિષ્ઠા આ અન્ય બે ભેદ પડે છે. આ પ્રમાણે સ્વીયાના બાર ભેદ થાય છે. આ આચાર્યોના મત પ્રમાણે ભરતમુનિએ સ્વીયાના-સ્થાનીય કુલજાના ઉદાત્ત અને નિભૃત આ બે ભેદ સ્વીકાર્યા છે અને નૃપપત્નીના ઉદાત્ત, લલિત, ધીર અને નિભૃત આ ચાર ભેદ સ્વીકાર્યા છે.

## પરકીયા

પરકીયા નાયકની પોતાની પત્ની હોતી નથી. તે કાં તો કોઇ અન્ય વ્યક્તિની પત્ની હોય છે અથવા અવિવાહિત કન્યા પણ. જેમ કે 'માલતી માધવ'માં માલતી તથા રત્નાવલીમાં સાગરિકા કન્યા-પરકીયા નાયિકાઓ છે. ભરતમુનિએ નાયિકાભેદ અંતર્ગત પરકીયાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી કર્યો. પણ રાજાના અંત:પુરમાં કામવ્યાપારના સંદર્ભમાં 'પ્રચ્છન્ન કામિત' રાજાનો પ્રણય વ્યાપાર નિરુપતી વેળા અંત:પુરમાં રહેનારી વિવાહિત અવિવાહિત, અવરુદ્ધ ગણિકા, કન્યકા અને પ્રેષ્યા સાથેના રાજાનો પ્રણય સ્વીકાર્યો છે. આ પ્રચ્છન્ન પ્રેમ તથા રાજાના પ્રચ્છન્ન કામિનીઓને ભરતમુનિએ નાયિકાનો દરજ્જો આપ્યો નથી. દશરુપકકારે પરકીયાનો ઉલ્લેખ કર્યો છે પણ નાટ્યની નાયિકા રુપે નિષેધ કર્યો છે. રામચંદ્ર-ગુણચંદ્રે નાયિકાભેદમાં પરકીયાનો ઉલ્લેખજ કર્યો નથી.

## સાધારણી (વેશ્યા)

ભરતમુનિએ વેશ્યાનો નાયિકારુપે સ્વીકાર કર્યો છે. સાધારણી વેશ્યા હોય છે અને પ્રકરણની નાયિકા હોય છે. નાટ્યદર્પણકારે સાધારણીના સ્થાને 'પણ્યકામિની' નો ઉલ્લેખ કર્યો છે અને રસાર્ણવસુધાકરે અનુરક્તા અને વિરક્તા આ બે ભેદોનો પણ ઉલ્લેખ કર્યો છે. કારણ કે વિરક્તતાનો પ્રયોગ શૃંગાર રસના આવિર્ભાવમાં કદાપિ થઇ શકતો નથી એટલે તે પ્રહસનની નાયિકા બની શકે છે પ્રકરણની નહીં. પ્રકરણની નાયિકા વેશ્યા હોય તો તે અનુરાગિની હોવી જરુરી છે. મૃચ્છકટિક પ્રકરણની વેશ્યા નાયિકા વસંતસેના તથા વિક્રમોર્વશીય નાટકની દિવ્યા વેશ્યા ઉર્વશી અનુરાગવતી છે વિરક્તા નહીં. સાધારણી અથવા વેશ્યાના અનુરક્તા અને વિરક્તા આ બે ભેદોનો ઉલ્લેખ બે સ્વરુપોમાં નાટ્યશાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. આચરણની માપદંડની દૃષ્ટિએ ભરતમુનિએ 'આભ્યન્તર નાયિકા' ઉપરાંત બાહ્યા અને બાહ્યઆભ્યન્તરા આ બે ભેદોનો પણ ઉલ્લેખ કર્યો છે. બાહ્યા તો વેશ્યા હોય છે પણ બાહ્યાભ્યન્તરા વેશ્યા હોવા છતાં કુલશીલા નારી હોય છે અર્થાત એકજ પ્રિયતમને પોતાનો પ્રેમ સર્વસ્વ અર્પણ કરે છે. આ બાહ્યાભ્યન્તરાજ શિંગભૂપાલની અનુરક્તા નાયિકા સાથે સામ્ય ધરાવે છે અને બાહ્યા તો વિરક્તા વેશ્યાજ હોય છે. 'વૈશિક ઉપચાર' અધ્યાયમાં પુરુષ દ્વારા વિભિન્ન પ્રકારની નારીઓના પ્રસાદનના સંદર્ભમાં ભરતમુનિએ અનુરક્તા અને વિરક્તા ભેદોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

પશ્ચાદ્‌ગામી આચાર્યોની નાયિકાભેદ સંબંધી પરિકલ્પના રસાભિનિવેશિની છે નાટ્યોન્મુખી નહીં પણ ભરતમુનિનું પાત્રવિધાન સર્વથા નાટ્યોપયોગી છે એમ કહી શકાય.